અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ મે ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ ૧૩ | અંક : ૩૨૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ૧૬ વર્ષમાં પહેલી વખત આવું બન્યું

# ભારતમાં આઠ દિવસ વહેલું પહોંચ્યું ચોમાસું, કેરળમાં શરૂ થયો વરસાદ

## ઓછા દબાણવાળા વિસ્તાર અને આગળ વધતા ચોમાસાની સિસ્ટમના કારણે ગત બે દિવસમાં કેરળના અનેક ભાગમાં ભારે વરસાદ પણ નોંધાયો હતો



। (એજન્સી) થિરૂવનંતપૂરમ, તા.૨૪ ।

હવામાન વિભાગના અહેવાલ અનુસાર કેરળમાં આજે સત્તાવાર રીતે ચોમાસાની એન્ટ્રી થઈ ચૂકી છે. જે તેના નક્કી સમય એટલે કે ૧ જૂનથી આશરે એક અઠવાડિયા વહેલું કેરળ આવી પહોંચ્યું છે. આ સાથે ૧૬ વર્ષમાં પહેલીવાર કેરળમાં ચોમાસાનું આગમન વહેલું થયું છે. આગામી સાત દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ચોમાસાના આગમન માટે તમામ અનુકૂળ પરિસ્થિતિઓ બની હતી. ઓછા દબાણવાળા વિસ્તાર અને આગળ વધતા ચોમાસાની સિસ્ટમના કારણે ગત બે દિવસમાં કેરળના અનેક ભાગમાં ભારે વરસાદ પણ નોંધાયો હતો. આ પહેલાં ૨૦૦૯ અને ૨૦૦૧માં આટલું વહેલા ચોમાસું આવ્યું હતું, જ્યારે તે ૨૩ મેના દિવસે રાજ્યમાં પહોંચ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યાનુસાર કેરળમાં ચોમાસાના આગમનની સામાન્ય તારીખ ૧ જૂન છે. જો કે, આઠ દિવસ પહેલાં જ ચોમાસાનું આગમન થઈ ગયું છે. આ સાથે તે ૧૬ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. અગાઉ ૧૯૧૮માં રાજ્યમાં ૧૧ મેના દિવસે જ ચોમાસાની શરૂઆત થઈ હતી. બીજી બાજું, સૌથી મોડા ચોમાસાનું આગમન ૧૯૭૨માં નોંધાયેલું છે, જ્યારે ચોમાસાનો પહેલો વરસાદ ૧૮ જૂનથી શરૂ થયો હતો. છેલ્લાં ૨૫ વર્ષમાં સૌથી વધારે મોડું ચોમાસાનું આગમન ૨૦૧૬માં થયું હતું. IMD ની આગાહી અનુસાર, આ વર્ષે ચોમાસું આવવાની સંભાવના ૨૭ મેની ડેડલાઈનની અંદર હતી, જેમાં ચાર દિવસનું મૉડલ એરર માર્જિન ચાલતું હતું. ગત વર્ષે ચોમાસાએ કેરળમાં ૩૦ મેના દિવસે આગમન કર્યું હતું. ચોમાસાનું સમયસર આગમન ભારત માટે એક મહત્ત્વપૂર્ણ પરિબળ છે, જ્યાં વાર્ષિક વરસાદનો લગભગ ૭૦% જૂન-સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન થાય છે. સિંચાઈ, ભૂગર્ભજળ અને જળાશયોને ફરીથી ભરવા માટે ચોમાસાનો વરસાદ મહત્ત્વપૂર્ણ છે અને તેની સીધી અસર દેશના કૃષિ ઉત્પાદન અને ગ્રામીણ અર્થતંત્ર પર પડે છે. IMDએ ૨૦૨૫ માટે સરેરાશ કરતાં વધુ ચોમાસાના વરસાદની આગાહી કરી છે, જેનાથી ખરીફ સિઝનના પાકમાં રેકોર્ડ ઉત્પાદનની અપેક્ષા છે. ઉત્પાદન વધવાથી ગ્રામીણ આવક વધશે, ખાદ્ય સુરક્ષા વધશે અને દેશના આર્થિક વિકાસમાં કૃષિ ક્ષેત્રનો ફાળો વધશે. વહેલા વરસાદથી ડાંગર, મકાઈ, કપાસ, સોયાબીન અને તેલીબિયાંના વાવેતરને વેગ મળવાની અને રવિ સિઝન પહેલા જળાશયોના પાણીના સ્તરમાં વધારો થવાની આશા છે. IMDએ આગાહી કરી છે કે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું દક્ષિણ અને મધ્ય અરબી સમુદ્ર, માલદીવ અને કોમોરિન વિસ્તાર, લક્ષદ્વીપના કેટલાક ભાગો, કર્ણાટક, તમિલનાડુ, દક્ષિણ અને મધ્ય બંગાળની ખાડી, ઉત્તર બંગાળની ખાડી અને ઉત્તરપૂર્વીય રાજ્યોના કેટલાક ભાગોમાં આ જ સમયગાળા દરમિયાન આગળ વધશે.

### નીતિ આયોગની બેઠકમાં મોદી બોલ્યા

# ટીમ ઈન્ડિયાની જેમ આપણે કામ કરીશું તો કોઈ લક્ષ્ય મુશ્કેલ નથી

## નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકનો વિષય ૨૦૪૭માં વિકસિત ભારત માટે વિકસિત રાજ્યો છે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

આજે નીતિ આયોગની ૧૦મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાઈ રહી છે. નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકનો વિષય ૨૦૪૭માં વિકસિત ભારત માટે વિકસિત રાજ્યો છે. જેમાં આગામી ૨૫ વર્ષમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે ચર્ચા કરવામાં આવી રહી છે. આ બેઠક અંગેની જાણકારી નીતિ આયોગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આપી હતી. જેમાં પીએમ મોદીએ એ આ બેઠકમાં કહ્યું કે, આપણે વિકાસની ગતિ વધારવી પડશે. જો કેન્દ્ર અને બધા રાજ્યો ટીમ ઈન્ડિયાની જેમ સાથે મળીને કામ કરે, તો કોઈ પણ લક્ષ્ય મુશ્કેલ નથી.

પીએમ મોદીએ ભારતના વિકાસનું લક્ષ્ય હાંસલ કરવા બાબતે વાત કરતા કહ્યું કે, વિકસિત ભારત એ દરેક ભારતીયનું લક્ષ્ય છે. જ્યારે દરેક રાજ્યનો વિકાસ થશે, ત્યારે ભારતનો વિકાસ થશે. આ તેના ૧૪૦ કરોડ નાગરિકોની આકાંક્ષા છે. આ માટે દરેક રાજ્યએ ઓછામાં ઓછું એક પર્યટક સ્થળ વસાવવું જોઈએ, જેમાં વૈશ્વિક ધોરણો અનુસાર તમામ સુવિધાઓ અને માળખાગત સુવિધાઓ હોય.

આ અંગે વડાપ્રધાને વધુમાં કહ્યું કે, આપણે એક રાજ્યઃ એક વૈશ્વિક સ્થળ ના લક્ષ્ય સાથે આગળ વધવું જોઈએ. આનાથી નજીકના શહેરોના પ્રવાસન સ્થળો તરીકે વિકાસનો માર્ગ મોકળો થશે.

નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલમાં કેરળના મુખ્યમંત્રી અને ડાબેરી નેતા પિનરાઈ વિજયને હાજરી આપી ન હતી. તેમજ પુડુચેરીના મુખ્યમંત્રી એન. રંગાસામી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, ભાજપના સાથી પક્ષ અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ બેઠકમાં ગેરહાજરી રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### રાજીનામાંની ધમકી આપી રહેલા યૂનુસ જ રહેશે વચગાળાની સરકારના પ્રમુખ

। (એજન્સી) ઢાકા, તા.૨૪ ।

બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યૂનુસના રાજીનામાની અટકળો પર હાલ પુરતો પૂર્ણ વિરામ મુકવામાં આવ્યો છે. આયોજન અંગેના સલાહકાર વાહીદુદ્દીન મહમૂદે શનિવારે ઢાકામાં પત્રકારો સાથે વાતચીતમાં સ્પષ્ટ કહ્યું હતું કે, ન તો યૂનુસ અને ના કોઈ અન્ય સલાહકારે રાજીનામાની વાત કરી છે. દરેક પોત-પોતાના હોદ્દા પર છે અને સરકાર દ્વારા સોપવામાં આવેલી ફરજો નીભાવી રહ્યા છે. બાંગ્લાદેશી અખબાર પ્રોથોમ આલો અનુસાર શનિવારે ઢાકામાં રાષ્ટ્રીય આર્થિક પરિષદની કાર્યકારી સમિતિની બેઠક પછી અચાનક બંધ રૂમમાં વચગાળાની સરકારના સલાહકારોની બેઠક મળી હતી.

### પાકિસ્તાનને સમર્થન આપનારાની ખેર નહીં, આસામમાં ૭૬ લોકોની ધરપકડ

। (એજન્સી) ગુવાહાટી, તા.૨૪ ।

આસામમાં પાકિસ્તાન સમર્થકો સામે ચાલી રહેલી કાર્યવાહી હેઠળ લગભગ ૭૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ શનિવારે આ અંગે માહિતી આપી હતી કે રાજ્યમાં અત્યાર સુધીમાં આ સંદર્ભે કુલ ૭૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કાર્યવાહી ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ શરૂ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ ટ્વિટર પર પોસ્ટ કર્યું હતું કે, શુક્રવારે નલબારી, દક્ષિણ સાલમારા અને કામરૂપ જિલ્લામાંથી એક-એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.

### ટીમની કમાન શુભમન ગિલને સોંપવામાં આવી છે

# ઈંગ્લેન્ડના પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત



। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૪ ।

BCCIએ ઈંગ્લેન્ડ સામેની આગામી ટેસ્ટ શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત કરી છે. ભારતીય ક્રિકેટ ટીમ આવતા મહિને ઈંગ્લેન્ડના પ્રવાસે જવાની છે, જ્યાં તેને યજમાન ટીમ સામે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમવાની છે. આ શ્રેણી માટે ભારતીય ટીમ અને નવા ટેસ્ટ કેપ્ટનની જાહેરાત કરવામાં આવી છે. ૧૮ સભ્યોની ટીમની કમાન શુભમન ગિલને સોંપવામાં આવી છે. જ્યારે ઋષભ પંતને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. લાંબા સમય પછી વાપસી કરનાર બેટ્સમેન કરુણ નાયરને પણ ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે. ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને ફિટનેસના કારણોસર ટીમમાં સ્થાન મળ્યું નથી. ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર શાર્દુલ ઠાકુર પણ ટેસ્ટ ટીમમાં પરત ફર્યો છે. શ્રેયસ ઐયર પણ આ ટીમનો ભાગ નથી. જ્યારે સરફરાઝ ખાનને પડતો મૂકવામાં આવ્યો છે. ટીમ પસંદગી માટેની બેઠક મુંબઈમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના મુખ્યાલયમાં યોજાઈ હતી. બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયા અને અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિના સભ્યોએ બેઠકમાં હાજરી આપી હતી. બેઠક બાદ પત્રકાર પરિષદમાં અજિત અગરકરે ભારતીય ટીમની જાહેરાત કરી. રોહિત શર્મા તાજેતરમાં નિવૃત્ત થયા બાદ શુભમન ગિલ ટેસ્ટ કેપ્ટન તરીકે સ્થાન લેશે. તે ૨૦ જૂનથી ઈંગ્લેન્ડ સામે શરૂ થનારી આગામી પાંચ મેચની શ્રેણીમાં ભારતનું નેતૃત્વ કરશે. ગિલે પાંચ T20 મેચોમાં ભારતનું નેતૃત્વ કર્યું છે, જેમાં ચારમાં જીત મેળવી છે અને ૨૫ IPL મેચોમાં ગુજરાત ટાઈટન્સની કેપ્ટનશીપ કરી છે.

### કાયદો પણ જુગારને અટકાવી ન શકે કહી સુપ્રીમે સરકારનો પ્રતિસાદ માગ્યો

# આઈપીએલના નામે લોકો સટ્ટો અને જુગાર રમી રહ્યા છેઃ સુપ્રીમ કોર્ટ

## અરજીમાં કોઇનું નામ લીધા વગર અરજીમાં જણાવ્યું છે કે 'ગોડ ઓફ ક્રિકેટ' પણ આવા બેટિંગ એપ્લીકેશન્સનો પ્રચાર કરે છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

આઈપીએલની આડમાં લોકો બેટિંગ અને ગેમ્બલિંગ કરી રહ્યા છે તેમ જણાવી સુપ્રીમ કોર્ટે બેટિંગ અપ્લીકેશન્સના નિયમન માટેની માગણી કરતી જાહેર હિતની અરજી (પીઆઈએલ) પર કેન્દ્રનો પ્રતિસાદ માગ્યો છે. જોકે સાથે સુપ્રીમે એવી પણ ટિપ્પણી કરી છે કે કાયદો લોકોને જુગાર રમવાથી અટકાવી ન શકે.

જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન કોતિસ્વર સિંહની બનેલી બેન્ચે કે એ પોલ દ્વારા ફાઈલ કરવામાં આવેલી અરજી પર કેન્દ્રને નોટિસ જારી કરી છે. આ અરજીમાં દાવો કરાયો છે કે ઓનલાઈન બેટિંગ અને ગેમિંગ અપ્લીકેશન્સનો ઉપયોગ કર્યા બાદ ઘણાં બાળકોએ આપઘાત કર્યો છે. પોલે વધુમાં ઉમેર્યું હતું કે સિગારેટ્સના કેસમાં તેના પેકિંગ પર તેની આડઅસરની સૂચના આપતી તસ્વીરો હોય છે. પરંતુ બેટિંગ એપ્સમાં આવી કોઈ ચેતવણી જારી કરાતી નથી. પૂર્વ ભારતીય ક્રિકેટરો હાલમાં ચાલી રહેલા આઈપીએલ દરમિયાન એપ્લીકેશન્સને પ્રમોટ કરી રહ્યા છે.બેન્ચે જણાવ્યું હતું કે 'આઈપીએલના નામે, ઘણાં લોકો સટ્ટા અને જુગારમાં પ્રવૃત્ત છે. આ એક ગંભીર મુદો છે.' અરજીમાં કોઈનું નામ લીધા વગર અરજીમાં જણાવ્યું છે કે 'ગોડ ઓફ ક્રિકેટ' પણ આવા બેટિંગ એપ્લીકેશન્સનો પ્રચાર કરે છે. બેન્ચે આ સ્થિતિને ''સમાજની વિકૃતિ'' તરીકે ગણાવીને પોતાની લાચારી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે કાયદો ઘડાય તો પણ લોકોને સ્વૈચ્છિકરીતે સટ્ટા રમવાથી અટકાવી નહિ શકાય.

બેન્ચે ઉમેર્યું હતું કે 'હાલના દિવસોમાં અમે આપણા બાળકોને ઈન્ટરનેટ આપ્યું છે. તેઓ સ્કૂલોમાં પણ તેને લઈ જાય છે. વાલીઓ એક તો બાળકો બીજું ટીવી જુએ છે. આ સંપૂર્ણ સામાજિક વિકૃતિ છે. જ્યારે લોકો આવી પ્રવૃત્તિમાં સ્વૈચ્છિકરીતે જોડાતા હોય ત્યારે શું કરી શકાય?. જોકે સૈદ્ધાંતિકરીતે અમે તમારી સાથે છીએ કે આ બંધ થવો જોઈએ.

### હુમલાના પીડિતો સાથે કરી મુલાકાત

# પહલગામ આતંકી હુમલા બાદ જમ્મુ-કાશ્મીરની મુલાકાતે રાહુલ ગાંધી

## તેઓ અહીં પાકિસ્તાની ગોળીબારમાં માર્યા ગયેલા લોકોના પરિવારોને મળ્યા : માર્યા ગયેલા લોકોના સ્વજનોને સાંત્વના આપી



। (એજન્સી) પૂંછ, તા.૨૪ ।

રાહુલ ગાંધી જમ્મુ અને કાશ્મીરના પૂંછ પહોંચ્યા હતા. તેઓ અહીં પાકિસ્તાની ગોળીબારમાં માર્યા ગયેલા લોકોના પરિવારોને મળ્યા હતા. માર્યા ગયેલા લોકોના સ્વજનોને સાંત્વના આપી હતી. રાહુલ ગાંધી ગોળીબારથી પ્રભાવિત લોકોની વ્યથા સાંભળી હતી. તેમણે શાળાના બાળકો સાથે મુલાકાત કરી અને તેમને કહ્યું કે હું તને ખૂબ પ્રેમ કરું છું. પહલગામ આતંકી હુમલા બાદ રાહુલ ગાંધી બીજી વખત જમ્મુ-કાશ્મીર આવ્યા છે. પહલગામ હુમલા બાદ કોંગ્રેસ નેતા અગાઉ ૨૫ એપ્રિલે શ્રીનગર પહોંચ્યા હતાં. પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાને આઠથી દસ દિવસ સુધી સીઝફાયરનું ઉલ્લંઘન કરી આંતરરાષ્ટ્રીય સરહદો પર ગોળીબાર અને મોર્ટાર વડે હુમલા કર્યા હતાં. જેમાં ૨૦ નાગરિકોએ જીવ ગુમાવ્યા હતાં. જ્યારે ૮૦થી વધુ લોકો ઘવાયા હતાં. રાહુલે ગાંધીએ કહ્યું કે બધું જલ્દી સારુ થઈ જશે. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે તમારે ખુબ ભણવું પડશે અને મિત્રો બનાવવા પડશે. ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી રાહુલની આ બીજી મુલાકાત છે. રાહુલે પૂંછમાં પાકિસ્તાની ગોળીબારથી નુકસાન થયેલા ઘરોની મુલાકાત કરી હતી.


### ATSએ સરહદી વિસ્તારમાંથી એક જાસૂસની ધરપકડ કરી

। ગાંધીનગર, તા. ૨૪ ।

ગુજરાત એટીએસ દ્વારા કચ્છ સરહદેથી એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. ATSએ સરહદી વિસ્તારમાંથી એક જાસૂસની ધરપકડ કરી છે. ગુજરાત ATSના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા જાસૂસ પર પાકિસ્તાનને અનેક મહત્વની માહિતી આપવાનો આરોપ છે. હાલ પોલીસે જાસૂસની ધરપકડ કરીને તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું છે કે આરોપી ISIના સતત સંપર્કમાં હતો.

### અજિત અગરકરે પ્રેસ કોન્ફરન્સમાં ખોલ્યું મોટું રહસ્ય

# વિરાટનો નિર્ણય અચાનક નહોતો પરંતુ ઘણો વિચાર કર્યા પછી લેવામાં આવ્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

BCCIએ ૨૦ જૂનથી શરૂ થનારી ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી માટે ટીમની જાહેરાત કરી છે. શુભમન ગિલ નવો કેપ્ટન અને ઋષભ પંત ઉપ-કેપ્ટન હશે. મુખ્ય પસંદગીકાર અજિત અગરકરે મુંબઈમાં એક પ્રેસ કોન્ફરન્સમાં ટીમની જાહેરાત કરી હતી. આ દરમિયાન જ્યારે તેમને વિરાટ કોહલીની નિવૃત્તિ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે અગરકરે કહ્યું કે વિરાટ કોહલીએ એપ્રિલની શરૂઆતમાં જ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો હતો. પરંતુ તેની જાહેરાત ૧૨ મેના રોજ કરવામાં આવી હતી.

ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી માટે ટીમની જાહેરાત અંગેની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અગરકરે કહ્યું કે કોહલીએ પોતે તેમનો સંપર્ક કર્યો હતો અને તેમને કહ્યું હતું કે હવે ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહેવાનો સમય આવી ગયો છે.


### બનાસકાંઠાની સરહદેથી ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ

। બનાસકાંઠા, તા. ૨૪ ।

પહેલગામ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો છે. ભારતે પાકિસ્તાન સાથે જોડાયેલી તમામ સરહદો પર સુરક્ષા વધારી દીધી છે. ત્યારે બનાસકાંઠામાં પાકિસ્તાનની સરહદથી ઘૂસણખોરીનો પ્રયાસ કરતા એક શખ્સને BSFએ ઠાર માર્યો છે. બનાસકાંઠા સરહદથી ઘૂસણખોરીના પ્રયાસમાં એક શખ્સને ઠાર મારવામાં આવ્યો છે. શંકાસ્પદ વ્યક્તિ પાકિસ્તાન તરફથી ભારતની હદમાં ઘુસવાનો પ્રયાસ કરતો હતો.

### સ્લો ઓવર રેટ બદલ દંડ ફટકારવામાં આવ્યો

# પેટ કમિન્સ અને રજત પાટીદાર સામે BCCIની મોટી કાર્યવાહી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના કેપ્ટન રજત પાટીદાર અને સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સને ઈન્ડિયન પ્રીમિયર લીગની મેચ દરમિયાન પોતપોતાની ટીમોના સ્લો ઓવર રેટ બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. કમિન્સને ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો કારણ કે આ સિઝનમાં IPL આચારસંહિતા હેઠળ તેની ટીમનો આ પહેલો ગુનો હતો. તો RCBના રજત પાટીદારને ૨૪ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. IPL દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, પાટીદારને ૨૪ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે કારણ કે IPLની આચારસંહિતા હેઠળ આ સિઝનમાં સ્લો ઓવર રેટ સંબંધિત તેમની ટીમનો આ બીજો ગુનો હતો. આ સિવાય ટીમના બાકીના સભ્યોને પણ વ્યક્તિગત રીતે ૬ લાખ રૂપિયા અથવા તેમની મેચ ફીના ૨૫ ટકા (જે ઓછું હોય તે) દંડ ફટકારવામાં આવ્યો હતો.

### સન ઓફ સરદાર ફેમ એક્ટર મુકુલ દેવનું ૫૪ વર્ષની વયે નિધન

। મુંબઈ, તા.૨૪ ।

ટીવીથી લઈને બોલીવુડની ફિલ્મોમાં કામ કરી ચુકેલા દમદાર એક્ટર મુકુલ દેવનું અવસાન થયું છે. મુકુલ દેવ એ ૫૪ વર્ષની વયે દુનિયાને અલવિદા કહી દીધું છે. આ ખબરથી ઈંડસ્ટ્રી સાથે તેના ફેન્સને પણ આંચકો લાગ્યો છે. મુકુલ દેવ બોલીવુડ એક્ટર રાહુલ દેવના નાના ભાઈ છે. મુકુલ દેવના નિધનની પુષ્ટી એક્ટર વિંદૂ દારા સિંહે ટ્વીટ કરીને કરી છે. એક્ટર વિંદુ દારા સિંહે તેની પોસ્ટમાં લખ્યું છે કે, "મારા ભાઈ મુકુલ દેવને શાંતિ મળે.

## કેવડિયામાં ચોમાસા પહેલાં આદિવાસીઓના મકાન તોડી પાડવા યોગ્ય નહીં: મનસુખ વસાવા



। (એજન્સી) નર્મદા, તા.૨૪ ।

ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસથી ભારે પવન ફૂંકાવવાની અને ગાજવીજની સાથે કમોસમી વરસાદ વરસી રહ્યો છે. અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે નૈઋત્યના ચોમાસાના આગમન પહેલા જ રાજ્યમાં વરસાદી માહોલ છે. જ્યારે હવે ચોમાસાના આગમન પહેલા નર્મદા જિલ્લાના સ્ટેચ્યુ ઓફ યુનિટીના વહીવટી તંત્ર દ્વારા કેવડિયા કોલોની વિસ્તાર સહિતના સ્થાનિક આદિવાસીઓના મકાનો-દુકાનો તોડી પાવડાને લઈને ભાજપના સાંસદ મનસુખ વસાવાએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. જેમાં તેમણે સ્થાનિકો આગેવાનોને સાથે રાખી બેઠક બોલાવીને યોગ્ય ઉકેલ લાવવા માટે રજૂઆત કરી છે. મનસુખ વસાવાએ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, 'કેવડિયા કોલોની વિસ્તારના સ્થાનિક આગેવાનોએ તેમના સળગતા પ્રશ્નો અંગે રજૂઆત કરી છે. જેમાં ચોમાસાની ઋતુના એક મહિના પહેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેના મકાનોને તંત્રએ તોડી પાડ્યા છે, તે યોગ્ય નથી. આ સાથે સ્થાનિક આદિવાસી લોકોની રોજગારીને લઈને મને રજૂઆત મળી છે. સમગ્ર મામલે સ્થાનિકોના પ્રશ્નો ઉકેલવા માટે સ્થાનિક આગેવાન સાથે આપના સ્તરે બેઠક બોલાવવા રજૂઆત કરી હતી.'ચોંકાવનારી વાત તો એ છે કે, અવારનવાર સરકારી બાબુઓ પર આક્રમક રહેતા અને તેમને જાહેરમાં ખખડાવી નાખતા સાંસદ મનસુખ વસાવાએ ચૈતર વસાવાની જેમ આદિવાસીઓના હક માટે આક્રમક સ્વરૂપ ધારણ નથી કર્યું કે રોષ નથી વ્યક્ત કર્યો, પરંતુ ફક્ત સરળ અને રજૂઆતની ભાષામાં મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. જેમાં તેમણે ક્યાંય અધિકારીઓ પર રોષ નથી ઠાલવ્યો. સમગ્ર પત્રની ભાષા સરકારી જેવી જ છે, જેમાં સમસ્યા બાબતે મીટિંગ કરવાની અને બેઠક બોલાવી નિર્ણય લેવાની આશા વ્યક્ત કરી છે.

### PM મોદી ૨૬ તથા ૨૭ મેના રોજ બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે

# વડાપ્રધાન મોદી માતાના મઢ ખાતે રૂા. ૩૨.૭૧ કરોડના વિકાસના કાર્યોનું ઈ-લોકાર્પણ કરશે

### આસ્થાનાં કેન્દ્ર માતાનો મઢ ખાતે આવેલ આશાપુરા ધામના 'માતાનો મઢ માસ્ટર પ્લાન' હેઠળ થયેલ વિકાસકાર્યોનાં ઇ-લોકાર્પણનો પણ સમાવેશ થાય છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

PM મોદી ૨૬ તથા ૨૭ મેના રોજ બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. વડાપ્રધાનની ગુજરાતની આ મુલાકાત દરમિયાન પહેલા જ દિવસે એટલે કે ૨૬ મેના રોજ તેઓ કચ્છના પ્રવાસે જશે અને ભુજ ખાતે આયોજિત સમારંભમાપ૩,૪૧૪ કરોડના કુલ ૩૩ વિકાસકાર્યોનું ખાતમુહુર્ત તેમજ લોકાર્પણ કરશે. વડાપ્રધાન દ્વારા જે ૩૩ વિકાસકાર્યોનું ખાતમુહુર્ત અને લોકાર્પણ થનાર છે, તેમાં ગુજરાતના લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનાં કેન્દ્ર માતાનો મઢ ખાતે આવેલ આશાપુરા ધામના 'માતાનો મઢ માસ્ટર પ્લાન' હેઠળ થયેલ વિકાસકાર્યોનાં ઈ-લોકાર્પણનો પણ સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર તથા તેના હેઠળ કાર્યરત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં આવેલ સમગ્ર આશાપુરા ધામ પરિસરના નવીનીકરણ તથા પુનર્વિકાસ માટે ૩૨.૭૧ કરોડનો માસ્ટર પ્લાન અમલમાં મૂક્યો હતો, જે હવે પૂર્ણ થયો છે. આ માસ્ટર પ્લાન હેઠળ માતાનો મઢ – આશાપુરા માતા મંદિર પરિસર ખાતે શ્રદ્ધાળુઓ માટે સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર સમગ્ર રાજ્યમાં આવેલ



યાત્રાધામોને ધાર્મિક પ્રવાસન સ્થળો તરીકે વિકસાવી રહી છે અને આ જ કડીમાં ગુજરાતના લાખો શ્રદ્ધાળુઓ જ્યાં આસ્થા ધરાવે છે, તેવા માતાનો મઢ ખાતે આવેલ આશાપુરા મંદિર તથા આસપાસના સ્થળોનો વિકાસ પણ હાથ ધરવામાં આવ્યો હતો. આ વિકાસકાર્યો પૂર્ણ થતા માતાનો મઢ – આશાપુરા માતાને સુવિધાઓનો શણગાર થયો છે. માસ્ટર પ્લાન હેઠળ આશાપુરા માતાજી મંદિર પરિસર ખાતે શ્રદ્ધાળુઓ માટે મોટાપાયે સુવિધાઓ અને સવલતો ઊભી કરવામાં આવી છે. ખાટલા ભવાની મંદિર તથા ચાચરા કુંડને નવું સ્વરૂપ આપવામાં આવ્યું છે, તો રૂપરાય તળાવનું સૌંદર્યીકરણ, એન્ટ્રન્સ પ્લાઝા, પાર્કિંગ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. યાત્રાધામ પરિસરમાં પીવાના પાણીની સુવિધા, પ્રસાધન, બેઠક વ્યવસ્થા, પ્લાન્ટેશનના કાર્યો પણ પૂર્ણ કરવામાં આવ્યા છે.

માતાનો મઢ ખાતે આવેલ આશાપુરા માતા મંદિરમાં એમ તો બારેમાસ શ્રદ્ધાળુઓ આવતા હોય છે, પરંતુ નવરાત્રિ દરમિયાન અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આશાપુરા માતાના દર્શનાર્થે આવે છે. માસ્ટર પ્લાન અંતર્ગત નવરાત્રિ પહેલા આશાપુરા માતા સંકુલમાં આવનાર માઈભક્તો માટે ખાટલા ભવાની મંદિર તથા ચાચરા કુંડને નૂતન સ્વરૂપ આપવામાં આવ્યું છે.

ખાટલા ભવાની મંદિર પર્વતની ટોચ પર છે કે જ્યાં પહોંચવા માટે પગથિયા તથા ગાડી જઈ શકે એવો રસ્તો હતો. પર્વતની ટોચે મંદિર પાસે અવિકસિત મોટો વિસ્તાર આવેલો હતો કે જ્યાંથી સંપૂર્ણ માતાનો મઢ ગામ જોઈ શકાય છે. માસ્ટર પ્લાન હેઠળ ખાટલા ભવાની મંદિરે જવા માટેના પગથિયાનું રિનોવેશન, મંદિરમાં પથ્થરનું ક્લેડિંગ તેમજ પર્વત પર યાત્રિકો માટે પરિસરનો વિકાસ કરવામાં આવ્યો છે, જેમાં વૉક-વે, બાળ ક્રીડાંગણ, ગઝેબોનું રીપેરિંગ, વાહનો મારફતે આવતાં યાત્રાળુઓ માટે રૅમ્પ-એપ્રોચ, પ્લાન્ટેશન, પાર્કિંગ અને શૌચાલય બ્લૉક, હંગામી સ્ટૉલ માટે શેડ-ઓટલા, મુખ્ય પ્રવેશદ્વાર જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.

માતાનો મઢ ગામમાં પૌરાણિક ચાચરા કુંડ આવેલ છે, જેમાં બારેમાસ પાણી રહે છે. કુંડની આસપાસ (પરિસરની) વિશાળ જગ્યા આવેલ છે. ચાચરા કુંડ ખૂબ જ જર્જરિત હાલતમાં હતો તથા પરિસરમાં અન્ય કોઈ પણ પ્રકારની વ્યવસ્થા ન હતી. માસ્ટર પ્લાન હેઠળ ચાચરા કુંડનો અદ્યતન લાઈટિંગ સાથે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. ચાચરા કુંડ પરિસરમાં વૉક-વે, બાળ ક્રીડાંગણ, બેઠક વ્યવસ્થા જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. અહીં આવતાં પ્રવાસીઓ જાતે ભોજન બનાવીને જમી શકે, તે માટે કિચન-ડાઈનિંગ સુવિધા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત, એમ્ફી થિયેટર પ્રકારની બેઠક વ્યવસ્થા, પ્લાન્ટેશન, શૌચાલય બ્લૉક તથા મંદિરના મુખ્ય પ્રવેશદ્વારનું રિપેરિંગ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, માસ્ટર પ્લાન અંતર્ગત છેલ્લા તબક્કામાં માતાના મઢ ખાતે આવેલ રૂપ રાય તળાવ તથા આશાપુરા માતા મંદિર ખાતેના વિકાસકાર્યો પણ પૂર્ણ કરવામાં આવ્યા છે.

### વીજળીના વેડફાટનો મામલો સામે આવ્યો

# બોડેલીના સરકારી સદનમાં બેફામ વીજ વેડફાટ થાય છે

### સરકારી કચેરીઓમાં વિજળીની આ રીતે બિનજરૂરી વેડફાટ સામે સરકારની સૂચનાઓને ઘોળીને પી જવાનું તંત્રે સાબિત કર્યું છે

। (એજન્સી) છોટા ઉદેપુર, તા.૨૪ ।

છોટા ઉદેપુર જિલ્લાના બોડેલીમાં આવેલી સરકારી સેવા સદનમાં વીજળીના વેડફાટનો મામલો સામે આવ્યો છે. જાણવા મળતી માહિતી મુજબ, કચેરીમાં કોઈ અધિકારી કે કર્મચારી હાજર નહોતા. છતા લાઈટ અને પંખાઓ ચાલુ હતા. બિન જરુરી વીજળીનો વેડફાટ થઈ રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. દેશના ઘણા અંતરિયાળ વિસ્તારોમાં હજુ પણ લાઈટ પહોંચી નથી. તેવામાં સરકારી સદનમાં બિનજરુરી લાઈટનો વપરાશ જોવા મળ્યો હતો. છોટા ઉદેપુરમાં આવેલા બોડેલીના સરકારી કચેરીમાં બિનજરુરી વિજ વપરાશના પગલે વેડફાટ સામે આવ્યો હતો. જરુર ન હોય તો પંખા અને લાઈટ બંધ કરી દેવી જોઈએ. એ સરકારી બાબુઓ સમજતા નથી. સીએમ દ્વારા વીજળીનો બચાવ અંગે કહેવામાં આવે છે. એક બાજુ રાજ્ય સરકાર ઊર્જા બચત અને પર્યાવરણ સંરક્ષણ માટે વિવિધ અભિયાન ચલાવે છે. ત્યારે સરકારી કચેરીઓમાં વિજળીની આ રીતે બિનજરૂરી વેડફાટ સામે સરકારની સૂચનાઓને ઘોળીને પી જવાનું તંત્રે સાબિત કર્યું છે. ગુજરાતના ઘણા એવા અંતરિયાળ વિસ્તારો આવેલા છે. જ્યાં હજુ સુધી વીજળી નથી આવી. આઝાદીના આટલા વર્ષો થયા તોપણ લોકો દિવો સળગાવે છે. ત્યારે ગુજરાતમાં ઘણી જગ્યાએ સરકારી કચેરીઓમાં જરુરી ન હોય, છતાં સરકારી કર્મચારીઓ પંખા અને લાઈટ ચાલુ મૂકીને જતા રહે છે.

# વડોદરા નજીક કારના ચોરખાનામાં સંતાડેલ દારૂના જથ્થા સાથે ચાલક ઝડપાયો

### એક શખ્સ પોતાની કારમાં ઇંગ્લિશ દારૂનો જથ્થો ભરી ડભોઇ ખાતેથી નીકળી કપૂરાઈ ચોકડી થઈ વડોદરા જવાનો છે

। (એજન્સી) વડોદરા, તા.૨૪ ।

વડોદરા પીસીબી પોલીસ ટીમે કપૂરાઈ ચોકડી ખાતેથી કારના ચોરખાનામાં સંતાડેલ દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડી કુલ રૂ.૧.૫૧ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી અન્ય એક શખ્સને વોન્ટેડ જાહેર કર્યો હતો. પીસીબી પોલીસ ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે, એક શખ્સ પોતાની કારમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરી ડભોઈ ખાતેથી નીકળી કપૂરાઈ ચોકડી થઈ વડોદરા જવાનો છે. જેના આધારે પોલીસે કપુરાઈ ચોકડી ખાતે વોચ ગોઠવી બાતમી મુજબની કાર પસાર થતાં તેને કોર્ડન કરી રોકી હતી. પોલીસની પ્રાથમિક પૂછતાછમાં કારચાલક રણજીતસિંહ ઉર્ફે પીન્ટુ જસવંતસિંહ જાદવ (રહે-કડાછલા ગામ, બોડેલી, છોટાઉદેપુર) હોવાનું બહાર આવ્યું હતું. કારની તલાસી લેતા કાળની આગળની લાઈટના ભાગે તેમજ પાછળ ડિક્કીના નીચેના ભાગે બનાવેલ ચોરખાનામાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

### ઋતુગત બીમારી સહિત કોરોનાએ પણ માથું ઊંચક્યું

# અમદાવાદમાં સતત વધી રહેલી ગરમીને કારણે રોગચાળો વકર્યો

### સિવિલમાં ઓપીડીમાં કેસનો આંકડો ૨૧૦૦ને પાર કરી ગયો છે સોલા સિવિલમાં વાયરલ ઈન્ફેક્શનના ૧૨૦ કેસ નોંધાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદમાં સતત વધી રહેલી ગરમીને કારણે રોગચાળો વકર્યો છે. છેલ્લા ૧૦ દિવસમાં ઋતુગત બિમારીના ૧૫૨ કેસ નોંધાયા છે. સોલા સિવિલમાં ઓપીડીમાં કેસનો આંકડો ૨૧૦૦ને પાર કરી ગયો છે. સોલા સિવિલમાં વાયરલ ઈન્ફેક્શનના ૧૨૦ કેસ નોંધાયા છે. આ ઉપરાંત ઝાડા ઉલ્ટીના ૩૬ દર્દીઓ અને ડેન્ગ્યૂના ૧૨ દર્દીઓને દાખલ કરવાની ફરજ પડી છે. સોલા સિવિલમાં કમળાના ૩૦ અને હિટ સ્ટ્રોકના રોજના ૧૦ કેસ નોંધાઈ રહ્યાં છે. શહેરમાં વાતાવરણમાં બદલાવ આવતાં ઋતુગત બીમારીમાં વધારો થયો છે. વાયરલ ઈન્ફેક્શન અને ઝાડા ઉલ્ટીના કેસોમાં વધારો

શહેરમા ગરમી વધતાં વાયરલ ઈન્ફેક્શન અને ઝાડા ઉલ્ટીના કેસોમાં વધારો થયો છે. ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સના આંકડા પ્રમાણે શહેરમાં ૧૦૮ને ૧૨થી ૨૧ મે સુધીમાં ૧૫૨ કોલ મળ્યા હતાં. જેમાં સૌથી વધુ કેસ તાવ તેમજ ૧૦ કેસ ડાયેરિયાના હતાં. આ ઉપરાંત શહેરમાં પાણી અને મચ્છરજન્ય રોગચાળાએ પણ માથું ઉંચક્યું છે. પેટમાં દુખાવો, ડિહાઈડ્રેશન અને ગરમીને લીધે નબળાઈ જેવી તકલીફો લોકોમાં જોવા મળી છે.

શહેરમાં ઋતુગત બીમારી સહિત કોરોનાએ પણ માથું ઊંચક્યું છે. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૦ કેસ નોંધાયા છે.શહેરમાં ચાલુ મહિનામાં જ ૩૯ કેસ સામે આવ્યાં છે. જેમાં ૮ લોકોને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યું છે.જ્યારે ૩૧ કેસ એક્ટિવ છે.

## અંકલેશ્વરથી દર્શને જઇ રહેલા પરિવારને ઉદયપુર નજીક નડ્યો અકસ્માત

। (એજન્સી) અંકલેશ્વર, તા.૨૩ ।

અંકલેશ્વરથી દર્શન માટે અજમેર જઈ રહેલા પરિવારને ગંભીર અકસ્માત નડ્યો છે. આજે વહેલી સવારે ૭:૩૦ વાગ્યા આસપાસ ઉદયપુર નજીક અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં નવપરણિત યુવક અને તેની ફઈનું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ત્રણ મહિલાઓને ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માત ઋષભદેવ પોલીસ સ્ટેશનની હદમાં નેશનલ હાઈવે ૪૮ પર કલ્લાજી મંદિર પાસે સર્જાયો હતો. પૂરપાટ ઝડપે જઈ રહેલી કારે ઓવરટેક કરવા જતાં અન્ય કાર ટક્કરને મારતાં કાર ડિવાઈડર સાથે ટકરાઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વરના એક પરિવારના ૧૦ સભ્યો અલગ-અલગ ત્રણ કાર લઈને અજમેર દર્શન કરવા જઈ રહ્યા હતા. ત્યારે ઉદયપુર નજીક તેમની એક કારને અકસ્માત નડ્યો હતો. જેમાં નવપરણિત યુવક પવન (ઉં.વ.૩૦) યુવકને ફઈ નૈના દેવીબેન (ઉં.વ.૫૦) નું મોત નીપજ્યું હતું. બંને મૃતકો મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યારે ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે.

### ૫૦થી વધુ લોકોના ટોળાએ સામસામે પથ્થરમારો કર્યો

# મહેમદાવાદના જૂની ગોઠાજ ગામના લગ્નપ્રસંગમાં બે જૂથ વચ્ચે અથડામણ થઇ

। (એજન્સી) ખેડા, તા.૨૪ ।

ખેડા જિલ્લાના મહેમદાવાદમાં એક જૂથ અથડામણનો મામલો સામે આવ્યો છે. જૂના ગોઠાજ ગામે એક લગ્ન પ્રસંગ ચાલી રહ્યો હતો. જે લગ્નપ્રસંગમાં લોકોને જતા રોકવા બાબતે બોલાચાલી થઈ હતી. લગ્ન પ્રસંગમાં જતા રોકવા બાબતે થયેલી બબાલે ઉગ્ર સ્વરુપ ધારણ કરી લીધું હતું. જેના લીધે ૨ જૂથો એકબીજાના આમને સામને આવી ગયા હતા. લોકો એકબીજા સાથે મારામારી કરવા લાગ્યા હતા. જે બાદ ૫૦થી વધુ લોકોના ટોળાએ સામસામે પથ્થરમારો કર્યો હતો. ૨ જૂથો વચ્ચે અથડામણ મહેમદાવાદના જૂની ગોઠાજ ગામના લગ્નપ્રસંગમાં ૨ જૂથો વચ્ચે થયેલી અથડામણમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. જે સમગ્ર ઘટનાના લાઈવ વીડિયો પણ સામે આવ્યા હતા. જૂથ અથડામણના લીધે ગામમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અથડામણના પગલે ગામમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. લગ્નપ્રસંગમાં ૨ જૂથો ધારિયા, લાકડા અને દંડા વડે મારામારી કરી હતી. જેમાં ઘાયલોને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. બે જૂથો દ્વારા સામસામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જેમાં ૮ લોકો સામે નામજોગ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. સમગ્ર મામલે કપડવંજ ઙ્રરૂજૅંની પ્રતિક્રિયા સામે આવી હતી તેમાં તેમણે કહ્યું કે, જૂની ગોઠાજ ગામમાં રહેતા કૌટુંબિક સગાઓ વચ્ચે થયો ઝઘડો હતો. લગ્ન પ્રસંગમાં એક તરફે લોકોને જતા અટકાવ્યા હતા.

## વિશેષ


### 'સ્વચ્છ સાબરમતી મહાઅભિયાન' અંતર્ગત અત્યાર સુધીમાં સાબરમતી નદીમાંથી ૪૦૮ મેટ્રિક ટન કચરો કાઢવામાં આવ્યો

# જે લોકો સાબરમતી રિવરફ્રન્ટની સુંદરતાનો આનંદ લઈ રહ્યા છે તેમણે સાબરમતી નદીની સ્વચ્છતામાં પણ સહભાગી થવું જોઈએ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) અમદાવાદ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી આજે 'સ્વચ્છ સાબરમતી મહાઅભિયાન'માં જોડાયા હતા ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે તેમણે અમદાવાદમાં વલ્લભ સદન પાસે સાબરમતી નદીના પટમાં ઉતરીને સ્વચ્છતા માટે શ્રમદાન કર્યું હતું. અમદાવાદના નાગરિકોને સંબોધીને તેમણે કહ્યું કે, જે લોકો સાબરમતી રિવરફ્રન્ટની સુંદરતાનો આનંદ લઈ રહ્યા છે તેમણે સાબરમતી નદીની સ્વચ્છતામાં પણ સહભાગી થવું જોઈએ. સાબરમતીની સ્વચ્છતાની જવાબદારી લેવી જોઈએ.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે 'સ્વચ્છ સાબરમતી મહાઅભિયાન' અંતર્ગત અત્યાર સુધીમાં સાબરમતી નદીમાંથી ૪૦૮ મેટ્રિક ટન કચરો કાઢવામાં આવ્યો છે. તેમાં ૩૩ મેટ્રિક ટનથી વધુ કાપડ, ૭૦ મેટ્રિક ટનથી વધુ પ્લાસ્ટિક અને ૪૧ મેટ્રિક ટન જેટલું લાકડું કાઢવામાં આવ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નાગરિકોને અપીલ કરતાં કહ્યું કે, પૂજનની અવશિષ્ટ સામગ્રી અને પ્લાસ્ટિકથી નદીમાં ખૂબ ગંદકી થાય છે. સાબરમતી નદીને સ્વચ્છ અને પવિત્ર રાખવાની આપણી સામૂહિક જવાબદારી છે. આપણે સજાગ થઈશું તો આવનારી પેઢીને સ્વચ્છ સાબરમતી અને સ્વચ્છ પર્યાવરણ પ્રદાન કરી શકીશું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રદૂષિત, દુર્ગંધયુક્ત અને ગંદકીના ઘર જેવી સાબરમતી નદીની ગંદકીને દૂર કરવાનો સંકલ્પ કર્યો અને સાબરમતી નદી અમદાવાદ શહેરના લોકો માટે વરદાન બની શકે તે રીતે તેમણે સાબરમતી રિવરફ્રન્ટનું નિર્માણ કર્યું. સાબરમતી નદીની ગંદકી દૂર કરીને તેને શુદ્ધ અને પવિત્ર બનાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. આજે સાબરમતી રિવરફ્રન્ટ દેશ અને દુનિયા માટે એક પ્રેરણારૂપ બન્યો છે. સાથો સાથ સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદ માટે શાંતિ અને આનંદનું વાતાવરણ પ્રદાન કરનાર પણ બન્યો છે.



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી નિયમિત રીતે પ્રતિમાસ સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થાય છે. તેમના કાર્યક્રમો દરમિયાન તેઓ નિયમિત રીતે સ્વચ્છતા ઝુંબેશમાં જોડાય છે અને લોકોને સ્વચ્છતા માટે સતત પ્રેરિત કરતા રહ્યા છે. આ અવસરે તેમણે કહ્યું કે, આ અભિયાન અંતર્ગત હું આજે અમદાવાદમાં સ્વચ્છ સાબરમતી મહાઅભિયાનમાં જોડાયો છું. આ અભિયાન અંતર્ગત રિવરફ્રન્ટમાં મોટી સંખ્યામાં પ્લાસ્ટિક અને ધાર્મિક પૂજામાં ઉપયોગમાં લેવાતી સામગ્રી જોવા મળી છે. આ સ્થિતિના કારણે સાબરમતી નદીનું પાણી પ્રદૂષિત થઈ રહ્યું છે. રાજ્યપાલશ્રીએ અમદાવાદનાં નગરજનોને અપીલ કરતાં કહ્યું કે, આગામી તા. ૫ જૂન સુધીમાં નગરજનોએ થોડો સમય કાઢીને 'સ્વચ્છ સાબરમતી મહાઅભિયાન'માં સહભાગી થવું જોઈએ. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે આજે 'સ્વચ્છ સાબરમતી મહાઅભિયાન'માં અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, અમદાવાદના સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલ, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાણી, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના ચેરમેન શ્રી આઈ.પી ગૌતમ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, ચેરમેનશ્રીઓ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ-પદાધિકારીઓ, ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ, એનઆઈડીના વિદ્યાર્થીઓ, એનસીસી કેડેટ્સ, વિવિધ સંસ્થાઓ અને વિવિધ એનજીઓના કાર્યકર્તાઓ તેમજ આસપાસના વિસ્તારના રહીશો મોટી સંખ્યામાં જોડાયા હતા.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી. ના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫ મી મે થી 'સ્વચ્છ સાબરમતી મહાઅભિયાન'ની શરૂઆત કરવામાં આવી છે. ગુજરાત સરકારના નર્મદા જળ સંપતિ અને કલ્પસર વિભાગ દ્વારા વાસણા બેરેજમાં બંધ સુરક્ષાને ધ્યાને લઈ ચોમાસા પૂર્વે દરવાજાના મરામતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત વાસણા બેરેજના ઉપરવાસમાં માટીનો રેમ્પ બનાવવાની કામગીરી હાથમાં ધરવાની હોવાથી સાબરમતી નદીને સંપૂર્ણપણે ખાલી કરવાની હતી. આમ નદી સંપૂર્ણપણે ખાલી થવાની જ હોવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપ મેન્ટ કોર્પોરેશન દ્વારા જનહિતમાં નદીની સફાઈ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. 'સ્વચ્છ સાબરમતી મહાઅભિયાન'ની શરૂઆત અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનના વરદ હસ્તે કરવામાં આવી હતી. આજ સુધીમાં આ મહાઅભિયાનમાં કુલ ૪૦,૪૩૫ લોકો શ્રમદાન કરી ચૂક્યા છે. લોકો સ્વતંત્રપણે, વિવિધ સંસ્થાઓ જેવી કે ધાર્મિક, સામાજિક, ઉદ્યોગ, શાળા, કોલેજ, NCC વિગેરે માંથી સ્વચ્છ સાબરમતી મહાઅભિયાનમાં જોડાઈ રહ્યા છે. કચરો સાફ કરવામાં શ્રમદાન કરી રહેલા લોકો સાથે યાંત્રિક મજબૂતી આપવા માટે રોજે રોજ JCB, ટ્રક, ટ્રેક્ટર અને હિટાચી જેવા યાંત્રિક ઉપકરણો પણ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

### સફરજનને છાલ સાથે ખાવું જોઈએ કે છાલ વિના?

# સફરજનને કઈ રીતે ખાઓ છો, છાલ સાથે કે વગર? જાણો કયું વધારે ફાયદાકારક છે

**'દરેક એક સફરજન ખાઓ, જે તમને ડોક્ટરથી દૂર રાખશે', જોકે આ વાત સાચી પણ છે**



સફરજન સ્વાસ્થ્ય માટે એક પોપ્યુલર અને પૂરતું પોષણ આપતું ફળ છે. સફરજનમાં હાજર ફાઈબર, વિટામિન C, પોટેશિયમ અને એન્ટીઓક્સીડેન્ટ્સ શરીરના સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોય છે. પરંતુ લોકોના મનમાં સવાલ થાય કે સફરજનને છાલ સાથે ખાવું જોઈએ કે છાલ વિના? તો ચાલો જાણીએ આ સવાલનો જવાબ. આખરે કઈ રીતે ખાવું જોઈએ સફરજન. સફરજનની છાલમાં સૉલ્યુબલ અને ઈનસૉલ્યુબલ બંને પ્રકારના ફાઈબર હોય છે. તેમાં પણ પેક્ટિન નામનું ફાઈબર પાચન તંત્રને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે. છાલ સહિત સફરજન ખાવાથી કબજિયાત જેવી સમસ્યાઓથી રાહત મળે છે. એન્ટીઓક્સીડન્ટ્સથી ભરપૂર, સફરજનની છાલમાં ક્વેર્સેટિન, ફ્લેવેનોઈડ્સઅનેપોલિફેનોલ્સ જેવા શક્તિશાળી એન્ટીઓક્સીડન્ટ્સ મળી આવે છે, જે સેલ્સને ફ્રી રેડિકલ્સથી બચાવે છે. જે હૃદય રોગ, કેન્સર અને ડાયાબિટીસ જેવા રોગોના જોખમને ઘટાડે છે. વિટામિન અને મિનરલ્સથી ભરપૂર, સફરજનની છાલમાં વિટામિન C, A અને K સાથે પોટેશિયમ, કેલ્શિયમ અને ફોસ્ફરસ જેવા મિનરલ્સ મળી આવે છે, જે શરીરને મજબૂત અને રોગપ્રતિકારક બનાવે છે. વજન ઘટાડવામાં મદદરૂપ, સફરજનની છાલમાં યુરસોલીક એસિડ નામનું એક કમ્પાઉન્ડ હોય છે, જે ફેટ ઘટાડવા માટે અને મસલ્સને મજબૂત કરવા માટે મદદરૂપ હોય છે. છાલ વિના સફરજન ખાવા પાછળની ચિંતાઓ, જંતુનાશકોનું જોખમ, આ એક મુખ્ય કારણ છે જેના કારણે લોકો સફરજનની છાલ ખાવાનું પસંદ નથી કરતા. માર્કેટમાં વેચાતા સફરજન પર પેસ્ટિસાઈડ્સ અને વેક્સનું લેયર હોય છે, જેથી તે શાઈની લાગે અને લાંબા સમય સુધી ફ્રેશ રહે. આ કેમિકલ સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે. પાચન સમસ્યાઓ, કેટલાક લોકોને સફરજનની છાલ પચાવવામાં મુશ્કેલી થઈ શકે છે, ખાસ કરીને બાળકો, વડીલો કે પેટ સંબંધિત સમસ્યાઓથી પીડાતા લોકોને. જેથી છાલ હટાવીને સફરજન ખાવું યોગ્ય માનવામાં આવે છે. છાલ સાથે સફરજન ખાવું કે છાલ વિના? જો તમે ઓર્ગેનિક કે દેશી રીતે ઉગેલું સફરજન ખાઓ છો, તો તેને સારી રીતે ધોઈને છાલ સાથે ખાવું યોગ્ય માનવામાં આવે છે.બજારમાંથી ખરીદવામાં આવેલા સફરજનને ખાતા પહેલાં તેને હૂંફાળા પાણીમાં વિનેગર કે મીઠું નાખીને તેમાં ધોવા જોઈએ, જેથી તેના પરનું કેમિકલ અને વેક્સવાળું લેયર હટી શકે. જો છતાં પણ તમને શંકા હોય કે પેટમાં સમસ્યા હોય તો છાલ હટાવીને સફરજન ખાવું વધુ સારું છે. સફરજન એક પોષણથી ભરપૂર ફળ છે, જે સ્વાસ્થ્ય માટે બહુ ફાયદાકારક છે. તેમાં ફાઈબર, વિટામિન્સ, પોટેશિયમ અને એન્ટીઓક્સીડેન્ટ્સ જેવી જરૂરી તત્વો મળે છે. લોકો ઘણાવાર વિચારતા હોય છે કે સફરજન છાલ સહિત ખાવું જોઈએ કે નહિ? સફરજનની છાલમાં પેક્ટિન ફાઈબર હોય છે, જે પાચન તંત્ર માટે લાભદાયી છે. એ કબજિયાત જેવી સમસ્યાઓથી રાહત આપે છે. છાલમાં ક્વેર્સેટિન અને પોલિફેનોલ્સ જેવા એન્ટીઓક્સિડન્ટ હોય છે, જે ફ્રી રેડિકલ્સથી લડીને હૃદયરોગ અને કેન્સર જેવી બીમારીઓનો ખતરો ઘટાડી શકે છે. સાથે જ છાલમાં વિટામિન ઝ, બી૬ અને પોટેશિયમ, કેલ્શિયમ જેવા મિનરલ્સ હોય છે, જે શરીરને મજબૂત બનાવે છે. યુરસોલીક એસિડ જેવી તત્વો ચરબી ઘટાડવામાં અને મસલ્સ મજબૂત કરવામાં મદદ કરે છે. છાલ સાથે ખાવાના નિશ્ચિત ફાયદા છે, પણ એક ચિંતા જંતુનાશકોની છે. બજારથી આવેલા સફરજન પર પેસ્ટિસાઈડ્સ અને વેક્સ હોય છે, જેને હટાવવું જરૂરી છે. તેનો ઉકેલ એ છે કે તેને હળવા ગર્મ પાણીમાં મીઠું કે વિનેગર સાથે ધોઈ શકાય છે. ઓર્ગેનિક સફરજન હોય તો છાલ સાથે ખાવું વધુ સારું છે. પરંતુ જેમને પાચન સમસ્યા હોય કે બાળકો/વૃદ્ધો હોય, તેઓ માટે છાલ વિના ખાવું વધુ યોગ્ય હોય શકે. અંતે, તમારી શરીરની જરૂરિયાત અને સફરજનની ગુણવત્તાને આધારે નિર્ણય લેવો વધુ યોગ્ય છે.

**એલોવેરા જેલમાં આ વસ્તુ મિક્સ કરીને રફ વાળમાં લગાવો, સિલ્કી અને શાઇની થઈ જશે**

# સિલ્કી અને શાઇની થઈ જશે રફ વાળ

**એલોવેરા જેલમાં આ વસ્તુ મિક્સ કરીને વાળમાં લગાવશો તો હેર મસ્ત સિલ્કી અને શાઇની થઈ જશે, આ પેસ્ટ તમને અનેક રીતે કામમાં આવશે**



આજના આ સમયમાં મોટાભાગના લોકોને વાળને લગતી તકલીફો હોય છે. વાળ રફ થવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. રફ વાળમાં તમે આ રીતે એલોવેરા જેલ લગાવો છો તો મસ્ત સિલ્કી અને શાઈની થઈ જશે. એલોવેરા જેલ વાળ અને સ્કિન માટે અનેક રીતે ગુણકારી છે. તો જાણો રફ વાળમાં કેવી રીતે એલોવેરા જેલ લગાવશો? એલોવેરા જેલ તમે વાળમાં ડાયરેક્ટ પણ એપ્લાય કરી શકો છો. પરંતુ તમારા વાળ રફ વધારે થઈ ગયા છે તો તમે એલોવેરા જેલમાં દહીં મિક્સ કરીને લગાવો. આ માટે જરૂર મુજબ એલોવેરા જેલ લો. ત્યારબાદ આ જેલમાં બે ચમચી ખાટું દહીં મિક્સ કરો. હવે આ પેસ્ટને બરાબર મિક્સ કરી દો. ત્યારબાદ એલોવેરા જેલની આ પેસ્ટ વાળમાં લગાવો અને અડધો કલાક માટે રહેવા દો. પછી હેર વોશ કરી દો. આ પેસ્ટ તમે રેગ્યુલર વાળમાં લગાવશો તો હેર મસ્ત થઈ જશે. એલોવેરા જેલ અને દહીં આ બંને વસ્તુ વાળ માટે અનેક રીતે ગુણકારી છે. એલોવેરા જેલ અને દહીં તમારા રફ વાળને પૂરતા પ્રમાણમાં પોષણ આપવાનું કામ કરે છે. આ કારણે રફ હેર મસ્ત સિલ્કી અને શાઈની થાય છે. આમ, તમારા વાળ રફ વધારે થઈ ગયા છે તો તમે આ પેસ્ટ લગાવવાનું શરૂ કરી દો. આ પેસ્ટ તમે રેગ્યુલર વાળમાં એપ્લાય કરશો તો ગ્રોથ પણ સારો વધશે. ગ્રોથ વધારવા માટે એલોવેરા જેલ અનેક રીતે ગુણકારી છે. આમ, એક વાતનું ખાસ ધ્યાન એ રાખજો કે દહીં તમારે ખાટું લેવાનું છે. આ દહીં તમે લોખંડના વાટકામાં પણ મૂકી શકો છો. ફ્રિજમાં મૂકેલું દહીં શક્ય હોય ત્યાં સુધી લેશો નહીં. ખાટું દહીં વાળ માટે અનેક રીતે ગુણકારી છે. ખાટું દહીં વાળમાં વધારે અસર કરે છે. આજકાલના સમયમાં વાળની સમસ્યાઓ સામાન્ય થઈ ગઈ છે, ખાસ કરીને રફ અને ડ્રાય વાળ. આવી પરિસ્થિતિમાં એલોવેરા જેલ એક અસરકારક ઘરગથ્થું ઉપાય છે. એ વાળને નમ બનાવે છે અને તેમને પોષણ આપે છે. રફ વાળ માટે એલોવેરા જેલમાં દહીં મિક્સ કરીને લગાવશો તો વધુ સારું પરિણામ મળશે. પધ્ધતિ ખૂબ સરળ છેઃ જરૂરી પ્રમાણે તાજું એલોવેરા જેલ લો. તેમાં ૨ ચમચી ખાટું દહીં ઉમેરો. પેસ્ટને સારી રીતે મિક્સ કરો. હવે આ મિશ્રણને વાળની જડેથી માંડથી લગાવો. તેને લગભગ ૩૦ મિનિટ રહેવા દો. પછી સામાન્ય શેમ્પૂથી હેરવોશ કરો. આ પેસ્ટ વાળને જર્કંહીજજ આપે છે, તેમને શાઈન આપે છે અને સ્કાલ્પને પોષણ આપે છે. એલોવેરા જેલ વાળની ગ્રોથ માટે પણ ફાયદાકારક છે. રેગ્યુલર ઉપયોગથી વાળ મજબૂત અને ઘણા થાય છે. ખાસ ધ્યાન રાખવું કે દહીં ખાટું હોય અને તાજું હોય, ફ્રિજમાંથી ન લાવેલું. આ ઉપાય પૂરતી કાળજી અને નિયમિતતાથી અપનાવશો તો રફ વાળથી મુક્તિ મળી શકે છે. (અહીં આપવામાં આવેલી માહિતી સામાન્ય જાણકારી આધારિત છે. કોઈ પણ ઉપાય અજમાવતા પહેલાં એક્સપર્ટની સલાહ લેવી આવશ્યક છે.)


# સવારે ઊઠીને કરો આ કામ, ત્વચા-પેટની સમસ્યા થશે દૂર



**મુલાયમ બનશે ફાટેલી એડી, સવારે વાસી લાળમાં એન્ટિસેપ્ટિક ગુણ હોય છે. તેનો ઉપયોગ વિવિધ રોગોને ઠીક કરવા માટે થાય છે, તેમાં રહેલા એન્ઝાઇમ પાચનને ઠીક રાખવા ઉપરાંત આંખ, ત્વચા સહિત ઘણી વસ્તુઓ માટે ફાયદાકારક છે**

સવારે વાસી લાળમાં એન્ટિસેપ્ટિક ગુણ હોય છે. તેનો ઉપયોગ વિવિધ રોગોને ઠીક કરવા માટે થાય છે. તેમાં રહેલા એન્ઝાઈમ પાચનને ઠીક રાખવા ઉપરાંત આંખ, ત્વચા સહિત ઘણી વસ્તુઓ માટે ફાયદાકારક છે. આપણી થૂક ઘણી બીમારીઓ માટે દવા સમાન છે. આ વાત બહુ ઓછા લોકો જાણે છે, પરંતુ વાસી લાળ ખરેખર ચમત્કારી છે. આયુર્વેદમાં પણ આથી ઘણી બિમારીઓનો ઉપચાર કરવામાં આવે છે. સવારે ખાલી પેટ તેનો ઉપયોગ કરવાથી ચહેરાની ચમક, પેટની તંદુરસ્તી સહિત ઘણી સમસ્યાઓને ઠીક કરી શકાય છે. સવારે વાસી લાળમાં એન્ટિસેપ્ટિક ગુણ હોય છે. તેનો ઉપયોગ વિવિધ રોગોને ઠીક કરવા માટે થાય છે. તેમાં રહેલા એન્ઝાઈમ પાચનને ઠીક રાખવા ઉપરાંત આંખ, ત્વચા સહિત ઘણી વસ્તુઓ માટે ફાયદાકારક છે. એક્ને, ફોડા-ફુંસી અને ઘાવ પર અસરકારક સવારે બાસી થૂકમાં એન્ટી-બેક્ટેરિયલ અને એન્ટીફંગલ ગુણ હોય છે જે ત્વચાને ફાયદો પહોંચાડે છે. જેમના ચહેરા પર મુહાંસા છે, એટલે કે તેમના ચહેરા પર બેક્ટેરિયા ઝડપ થી વધે છે, તેમને સવારે ઉઠતાની સાથે ચહેરા પર લાર લગાવવી જોઈએ. તેને ચહેરા પર ૧૫ મિનિટ માટે રાખો અને પછી પાણીથી ધોઈ લો. આમ કરવાથી ત્વચા ગ્લો કરવા લાગશે. લારથી ચહેરાના દાગ-ધબ્બા અને ફંગલ ઈન્ફેક્શન ઝડપથી દૂર થાય છે. જેમના શરીરમાં ફોડા-ફુંસી છે અથવા ઘાવ થયો છે, તેમને પણ આ નુસખો અપનાવવો જોઈએ. ત્વચા પર તેનો અસર ઝડપથી જોવા મળશે. સવારે વાસી લાળ પાચન શક્તિને મજબૂત બનાવે છે. જેમને ગેસ, કબજિયાત, એસિડિટી અથવા બ્લોટિંગની સમસ્યા રહે છે, તેમને આ દેશી ઉપાય જરૂર કરવો જોઈએ. આ સમસ્યાને ઠીક કરવા માટે ઉઠતાની સાથે ખાલી પેટ વગર બ્રશ કે કુલ્લા કર્યા ૧ ગ્લાસ પાણી પી લો. પાણી સાથે લાળના એન્ઝાઈમ પેટમાં પહોંચી જશે અને પેટની સમસ્યાને દૂર કરી દેશે. આજકાલ બધા લોકો પોતાનો સમય મોબાઈલ અથવા લેપટોપની સ્ક્રીન સામે વિતાવે છે. આથી આંખો ઝડપથી થાકી જાય છે. આથી આંખોની રોશની ઘટી શકે છે, તેમાં બળતરા અને ખંજવાળ થઈ શકે છે અથવા આંખો લાલ પણ થઈ શકે છે. આ જ નહીં, આંખોના નીચે ડાર્ક સર્કલ પણ સતાવવા લાગે છે. આ સમસ્યાને દૂર કરવા માટે આયુર્વેદ અનુસાર વાસી લાળને આંગળીની મદદથી આંખોના બાહ્ય ભાગમાં ચારેય બાજુ લગાવવું જોઈએ. ભૂલથી પણ થૂક આંખોમાં અંદર ન જાય તેનું ધ્યાન રાખવું. આનાથી આંખને આરામ મળવા લાગે છે. ઉઘાડા પગે ચાલવાથી અથવા માપ કરતા નાના ફૂટવેર પહેરવાથી ઘણીવાર એડીઓ ફાટી જાય છે. કેટલાક લોકો એડીઓને મોઈશ્ચરાઈઝ પણ નથી કરતા, તેનાથી પણ એવું થાય છે. જો એડીઓ ફાટી રહી છે, તો તેના પર સવારે વાસી લાળનો લેપ લગાવો અને ૧૫ થી ૨૦ મિનિટ પછી પગને હૂંફાળા નવસેકા પાણીથી ધોઈ લો.

## સ્ટ્રેચ માર્ક્સથી પરેશાન છો?



સ્કિન પર સ્ટ્રેચ માર્ક્સ થવું સામાન્ય વાત છે. વજનમાં ફેરફાર અથવા પ્રેગ્નન્સી દરમિયાન સ્કિન પર આ નિશાન આવી જાય છે, જે દેખાવમાં સારા નથી લાગતા. આપણે બધા આ સ્ટ્રેચ માર્ક્સથી છુટકારો મેળવવા માંગીએ છીએ અને તેના માટે વિવિધ પ્રકારની ક્રીમ્સ વગેરેનો ઉપયોગ કરીએ છીએ. પરંતુ કેટલાક સ્ટ્રેચ માર્ક્સ ખૂબ જ જીદ્દી હોય છે અને તેથી તેમાંથી છુટકારો મેળવવો સરળ નથી. જો તમે પણ આવા નિશાનોને કારણે પરેશાન છો, તો હવે તમે સરળ અને ઘરગથ્થુ ઉપાય અપનાવી શકો છો. તમને કદાચ ખબર ન હોય, પરંતુ તમારી કિચનમાં જ એવી ઘણી વસ્તુઓ હોય છે, જે આ સ્ટ્રેચ માર્ક્સથી છુટકારો મેળવવામાં તમારી ઘણી મદદ કરી શકે છે. સ્ટ્રેચ માર્ક્સ માટે આદુ અને લીંબુનો ઉપયોગ કરવો ખૂબ જ સારો ઉપાય માનવામાં આવે છે. આદુ સોજો ઘટાડવામાં અને બ્લડ સર્ક્યુલેશનને સુધારવામાં અને સ્કિન સારી કરવામાં મદદગાર હોઈ શકે છે. જ્યારે વિટામિન ઝ યુક્ત લીંબુ કોલેજન ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે અને ઊંડા નિશાનોને હળવા કરે છે. તો ચાલો આજે જાણીએ કે, તમે સ્ટ્રેચ માર્ક્સના નિશાનોને હળવા કરવા માટે આદુ અને લીંબુનો ઉપયોગ કેવી રીતે કરી શકો છો. આદુમાં એન્ટી-ઈન્ફ્લેમેટરી અને એન્ટી-ઓક્સિડન્ટ ગુણ હોય છે, જે બ્લડ સર્ક્યુલેશનને સુધારે છે અને સાથે સાથે નવી અને હેલ્ધી સ્કિન સેલ્સની વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. આદુ કોલેજન ઉત્પાદનમાં પણ મદદ કરે છે, જેના કારણે સ્ટ્રેચ માર્ક્સને હીલ કરવામાં ઘણી મદદ મળે છે. જ્યારે લીંબુમાં વિટામિન ઝ ભરપૂર માત્રામાં હોય છે. તે કોલેજન બનાવવામાં અને સ્કિનના રિજનરેશનમાં મદદ કરે છે. જ્યારે તમે તેને તમારા સ્કિન કેર રૂટિનમાં સામેલ કરો છો, તો તે સ્ટ્રેચ માર્ક્સના નિશાનને હળવા કરવામાં ઘણી મદદ કરે છે.

# એલોવેરા જેલમાં આ વસ્તુ મિક્સ કરીને લગાવો; કાળાશ થશે દૂર

**ઘૂંટણ કાળા દેખાય છે, આવું ઘણા કારણોસર થઈ શકતું હોય છે, ઘરગથ્થુ વસ્તુઓનો ઉપયોગ કરીને તમારી સ્કિનને સાફ કરી શકો છો**



જો કે ઘણી વાર અનેક મોંઘી પ્રોડક્ટ યુઝ કર્યા પછી પણ તેની કાળાશ જતી હોતી નથી. આ સ્થિતિમાં, તમે કેટલીક ઘરગથ્થુ વસ્તુઓનો ઉપયોગ કરીને તમારી સ્કિનને સાફ કરી શકો છો. દરેક લોકોને બ્યુટીફૂલ દેખાવું પસંદ હોય છે. આ માટે અનેક સ્કિનકેર કરતા હોય છે. જો કે ઘણી વાર આખી બોડી સરખી હોય છે. પરંતુ ઘૂંટણ કાળા દેખાય છે. આવું ઘણા કારણોસર થઈ શકતું હોય છે. જો કે ઘણી વાર અનેક મોંઘી પ્રોડક્ટ યુઝ કર્યા પછી પણ તેની કાળાશ જતી હોતી નથી. આ કારણે આપણે શોર્ટ ડ્રેસ પહેરતા પહેલા વિચારવું પડે છે. કારણ કે પગની સ્કિન ટોન અલગ-અલગ દેખાવા લાગે છે. આ સ્થિતિમાં, તમે કેટલીક ઘરગથ્થુ વસ્તુઓનો ઉપયોગ કરીને તમારી સ્કિનને સાફ કરી શકો છો. આથી તમારા ઘૂંટણ સાફ થઈ શકે છે અને તમને શોર્ટ ડ્રેસ પહેરવામાં કોઈ મુશ્કેલી નહીં થાય. તમારા ઘૂંટણને સાફ કરવા માટે તમે એલોવેરા જેલ અને હળદરનો ઉપયોગ કરી શકો છો. આથી તમારા ઘૂંટણ સાફ થઈ જશે અને તમારી સ્કિન પણ સમાન દેખાશે. તેનો ઉપયોગ કરવો પણ ખૂબ જ સરળ છે. એક વાટકીમાં તાજું એલોવેરા જેલ કાઢો. તેમાં હળદર પાઉડર મિક્સ કરો. આ મિશ્રણને તમારા ઘૂંટણ પર લગાવો. આ પેસ્ટ લગાવ્યા પછી હળવા હાથથી મસાજ કરો. પછી તેને સૂકવા દો. ત્યારબાદ પાણીથી તમારા પગ સાફ કરો. આ પેસ્ટને તમે અઠવાડિયામાં ૨ વાર લગાવશો, તો તમારા ઘૂંટણ સાફ દેખાશે. બટાકાના રસનો ઉપયોગ કાળા ઘૂંટણને સાફ કરવા માટે તમે બટાકાના રસનો પણ ઉપયોગ કરી શકો છો. આથી તમારી સ્કિન સાફ થઈ જશે. તેનો ઉપયોગ કરવો પણ ખૂબ જ સરળ છે. તમે તેને રોજ પણ તમારા ઘૂંટણ પર લગાવી શકો છો.

# આ ફળની છાલ ચહેરા પર ઘસો! સ્કિન થશે બ્રાઇટ અને ગ્લોઈંગ

**તે તમારી સ્કિન પર દવા જેવું કામ કરે છે અને ચહેરાને ચમકદાર અને ડાઘ રહિત બનાવી શકે છે..**



આપણે ડેઈલી ઘણા બધા અલગ પ્રકારના ફળો ખાતા હોઈએ છીએ. એ જેટલા આપણા શરીર માટે ફાયદાકારક છે એટલા જ આપણી સ્કિન માટે પણ સારા છે. ઘણા એવા ફ્રૂટ્સ છે જે સ્કિન માટે ખુબ જ પ્રોડક્ટ્સ કરતા પણ સારું કામ કરે છે. એવું જ એક ફળ છે કેળા. કેળાને તેની પોષક મૂલ્યને કારણે સુપરફૂડની શ્રેણીમાં રાખવામાં આવ્યું છે. પરંતુ શું તમે જાણો છો કે જેટલા વિટામિન્સ અને મિનરલ્સ કેળામાં હોય છે, તેનાથી વધુ એન્ટીઓક્સિડન્ટ્સ અને ખનિજ તેની છાલમાં હોય છે? હા, આમ તો આ છાલને ખાવા માટે ઉપયોગી નથી, આ માટે જ સામાન્ય રીતે લોકો તેને કચરામાં ફેંકી દે છે. પરંતુ તમને જાણીને આશ્ચર્ય થશે કે તમે આ છાલનો ઉપયોગ તમારી ત્વચાની સંભાળ માટે કરી શકો છો. આ છાલ ત્વચાના પોર્સની સમસ્યાઓ દૂર કરવા, ત્વચાને હેલ્ધી રાખવા અને ચહેરા પર નેચરલ ગ્લો લાવવા માટે ખૂબ અસરકારક હોઈ શકે છે. જો તમારે સમય ઓછો હોય તો તમે કેળાની છાલને સીધા ચહેરા પર રગડી શકો છો. માટે ચહેરો સાફ કરી લો અને પછી છાલના અંદરના ભાગને ત્વચા પર હળવા હાથથી રગડો. લગભગ ૧૫ મિનિટ પછી ઠંડા પાણીથી ચહેરો ધોઈ લો. થોડા જ દિવસોમાં ત્વચા સાફ, નીખરી અને હેલ્ધી દેખાવા લાગશે. જો તમે કેળાની છાલથી ફેસ માસ્ક બનાવવા માંગો છો તો સૌથી પહેલા એક પાકેલું કેળું લો અને તેની છાલ ઉતારીને નાના ટુકડાઓમાં કાપી લો. હવે એક ચમચી મધ, એક ચમચી તાજું દહીં અને કેળાના બે સ્લાઈસ આ ટુકડાઓ સાથે મિક્સરમાં નાખો. આ બધું સારી રીતે પીસી લો. તૈયાર મિશ્રણને એક વાટકીમાં કાઢી લો. આ ફેસ માસ્ક ત્વચાને ડીપ ક્લીન કરવા અને ચહેરા પર નેચરલ ગ્લો લાવવા માટે મદદ કરે છે. ચહેરો અને ગળાને સારી રીતે ધોઈને સાફ કરી લો.

## તંત્રી લેખ...

# પાકિસ્તાને તેના પરમાણુ શસ્ત્રો અંગે પહેલું નિવેદન આપ્યું


ભારતના ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનના પરમાણુને ખરેખર નુકસાન થયું હતુ કે કેમ, શું ભારતની મિસાઈલો પાકિસ્તાનના પરમાણુ સંગ્રહ સુવિધાઓની નજીક પડી હતી કે કેમ તે પ્રશ્ન પર પાકિસ્તાનનું પહેલું સત્તાવાર નિવેદન બહાર આવ્યું છે. પાકિસ્તાને કહ્યું કે તેના પરમાણુ સુવિધાઓ અને પરમાણુ ભંડાર સંપૂર્ણપણે સુરક્ષિત છે. પાકિસ્તાને કહ્યું કે તેની પરમાણુ શસ્ત્ર પ્રણાલી અને કમાન્ડ અને નિયંત્રણ માળખું સંપૂર્ણપણે સલામત અને મજબૂત છે. ભારતીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહના તાજેતરના નિવેદન બાદ વિદેશ કાર્યાલયે આ નિવેદન આપ્યું છે, જેમાં તેમણે માંગ કરી હતી કે પાકિસ્તાનના પરમાણુ શસ્ત્રોને આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (IAEA) ની દેખરેખ હેઠળ લાવવામાં આવે. વિદેશ કાર્યાલયે મીડિયાના પ્રશ્નોના જવાબમાં એક સત્તાવાર નિવેદન જાહેર કરીને કહ્યું કે, પાકિસ્તાન તેના પરમાણુ શસ્ત્રોની સુરક્ષા અને તેના કમાન્ડ અને કંટ્રોલ માળખાની મજબૂતાઈ અંગે સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે. પાકિસ્તાને કહ્યું કે અમારા પરમાણુ શસ્ત્રો સંપૂર્ણપણે સુરક્ષિત છે. પાકિસ્તાનના પરમાણુ શસ્ત્રો ખોટા હાથમાં જવાના વધતા ખતરાને ધ્યાનમાં રાખીને વિશ્વ પ્રાદેશિક સુરક્ષા અંગે ચિંતિત બન્યું છે. જોકે, પાકિસ્તાને કહ્યું છે કે આંતરરાષ્ટ્રીય સમુદાયે ભારતના પરમાણુ કાર્યક્રમ અંગે વધુ ચિંતિત રહેવું જોઈએ. પાકિસ્તાને આરોપ લગાવ્યો કે, "ભારતના રાજકીય વાતાવરણ, મીડિયા અને સમાજના વર્ગોમાં વધતી જતી કટ્ટરપંથીતા કાયદેસર પરમાણુ સુરક્ષા ચિંતાઓને જન્મ આપે છે. પાકિસ્તાની વિદેશ મંત્રાલયનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ શસ્ત્રો અને પ્રાદેશિક સુરક્ષાને લઈને નિવેદનબાજી વધુ તીવ્ર બની છે.

## રમતગમત મંત્રાલયે રાષ્ટ્રીય રમતગમત સંઘોને સહાયતાના ધોરણોમાં સુધારો કર્યો

યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે NSFsને સહાય યોજના હેઠળ રાષ્ટ્રીય રમતગમત ફેડરેશન (NSFs)ને સહાય આપવાના ધોરણોમાં સુધારો કર્યો છે. ધોરણોમાં છેલ્લો સુધારો ફેબ્રુઆરી ૨૦૨૨માં કરવામાં આવ્યો હતો. પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ પછી, એક નવું ઓલિમ્પિક ચક્ર શરૂ થયું છે, જેના કારણે બદલાતી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ધોરણોની સમીક્ષા કરવાની જરૂર પડી છે. આ વ્યાપક સમીક્ષા ઉભરતા પડકારોનો સામનો કરવા અને ૨૦૩૬ ઓલિમ્પિક રમતોનું આયોજન કરવાની ભારતની આકાંક્ષાને ટેકો આપવા માટે હાથ ધરવામાં આવી હતી. ધોરણોમાં સુધારો કરતી વખતે, મંત્રાલયે તાલીમ, માળખાગત વિકાસ, સાધનોની ખરીદી અને રમતવીર કલ્યાણ કાર્યક્રમો સાથે સંકળાયેલા ખર્ચમાં ફુગાવાને કારણે વધેલા ખર્ચને ધ્યાનમાં લીધો છે. કેટલાક ઘટકો માટે સહાયની માત્રામાં વધારો કરવા ઉપરાંત, પ્રથમ વખત કેટલાક નવા પગલાં પણ રજૂ કરવામાં આવ્યા છે. સુધારેલી યોજના હેઠળ, NSF ને ખાતરી કરવાની ફરજ પાડવામાં આવી છે કે તેમના વાર્ષિક બજેટના ઓછામાં ઓછા ૨૦% તેમના સંલગ્ન એકમો દ્વારા પાયાના વિકાસ માટે, ખાસ કરીને જુનિયર અને યુવા વિકાસ માટે, બેન્ચ સ્ટ્રેન્થના વિકાસને સુનિશ્ચિત કરવા માટે, ગ્રાસરૂટ વિકાસ માટે રાખવામાં આવે. હેઠળ પૂરા પાડવામાં આવતા ભંડોળના ઓછામાં ઓછા ૧૦% કોચ અને ટેકનિકલ સ્ટાફના વિકાસ માટે ફાળવવામાં આવશે. આમાં ભારતમાં તાલીમ અભ્યાસક્રમોનું સંચાલન, વિદેશમાં ભારતીય કર્મચારીઓ માટે અભ્યાસક્રમો, કોચિંગ અભ્યાસક્રમનો વિકાસ, પરિષદો, સેમિનાર અને વર્કશોપનું આયોજન અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર કાર્યક્રમો સહિત આવા વર્કશોપ અથવા અભ્યાસક્રમોના સંચાલન માટે વિદેશી અથવા ભારતીય નિષ્ણાતોની સંડોવણીનો સમાવેશ થાય છે. બધા NSF એ તાલીમ આપનારા ઓને સમર્પિત કોચિંગ શિક્ષણ નિષ્ણાતની નિમણૂક કરવાની પણ જરૂર પડશે. વિદેશી નિષ્ણાતોને તાલીમ સિવાયના સમયગાળા દરમિયાન સ્થાનિક અધિકારીઓ અને કોચને તાલીમ આપવા અને ક્ષમતા નિર્માણ કરવા માટે પણ ફરજ પાડવામાં આવશે, જે સરકાર દ્વારા સંબંધિત NSF સાથે પરામર્શ કરીને નક્કી કરવામાં આવશે. આ જરૂરિયાત મુખ્ય પરિણામો ક્ષેત્રો (KRAs) નો ભાગ હશે. રૂ. ૧૦ કરોડ અને તેથી વધુના વાર્ષિક બજેટ ધરાવતી NSFs એ ફરજિયાતપણે એક ઉચ્ચ-પ્રદર્શન નિયામક (HPD)ની નિમણૂક કરવી પડશે, જે રમતના એકંદર તકનીકી વિકાસ કાર્યક્રમની ડિઝાઇન અને દેખરેખ માટે જવાબદાર રહેશે. NSFs HPD માટે KRAs વ્યાખ્યાયિત કરશે, જે તેમના ભરતી કરારમાં સામેલ હશે. ઉચ્ચ પ્રાથમિકતા અને પ્રાથમિકતા ધરાવતી રમત શાખાઓના NSF બે શ્રેણીઓમાં - સિનિયર ગ્રુપ અને જુનિયર ગ્રુપ - ઉચ્ચ પ્રદર્શન ક્ષમતા ધરાવતા ખેલાડીઓના સંભવિત જૂથોને ઓળખશે. આ સંભવિત જૂથના ખેલાડીઓને તાલીમ આપતી એકેડેમીઓને કોચ અને ટેકનિકલ સ્ટાફ માટે સહાય પૂરી પાડીને મજબૂત બનાવવામાં આવશે. રમતગમત વિજ્ઞાન સેવાઓ અને વિશિષ્ટ સાધનો માટે વધારાનો ટેકો પૂરો પાડવામાં આવશે. સંભવિત ગ્રુપ એથ્લેટ્સની તાલીમ માટે NSF એ પસંદગીની એકેડેમીઓને ઓળખવી અને માન્યતા આપવી જરૂરી રહેશે. આ એકેડેમીઓની પસંદગી NSF દ્વારા ન્યાયી અને પારદર્શક રીતે કરવી જોઈએ. દરેક રમત માટે આ માન્યતા પ્રાપ્ત એકેડેમીઓમાં આપવામાં આવતા તાલીમ કાર્યક્રમોનું નિરીક્ષણ સંબંધિત HPD દ્વારા કરવામાં આવશે. ભંડોળ માટેની તેમની દરખાસ્તોમાં NSF દ્વારા આ દરેક એકેડેમીનું અંતર વિશ્લેષણ રજૂ કરવામાં આવશે. કેમ્પ સિવાયના દિવસો માટે દરેક સંભવિત ગ્રુપ એથ્લીટને દર મહિને રૂ.૧૦,૦૦૦નું આહાર ભથ્થું આપવામાં આવશે, જેથી ખાતરી કરી શકાય કે આ સમયગાળા દરમિયાન તેઓ યોગ્ય પોષણથી વંચિત ન રહે. NSFના કાર્યોનું વ્યાવસાયિક સંચાલન કરવા માટે, વહીવટી કર્મચારીઓની સંલગ્નતા માટે સહાય પૂરી પાડવામાં આવશે. ભંડોળના ૧૦% સુધી CEO અથવા ડિરેક્ટર જેવા વહીવટી કર્મચારીઓ માટે ફાળવવામાં આવશે, જેને નાણાકીય અને એકાઉન્ટિંગ, સ્પર્ધાઓ, કોચ વિકાસ અને પ્રાપ્તિ, IT, કાનૂની બાબતો, ઓફિસ સહાયકો, ઈન્ટર્ન વગેરે માટે મેનેજરો દ્વારા સમર્થન આપવામાં આવશે. સુધારેલી યોજના હેઠળ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ ના સંચાલન, ભારતમાં આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટના આયોજન, આહાર ખર્ચ અને કોચના પગાર માટે નાણાકીય સહાયની રકમમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય ચેમ્પિયનશિપના સંચાલન માટે નાણાકીય સહાય હાલના રૂ.૫૧ લાખથી વધારીને રૂ. ૯૦ લાખ અને પ્રાથમિકતા ધરાવતી રમતો માટે રૂ. ૭૫ લાખ કરવામાં આવી છે.

**ધર્મની વાત કરીએ તો જે કટ્ટરતા શીખવે એ ધર્મ નથી! એ લોકોની જેમ આપણે ત્યાં પણ ત્રિકાળ સંધ્યાની પરંપરા હતી**


# શું સમય પ્રમાણે ત્રણવાર બંદગી કરવી એ જ છે ધર્મની વ્યાખ્યા ??!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**વિશ્વભરમાં પ્રસરેલી હિન્દુ પ્રજા પોતાના સ્વભાવની મીઠાશને કારણે દૂધમાં સાકર ભળે તેમ ભળી ગઈ છે, અને હવે તો મહત્વના હોદ્દા પર પણ એનો પ્રવેશ થયો છે. નો ડાઉટ! એ લોકોની સંસ્કૃતિને અપનાવી રહી છે, અને આહાર વિહાર પણ બગાડ્યા છે, પરંતુ સાથોસાથ આપણી સંસ્કૃતિ પણ ત્યાં ઉજાગર કરી રહી છે, એ ભૂલવું જોઈએ નહીં. બોલીવુડ આપણે ત્યાં આ બધી વાતનું પેરા મીટર ગણાય છે.**

ઓપરેશન સિંદુર પછી સોશિયલ મીડિયા એકદમ એક્ટિવ થઈ ગયું છે! કોઈ કોઈ મુસ્લિમ હિન્દુ સનાતન ખૂબ ઉચ્ચ આદર્શ ધર્મ છે, એવાં વિડિયો વાયરલ કરે છે, તો કોઈ કોઈ હિન્દુ ધર્મને નામે કંઈ જ કરતો નથી, માટે જો આવનારી પેઢી ધ્યાન દેશે નહીં તો હિન્દુ ધર્મ નષ્ટ થશે! એવાં પણ વિડિયો વાયરલ કરે છે. વિશ્વનાં ૪૦ ઉપરના દેશો ઈસ્લામ ધર્મને અનુસરે છે, આ ઉપરાંત હિન્દુ જેમ મુસ્લિમ પ્રજા પણ વિશ્વના બધા જ દેશોમાં વસવાટ કરે છે! અને એ પણ કટ્ટર ધર્મ ચુસ્ત રીતે! એટલે બહુ સ્વાભાવિક રીતે જ ચિંતિત કરે એવી વાત તો છે જ. કારણકે આઝાદી પછી ભારતનાં રાજકારણમાં આ વખતને બાદ કરતાં એક વાત આટલા વર્ષોથી જોવા મળી રહી છે, અને એ છે કોમવાદ! પાડોશમાં રહેતાં હિન્દુ મુસ્લિમ પરિવારમાં ગમે તેટલો ભાઈચારો હોય, પણ રાજકારણને કારણે આવા સમયે કોઈને કોઈ પ્રકારના કોલાહલો થાય, અને સમાજમાં એના પડઘા પડે! પણ સનાતન હિન્દુ ધર્મની તોલે કોઈ આવે નહીં એટલે આ વખતની જેમ દર વખતે એ લોકો બચી જાય. વિશ્વભરમાં પ્રસરેલી હિન્દુ પ્રજા પોતાના સ્વભાવની મીઠાશને કારણે દૂધમાં સાકર ભળે તેમ ભળી ગઈ છે, અને હવે તો મહત્વના હોદ્દા પર પણ એનો પ્રવેશ થયો છે. નો ડાઉટ! એ લોકોની સંસ્કૃતિને અપનાવી રહી છે, અને આહાર વિહાર પણ બગાડ્યા છે, પરંતુ સાથોસાથ આપણી સંસ્કૃતિ પણ ત્યાં ઉજાગર કરી રહી છે, એ ભૂલવું જોઈએ નહીં. બોલીવુડ આપણે ત્યાં આ બધી



વાતનું પેરામીટર ગણાય છે, તો જ્યારે જ્યારે હીરો હીરોઇને લગ્ન કર્યા! આપણે જોયું કે દરેક હિરોઈન ટ્રેડિશનલ વિધિથી જ લગ્ન કર્યા છે, અને ટ્રેડિશનલ પહેરવેશ પહેરીને લાંબી લાંબી સેંથી પૂરે છે, અને પૂર્ણપણે આપણી વિધિ અનુસાર જ લગ્ન કરે છે, એ શું છે? આપણને આપણી સંસ્કૃતિ ગમે છે, અને આપણે તેને પૂર્ણ પણે અનુસરીએ છીએ! આપણાં ઘરની દીકરીઓની વાત કરીએ તો ગમે તેટલી મોર્ડન હોય એમણે પણ પોતાના લગ્ન આ રીતે જ કર્યા છે! કોઈએ મીની સ્કર્ટ પહેરીને કર્યા હોય, એવો કિસ્સો સાંભળવા મળ્યો નથી! મંદિરોમાં જવું કે ન જવું! એ દરેકનો સંસ્કારિતા મુજબનો પર્શનલ મુદ્દો છે. અમારા ઘરની વાત કરું તો વહુ દીકરીઓ મોર્ડન છતાં એટલાં જ ટ્રેડિશનલ પણ ખરાં! માત્ર પહેરવેશથી મોર્ડન નહીં પણ એટિટ્યુટ પણ મોર્ડન! રામાયણ ગીતાના પાઠ પણ નિત્ય ક્રમમાં. જન્માષ્ટમી, રામનવમી, શિવરાત્રી, અને નવરાત્રી એ ગરબો લેવો, શકાદય, વિશ્વંભરી કે જય આદ્યા શક્તિ એ બધું, એની વિધિ વિધાન સાથે પૂજા કરવી. શ્રાવણે શિવ મહિમા ગાવો, બધું એટલે બધું જ ! દિવાળી એ દીવા મુકવા, રંગોળી કરવી, વ્હેલી પ્રભાતે લક્ષ્મી પૂજા, બધુજ જેમ મેં કર્યું! માટે કોઈનાં કહેવાથી આપણી પરવરીશ પર ડાઉટ ન કરવો.

ટૂંકમાં એમણે તો આપણને સમજાવ્યું કે આપણે ધર્મ નથી અનુસરતાં, પરંતુ એ લોકોએ ધર્મને અનુસરીને શું કર્યું? બાબરથી શરૂ કરી અકબર સુધી અને બીજા નવાબો એ નરસંહાર સિવાય બીજું કર્યું છે શું?: શું સમય પ્રમાણે બંદગી કરવી એ જ છે ધર્મની વ્યાખ્યા? અને એને જવાબમાં કહેવું જોઈએ કે અમારી ચિંતા છોડી તમારું સંભાળો! હિન્દુ સનાતન ધર્મ એટલે શું? એટલે કે જે શાશ્વત છે, અને છતાં નિત નૂતનધારા સાથે પ્રવર્તમાન પણ છે. એટલે કે સમયની સાથે તેને બદલાતાં આવડે છે! તે રૂઢિચુસ્ત નથી, પ્રવાહી અને પારદર્શક પરંપરા ધરાવે છે. હા આધુનિક પેઢી થોડી વધુ આધુનિક થઈ રહી છે, પરંતુ એની માટે આપણો ધર્મ જવાબદાર નથી, બીજા ઘણા બધા પરિબળો કામ કરે છે. દરેક ભારતીયને બધા જ દૈવીય ચરિત્રો પર ખૂબ ગર્વ છે, અને કાયમ રહેશે!: તદ ઉપ રાંત ગુરુનો પણ આપણે ત્યાં વિશેષ મહિમા છે. હા સમયની સાથે સાથે સંવેદના ઓછી થતી જોવા મળે છે, એ ચિંતનીય છે. આમ તો તમારો ધર્મ, અને મારો ધર્મ એવું કહેવું, એ મને ગમે નહી! કારણકે ધર્મ માટે મારાં મનમાં એક અલગ કોન્સેપ્ટ છે. ધર્મની વાત કરીએ તો જે કટ્ટરતા શીખવે એ ધર્મ નથી! એ લોકોની જેમ આપણે ત્યાં પણ ત્રિકાળ સંધ્યાની પરંપરા હતી, જે આપણે ચૂક્યા છીએ. પણ છતાં સરહદો પરના હુમલામાં જોઈએ તો એ લોકો ધર્મને નામે અરાજકતા જ ફેલાવે છે. સાચે શું હશે એ ખબર નથી, પણ ફિલ્મોમાં જે ખૂનસ્તા બતાવાય છે, જે રીતે સ્ત્રીઓ પર અત્યાચાર થાય છે, એ બધું એટલી હદે હિન્દુ પ્રજામાં થતું નથી!: કારણ કે આપણે ત્યાં માતૃ દેવો ભવઃ એ સંસ્કૃતિનો મુખ્ય આધાર છે. એ ધર્મમાં સ્ત્રીઓ માટે ધર્મથી વધુ કંઈ નથી, અને એ જ રીતે એ જીવતાં હોવા છતાં, એમનાં સંતાનો આવા કામ કરે છે! લવ જેહાદને નામે કેટલીય યુવતીઓનાં જીવન બરબાદ કરે છે. ઘણીવાર તો આપણને આશ્ચર્ય થાય કે આવું પણ કોઈ કરી શકે! એને શું કહીશું? ધર્મ કે અધર્મ! માટે આવી પોસ્ટને પ્રોત્સાહન આપીને આપણાં ધર્મને આપણે જ શંકાની નજરે જોવો નહીં. તેમજ આજની પેઢી જે પહેરવેશમાં મંદિરે જાય તેમ જવા દેવી. પણ ખતરો છે ખરો!: અમુક પ્રજા પોતાનો પરિવાર વધારી જ રહી છે, અને આપણે....? એટલે આગળ જઈને બહુમતી થઈ શકે! વિચારો.. ત્યારે આપણને ફરજિયાત ધર્મ પરિવર્તન કરાવશે તો ? માટે આપણાં ધર્મને બચાવવા માટે નહીં, તો એ ધર્મમાં જવું ન પડે, એ માટે પણ પરિવારનું વિસ્તરણ કરવું જરૂરી છે. ખેર એ પણ છોડો. આજની યુવા પેઢી જે ન જોવું જોઈએ એવું જોઈને વધુ પડતી આધુનિક થઈ રહી છે, અથવા બગડતી જાય છે એ વાત સાચી છે. મનોરંજનને નામે આપણે જે સાધન અપનાવ્યું છે, ત્યાં પ્રતિબંધની જરૂર છે. એટલે કે ટીવી સીરીયલો, ફિલ્મો અને હવે તો સતત બીભત્સ રસ પીરસતું ઓટીટી પ્લેટફોર્મ!; એવી એવી સીરીઝ બને છે! કોઈ રોકટોક નહીં, કપડા બદલતાં હોઈએ એ રીતે સ્ત્રી પુરુષો પોતાના પાર્ટનર બદલે છે!; અને જે શારીરિક સંબંધ યુવક યુવતીઓ માટે લગ્ન પહેલા પાપ ગણાતો, એ સંબંધનો હવે કોઈ છોછ ન હોય એમ! અને એ પણ છડે ચોક! કોઈ લાજ શરમ વગર! સતત હાથમાં દારૂનો ગ્લાસ, સિગરેટ કે પછી ડ્રગ્સ! મોઢામાં ગાળ, આવું બધું સતત જોઈને ! એનો અનુભવ કરવાની આધુનિક પેઢીને જાણે પ્રેરણા મળતી હોય એવું થઈ રહ્યું છે. પોતાનું કામ કઢાવવા માટે સ્ત્રીઓ પાસે જાણે આ એક માર્ગ હોય, એ રીતે એ પણ પોતાના શરીરનો ઉપયોગ કરતાં અચકાતી નથી!: કાવાદાવા વાળી સિરિયલો, સિરીઝ, કે ફિલ્મો જોઈને આજની પેઢી બગડી રહી છે, એ સૌથી મોટો ખતરો છે!: સમાજને કોઈ સારો મેસેજ મળી રહે, એ માટે મનોરંજનના સાધન તરીકે અપનાવ્યું હતું, પણ શું એ ખરેખર સારો મેસેજ આપે છે કે નહીં? એ તો સત્તાવાળાએ જોવું જોઈએ ને?: એટલે ઘરમાંથી તો યુવક યુવતીઓ ધર્મ શીખે જ છે, પણ બહાર આ બંધો જે કચરો છે! એનું શું? સંસ્કાર સિવાય આપણા સંતાનોને કોઈ બચાવી નહીં શકે! એટલે આપણી આજની પેઢી મંદિરે જાય તો બહુ સારી જ વાત છે, પણ ન જાય તો પણ એના મનમાં આવો કચરો જાય નહીં એ ધ્યાન રાખવું. આવી પોસ્ટને ઈગ્નોર કરી, બને એટલું સંતાન પર વિરોધ કર્યા વગર ફોકસ કરવું, અને માનવતાનાં કર્મોમાં આપણી સાથે રાખવા. બાપુ કહે છે એમ પંચદેવની પૂજાનો સુક્ષ્મ અર્થ યુવાનોને સમજાવવો. આપણી સંસ્કૃતિમાં દાન એક મહત્વનું અંગ છે, કે જેનાથી માનવતા આજીવન વ્રત બની રહે, અને દરેક કુટુંબમાં એ નિયમ જ પરંપરા બને! કારણકે અંતે તો માનવતા એ જ ધર્મ છે. જય હિન્દ.

**કુદરતી સંપત્તિ નું પૂજન જતન કરવાને બદલે વિનાશ કરવા તત્પર બનીએ છીએ વૃક્ષારોપણ ઉછેરના બદલે વૃક્ષ છેદન વધુ થાય છે**

# પરીપક્વતા એટલે શું.? કોઈ ઝઘડા, કોઈ નારાજગી કે ગેર સમજ ઉપર જલ્દીથી પૂર્ણ વિરામ મારી દેવાની આવડત.!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જગતની કોઈ વસ્તુ સુંદર નથી, વિકાર આંખમાં છે એટલે વસ્તુ સુંદર લાગે છે, મનુષ્ય સૌંદર્ય પાછળ પાગલ બને છે, પણ એ જે વ્યક્તિના સૌંદર્ય પાછળ પાગલ બન્યો હોય તેના મોઢા ઉપર બળિયા આવી જાય, તો તેનું મોઢું ગમતું નથી, શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ, જગત કરતાં પણ જગ તનો સર્જનહાર સુંદર છે, લોકો સૌંદર્ય જોવા કાશ્મીર જાય છે.**

પહેલગામ પર્યટકો પર આતંક વાદી હુમલા પછી આપણા દેશના વડા પ્રધાનની નસોમાં સિંદૂર વહે છે..આ વાત જોરશોરથી વડા પ્રધાનના ભાષણમાં સાંભળવા મળી રહી છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો આપણે ઘણીવાર કુદરતી સંપત્તિ નું પૂજન જતન કરવાને બદલે વિનાશ કરવા તત્પર બનીએ છીએ વૃક્ષારોપણ ઉછેરના બદલે વૃક્ષ છેદન વધુ થાય છે. નદીઓ પહાડો ઝરણાં તળાવો જ નહીં પશુ પક્ષી ઓને ચરવાની જગ્યા પણ હડપ કરવી અને સિમેન્ટ કોંક્રિટ જંગલો ઊભા કરવા છે. ક્યારેક સુંદરતા જોઈને રાજી થઈ એ કે તેના તરફ આકર્ષણ થઈ જાય ત્યારે ભગવદ્ ગીતા જ્ઞાન શું કહે છે તે જોઈએ.

જગતની કોઈ વસ્તુ સુંદર નથી. વિકાર આંખમાં છે એટલે વસ્તુ સુંદર લાગે છે. મનુષ્ય સૌંદર્ય પાછળ પાગલ બને છે, પણ એ જે વ્યક્તિના સૌંદર્ય પાછળ પાગલ બન્યો હોય તેના મોઢા ઉપર બળિયા આવી જાય, તો તેનું મોઢું ગમતું નથી. શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ. જગત કરતાં પણ જગ તનો સર્જનહાર સુંદર છે. લોકો સૌંદર્ય જોવા કાશ્મીર જાય છે, પણ કાશ્મીર બનાવનાર મારો શ્યામ સુંદર કેટલો સુંદર હશે? એ તો નિત્ય સુંદર છે તેવું માનજો. ઠાકોરજીનાં દર્શન કરવાથી આંખ સફળ થાય છે. કર્દમ કહે છે, મહારાજ, તમારાં દર્શન કરવાથી મારી આંખ સફળ થઈ છે.નાથ તમને પ્રાપ્ત કરી સંસાર સુખની માગણી કરે તે મૂર્ખ છે.પણ બ્રહ્મા જીએ આજ્ઞા કરી છે, તેથી લગ્ન કરવાની ઈચ્છા થઈ છે. મને પત્ની જોઈતી નથી.



મારે ઘરમાં સત્સંગ જોઈએ છે. સ્ત્રી સંગએ કામસંગ નહીંપણ સત્સંગ છે.

ધર્મમાં આચરણ માટે પત્ની છું એટલે તો પત્નીને ધર્મ પત્ની કહી છે.એકલો પુરુષ કે એકલી સ્ત્રી ધર્મમાર્ગમાં આગળ વધી શકતા નથી. એકલી નાવડી સંસાર સાગર પાર કરી શકે નહીં. એકલો નાવિક પણ સંસારસાગર પાર કરી શકે નહીં. સ્ત્રીએ નાવડી અને પુરુષએ નાવિક છે. એકને બીજાનો સાથ જોઈએ. પુરુષમાં વિવેક હોય છે અને સ્ત્રીમાં સ્નેહ. વિવેક અને સ્નેહ મળશે તો ભક્તિ પ્રગટ થાય છે. પુરુષએ જ્ઞાનસ્વરૂપ છે. સ્ત્રીનું હૃદય કોમળ હોવાથી તે સમર્પણ કરે છે. સ્ત્રીએ ક્રિયાશક્તિ છે. ઘણાંને આશ્ચર્ય થશે કે, કર્દમે આટલાં વર્ષોની તપશ્ચર્યા કરી ભગવાન પાસે મુક્તિ કેમ ન માગી કર્દમે વિચાર્યું કે, હજારો જન્મોની કામવાસનાઓ સુષુપ્ત રીતે મનમાં રહેલી હોય છે,તેને સંતોષી મનુષ્ય ઉપર જે ત્રણ પ્રકારનાં ઋણ હોય છે, તેમાંથી મુક્ત થવું સારું અને તેપછી મુક્તિની ઈચ્છા રાખવી. ભગવાને કહ્યું, બે દિવસ પછી મનુ મહારાજ તમારી પાસે આવશે અને પોતાની પુત્રી દેવહુતિ તમને આપશે હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ જગતને મારે સાંખ્ય શાસ્ત્રનો ઉપદેશ કરવાનો છે. એવું કહી શ્રી હરિ ત્યાંથી વિદાય થયા. પતિ- પત્ની પવિત્ર જીવન ગાળે તો ભગવાનને ઈચ્છા થાય કે, હું તેમને ત્યાં જન્મ લઉં. નારદજી મનુ મહારાજ પાસે આવ્યા અને કહ્યું, તમે કર્દમને કન્યાદાન કરો. મનુમહારાજ,શતરૂપા અને દેવહુતિ સાથે કર્દમઋષિના આશ્રમમાં આવે છે.કર્દમ વિવેકથી દેવહુતિની પરીક્ષા કરે છે.કર્દમ ઋષિએ ત્રણ આસનો બિછાવ્યાં છે,તે ઉપર બધાંને બેસવા કહે છે.

મનુ,શત રૂપા બેસે છે.દેવહુતિ બેસતાં નથી કર્દમે કહ્યું આ ત્રીજું આસન દેવી તમારા માટે છે!દેવ હુતિએ વિચાર કર્યો કે,ભવિષ્ય માં આ મારા પતિ થવાના છે. પતિએ પાથરેલ આસન ઉપર બેસું એ મારો ધર્મ નથી અને જો ન બેસું તો આસન આપનારનું અપ માન થાય છે. તેથી દેવહુતિ જમણો હાથ આસન ઉપર રાખી આસનની બાજુમાં બેસે છે. બિચારી જૂના જમાનાની હતી. આજકાલની હોત તો આસન ઉપર પહેલેથી જ જમાવી દેત. હાલમાં તો પત્નીઓ પતિઓને બાબાને ઝુલાવવાનો હુકમ કરે છે. છોકરાંઓને પતિને સોંપીને ફરવા નીકળી જાય છે.આર્યનારીના સાચા સંસ્કાર આજે ભૂલાતા જાય છે.આજે છોકરીઓની પરીક્ષા કરવાની રીતો જુદી બનતી જાય છે. કર્દમ વિચારે છે,છોકરીછે તો લાયક, લગ્ન કરવામાં હરકત નથી મનુમહારાજે કહ્યું,આ કન્યા હું આપને અર્પણ કરવા આવ્યોછું કર્દમઋષિ બોલે છે,લગ્ન કરવાની મને ઈચ્છા છે.લગ્ન પહેલાં હું એક પ્રતિજ્ઞા કરવાનો છું. મારાં લગ્ન વિલાસ માટે નથી, પણ કામનો વિનાશ કરવા માટે છે.કામનો વિકાસ નહીં પણ કામનો વિનાશ એ મારા લગ્નનું પ્રયોજન છે. એટલે એક પુત્ર થયા પછી હું લૌકિક સંબંધનો ત્યાગ કરીશ અને સંન્યાસ લઈ લઈશ. કન્યા દાનના મંત્રમાં સંતતિ માટે લખ્યું છે,સંતતિઓ માટે એવું નથીલખ્યું માટે શાસ્ત્રમાં પહેલા પુત્રને જ ધર્મ પુત્ર કહ્યો છે. ધર્માચરણ નહીં કે કામાચરણ માટે લગ્ન છે.પિતા પુત્રને કહે છે,તું મારો આત્મા છે. એક પુત્ર થયા પછી પત્ની માતા જેવી બને છે.

કામ ઈશ્વર જેમ વ્યાપક થવા માગે છે. તેને એક સ્ત્રીમાં સંકુચિત કરી નાશ કરવા લગ્ન કરવાનું છે. લગ્નમાં સાવધાન શબ્દનો ઉચ્ચાર કરવામાં આવે છે. કારણ બધા જાણે છે કે, લગ્ન કર્યા પછીએ સાવધ રહેવાનો નથી લગ્ન કર્યા પછી સાવધ રહે તે જીત્યો અથવાજે પહેલા સાવધાન થયો તે જીત્યો. રામદાસ સ્વામી લગ્ન પહેલાં સાવધાન થયા હતા. લગ્ન મંડપમાં ગોર મહારાજ સાવધાન બોલવા લાગ્યા, એટલે રામદાસ સ્વામી સાવધ થઈ ગયા અને લગ્ન મંડપ માંથી ભાગી ગયા. ભોગ વગર રોગ થાય નહીં. કેટલાક રોગ પૂર્વ જન્મના પાપથી થાય છે. ત્યારે કેટલાક રોગ આ જન્મના ભોગ- વિલાસથી થાય છે.ભોગ ભોગવવામાં રોગોનો ભય છે જ. ભોગ વધે એટલે આયુષ્યનો ક્ષય થાય છે. ભોગો ભોગવાતા નથી. આપણે જ ભોગવાઈ જઈએ છીએ. ઘર સંસાર બગડયો ત્યાર થી કે જ્યારથી વરરાજા મોટરમાં બેસવા લાગ્યા. હાલના વરરાજાને ઘોડા ઉપરથી પડી જવાની બીક લાગે છે. અલ્યા એક ઘોડો તને પાડી નાંખશે તો અગિયાર ઘોડા તારી શું દશા કરશે? એક ઘોડાને તું સાચવી શકે નહીં તો અગિયાર ઘોડાઓને કેમ કરી સાચવશે? આ અગિયાર ઘોડા એ અગિયાર ઈન્દ્રિયો છે. કર્દમ ઋષિએ આદર્શ બતાવ્યો છે. તેઓ કહે છે કે, મારું લગ્ન એક સતપુત્રને માટે છે. તે પછી હું સંન્યાસ લઈશ. આ મારો નિયમ તમારી કન્યાને માન્ય હોય તો લગ્ન કરું. મનુમહારાજ વિચારમાં પડી ગયા કે, આ તો પરણતાં પહેલાં જ સંન્યાસની વાત કરે છે.પણ દેવ હુતિ સાધારણ સ્ત્રી ન હતી. તેણે કહ્યું,મારે એવા પતિની જરૂર છે.

દેવહુતિ એટલે દેવને બોલાવ નારી શક્તિ.નિષ્કામ બુદ્ધિદેવને બોલાવી શકે છે. મનુમહારાજે વિધિપૂર્વક કન્યાનું દાન કર્યું. દેવહુતિ-કર્દમનાં લગ્ન થયાં. દેવહુતિ-કર્દમ આશ્રમમાં વિરાજ્યાં. મારા પતિ તપસ્વી છે તો મારે પણ તપસ્વિની બનવું જોઈએ. બાર વર્ષ એક જ ઘરમાં સંયમથી રહ્યાં છે.અગિયારસો વર્ષ ઉપર દક્ષિણ દેશમાં વાચ સ્પતિ મિશ્ર નામના એક ઋષિ થઈ ગયા. ષડ્ગાસ્ત્રો ઉપર તેમણે ટીકાઓ લખી છે. તેમની ટીકાઓ પ્રખ્યાત છે. ગ્રંથો લખે અને આખો દિવસ તપશ્ચર્યા કરે, લગ્ન થયેલું પછી છત્રીસ વર્ષ સુધી જાણતા ન હતા કે મારી પત્ની કોણ છે? વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત ભગવદ્ ગીતા જ્ઞાનમાં સુંદરતા વિશે થોડું જાણવા પ્રયત્ન કર્યો બાકી હવામાન બદલાય કે સરહદે ધડાકા થાય તો નવાઈ ન પામતા કારણ કે કુદરત અને રાજકારણ નો તાગ પામવો બહુ કઠીન છે આ વાત આપ સૌ સારી રીતે સમજો જ છો.. આજે આપણે અહીં અટકીએ બસ અસ્તુ.

# કાન્સમાં ઉર્વશીની બિકીની બેગે બધાનું ધ્યાન ખેંચ્યું





## કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાંથી ઉર્વશી રૌતેલાના ત્રણ લુક જાહેર કરવામાં આવ્યા છે અને ત્રણેયના કારણે તે હેડલાઇન્સમાં રહી


ઉર્વશી કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ગઈ છે ત્યાંથી તેના દરરોજ નવાં નવાં લૂક્સ સામે આવી રહ્યાં છે હવે તેનો એક લૂક એવો સામે આવ્યો છે જેની ચારેય તરફ ચર્ચાઓ થઈ રહી છે.કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાંથી ઉર્વશી રૌતેલાના ત્રણ લુક જાહેર કરવામાં આવ્યા છે અને ત્રણેયના કારણે તે હેડલાઈન્સમાં રહી. આ વખતે તે એક વિચિત્ર બિકિની બેગ લઈને આવી છે.ઉર્વશીના નવા લુકે બધાનું ધ્યાન ખેંચ્યું છે. તે રેડ કાર્પેટ પર એક બેગ સાથે પહોંચી હતી જે ચર્ચાનો વિષય બની ગઈ છે. આ બેગ સાથે તેણે ફોટોશૂટ પણ કરાવ્યું છે. ઉર્વશી રેડ કાર્પેટ પર બ્રા ડિઝાઈન કરેલી બેગ લઈને આવી છે. તેના બેગમાં પણ ગળાનો હાર પહેરેલો છે. તેમની આ બેગ ખૂબ વાયરલ થઈ રહી છે. તે પોતાની બેગનો ખૂબ શો કરી રહી છે.ઉર્વશીના લુકની વાત કરીએ તો, તેણે બેજ રંગનું ગાઉન પહેર્યુ છે. તેનું આ ગાઉન ખૂબ જ ભારે છે. અને તે ટ્રાન્સપરન્ટ છે. ઉર્વશીએ ગુલાબી રંગના નેકપીસ સાથે પોતાનો લુક પૂર્ણ કર્યો. તેમનો આ લુક પણ ખૂબ પસંદ આવી રહ્યો છે. ઉર્વશીએ આ લુકના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા છે જેની ખૂબ પ્રશંસા થઈ રહી છે. એકે લખ્યું- જે કહેવું હોય તે કહો પણ જો છોકરી સુંદર હોય તો. જ્યારે બીજાએ લખ્યું - કંઈપણ કહો આ છોકરીમાં કંઈક ખાસ છે. તેના આ ફોટા હજારો ચાહકોએ લાઈક કર્યા છે.તમને જણાવી દઈએ કે આ ઉર્વશીનો ત્રીજો લુક છે. આ પહેલા, તે રેડ કાર્પેટ પર ડાર્ક મેકઅપ અને પોપટ બેગ સાથે પહોંચી હતી. ત્યારબાદ તે કાળા રંગનો રિપ્ડ ડ્રેસમાં નજર આવી હતી. અને હવે તે બ્રાની ડિઝાઈન વાળુ બેગ લઈને પહોંચી હતી, અગાઉ જ્યારે તે પોપટ લુક અને પોપટ ક્લચ સાથે આવી હતી, ત્યારે તેની મજાક ઉડાવવામાં આવી હતી. હવે તેના કાળા ડ્રેસના આગળના ભાગમાં એક કાણું દેખાય છે. લોકો લખી રહ્યા છે કે આ વખતે તેમનું નસીબ ખરાબ છે.ઉર્વશી રૌતેલા ઘણીવાર પોતાના નિવેદનોને કારણે સમાચારમાં રહે છે. તાજેતરમાં, તેણીની કાન્સની સહેલગાહ હેડલાઈન્સમાં છે. તેમની એક ક્લિપ પોસ્ટ કરવામાં આવી છે. આ જોઈને લોકો તેને ટ્રોલ કરી રહ્યા છે. આ વિડીયો ક્લિપ રેડિટ પર પોસ્ટ કરવામાં આવી હતી.

## દુનિયાભરનાં ૧૦૦ કન્ટેસ્ટન્ટ આ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યાં છે

# મિસ ઈન્ડિયા નંદિનીએ મિસ વર્લ્ડ સ્પર્ધામાં ટોપ ૨૪માં સ્થાન બનાવ્યું

ભારત આ વર્ષે મિસ વર્લ્ડ સ્પર્ધાની યજમાની કરી રહ્યું છે, ત્યારે હૈદ્રાબાદમાં આ પિજેન્ટની વિવિધ સ્પર્ધાના રાઉન્ડ યોજાઈ રહ્યા છે. ત્યારે હવે આ સ્પર્ધા અંતિમ તબક્કામાં પહોંચી રહી છે. આ વખતે આપણા યજમાન દેશનું પ્રિતિનિધિત્વ રાજસ્થાનની નંદિની ગુપ્તા કરી રહી છે.ગુરુવારે આ સ્પર્ધાના કન્ટેન્સ્ટ્સમાંથી ટોચના ૨૪ ફાઈનિસ્ટની જાહેરાત થઈ હતી, જેમાંથી સઘન સ્પર્ધા અને ઓડિશન્સ પછી ૧૦૦ યુવતીઓમાંથી આ પસંદગી થઈ હતી. શુક્રવારે આ સ્પર્ધકોએ ફરી એક વખત ટેલેન્ટ રાઉન્ડમાં ગ્લોબલ ઓડિયન્સ સમક્ષ પોતાની અલગ અલગ સ્કીલ દર્શાવી હતી. આ રાઉન્ડમાં સ્પર્ધકોએ દુનિયાભરના ક્લાસિકલ મ્યુઝિક, મોડર્ન ડાન્સ, ગાયન, તેમજ ફોક ડાન્સ અને વિવિધ કળાઓની સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ કરી હતી. તેમાંથી યૂએસ, પોલેન્ડ, નાઈજેરિયા, ફિલિપિન્સ, માલ્ટા, ઈટાલી, ઈન્ડોનેશિયા, ત્રિનિદાદ અને ટોબેગો, એસ્ટોનિયા, જર્ણની, બ્રાઝિલ, કેમન આઈલેન્ડ્ઝ, નેધરલેન્ડ્ઝ, વેલ્સ, ચેક રિપબ્લિક, જમાઈકા, આર્જેન્ટિના, આયરલેન્ડ, ઓટ્રેલિયા, ઈન્ડિયા, શ્રીલંકા, ઈથોપિયા, કેમેરૂન અને કેન્યાની સુંદરીઓ ટોપ ૨૪માં પહોંચી ગઈ છે. ટેલેન્ટ રાઉન્ડના વિજેતાને ટોપ ૧૦માં સ્થાન મળશે અને તે મિસ વર્લ્ડના તાજથી એક કદમ નજીક પહોંચી જશે. આ અંગે મિસ વર્લ્ડ ઓર્ગેનાઈઝેશનના સીઈઓ અને ચેર જુલિયા મોર્લેએ સ્પર્ધકોના ડેડિકેશનના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું, ‘‘તેમણે દર્શાવેલું ટેલેન્ટ તેમની મહેનત અને તેઓ જે સંસ્કૃતિને ગૌરવપૂર્વક રજૂ કરે છે, તે દર્શાવે છે. તેઓ હવે આગળના તબક્કા માટે મહેનત શરૂ કરી રહ્યાં છે, … ત ।






મારા તરફથી તેમને બધાનો શુભકામનાઓ છે.’’બ્યૂટી વિથ એ પર્પઝ થીમ સાથે યોજાયેલા આ પીજેન્ટની ફાઈનલ ૩૧ તારીખે યોજાશે.

### બ્યૂટી વિથ એ પર્પઝ થીમ સાથે યોજાયેલા આ પીજેન્ટની ફાઇનલ ૩૧ તારીખે યોજાશે

# અજય દેવગણની ધમાલ-૪ અને યશની ટોક્સિક બોક્સ ઓફિસ પર ટકરાશે

અજય દેવગણ સહિતના કલાકારોની ‘ધમાલ ફોર’ અને યશની ‘ટોક્સિક’ આવતાં વર્ષની ઈદ વખતે બોક્સ ઓફિસ પર ટકરાશે. બંને ફિલ્મોનું ઓડિયન્સ અલગ અલગ છે પરંતુ તેમ છતાં બંને ફિલ્મ ટિકિટબારી પર એકબીજાને થોડું નુકસાન પહોંચાડશે એમ મનાઈ રહ્યું છે. ‘ધમાલ ફોર’માં અજય દેવગણ ઉપરાંત રિતેશ દેશમુખ, અર્શદ વરસી, જાવેદ જાફરી, રવિ કિશન સહિતના કલાકારો છે. બીજી તરફ યશની ‘ટોક્સિક’માં કિયારા અડવાણી તેની હિરોઈન છે. આ ઉપરાંત નયનતારા પણ મહત્વની ભૂમિકામાં છે. ટ્રેડ વર્તુળોએ જણાવ્યું હતું કે ‘ધમાલ ફોર’ સંપૂર્ણપણે કોમેડી ફિલ્મ હોવાથી તેનો અલગ જ દર્શક વર્ગ છે. આ ઉપરાંત તેને આગલી ફ્રેન્ચાઈઝીની ગુડવિલનો પણ લાભ મળે તેમ છે. પરંતુ એ હકીકત પણ નકારી શકાય તેમ નથી કે ‘કેજીએફ’ પછી યશનો એક અલાયદો ચાહક વર્ગ હિન્દી બેલ્ટમાં ક્રિએટ થઈ ચૂક્યો છે અને તેઓ ‘ધમાલ ફોર’ની સરખામણીએ ‘ટોક્સિક’ને પ્રાધાન્ય આપે તેવી સંભાવના છે.






# ફાતિમા શેખને નવી કોમેડી વેબ સીરિઝ તીન ક્વ્વૈ મળી



બોલીવૂડમાં કોમેડી વેબ સિરિઝ ‘ તીન ક્વ્વૈ’ની જાહેરાત થઈ છે. ફાતિમા સના શેખ, પાવૈલ ગુલાટી અને સિદ્ધાંત ગુપ્તાના ચાહકોને તેમના માનીતા કળાકારો પહેલીવાર આ કોમેડી વેબ સિરિઝમાં એકસાથે જોવા મળશે. આ પ્રોજેક્ટને હવે સિદ્ધાર્થ રોય કપૂરનો ટેકો મળ્યો છે. તેને આગામી ફિલ્મ ‘મેટ્રો ઈન દિનોં’ પર પણ ભારે આશા છે. જોકે, આ ફિલ્મની રીલિઝ સતત પાછી ઠેલાઈ રહી છે. ફાતિમાને આશા છે કે આ ફિલ્મથી તે ફરી ચર્ચામાં આવી જશે. તેવામાં તેને આ નવી સીરિઝ મળી છે. તીન ક્વ્વૈ વિશે સત્તાવાર જાહેરાત ક્યારે કરવામાં આવે છે તેની રાહ જોવાઈ રહી છે. ત્રણે કળાકારો અને સિદ્ધાર્થ રોય કપૂરના નામને કારણે લોકોની ઉત્સુકતા આ પ્રોજેક્ટમાં વધી ગઈ છે. આ વેબ સિરિઝમાં ફાતિમા સના શેખ હિરોઈન અને પાવૈલ ગુલાટી હીરો હશે જ્યારે સિદ્ધાંત ગુપ્તા પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. પાવૈલ યાદગાર પાત્રો ભજવવા માટે જાણીતો છે તો સિદ્ધાંત ગુપ્તા જબરદસ્ત અભિનય કરવા માટે જાણીતો છે. પાવૈલ ગુલાટીએ ‘દેવા’ અને ‘કૌશલજી વર્સીસ કૌશલ’માં જે રીતે દર્શકોને મોજ કરાવી દીધી હતી તેને કારણે દર્શકોને તેના પાત્રમાં વધારે રસ પડી રહ્યો છે.





ગૌરવ ગુપ્તા દ્વારા ડિઝાઇન કરાયેલ બ્લેક સિક્વિન બોડી-ફિટ ગાઉન પહેર્યું

# ઐશ્વર્યા રાય બચ્ચનના ડ્રેસમાં ભગવદ્ ગીતાનો શ્લોક બન્યો આકર્ષણનું કેન્દ્ર

### કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ઐશ્વર્યા ઇન્ડો વેસ્ટર્ન લુકમાં

બોલિવૂડ એક્ટ્રેસ ઐશ્વર્યા રાએ ફરી એકવાર કાન ફિલ્મ ફેસ્ટિવલમાં પોતાના અદ્ભુત લુકથી ચર્ચામાં આવી છે. પહેલા દિવસે, એક્ટ્રેસએ પરંપરાગત સફેદ બનારસી સાડી અને લાલ સિંદૂર લગાવીને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય સાંસ્કૃતિક વારસાનું સન્માન કર્યુ હતું, બીજા દિવસે, ઐશ્વર્યાએ ગૌરવ ગુપ્તા દ્વારા ડિઝાઈન કરાયેલ બ્લેક સિક્વિન બોડી-ફિટ ગાઉન પહેર્યુ હતું જ્યારે બીજા દિવસે, ઐશ્વર્યા ઈન્ડો વેસ્ટર્ન લુકમાં જોવા મળી હતી. રેડ કાર્પેટ પર બીજા દિવસે, ઐશ્વર્યાએ ગૌરવ ગુપ્તા દ્વારા ડિઝાઈન કરાયેલ બ્લેક સિક્વિન બોડી-ફિટ ગાઉન પહેર્યુ હતું. આ ગાઉન ઓવરસાઈઝ સિલ્વર-બેજ ટેક્સચર કેપ પ્રી-ડ્રોપ સાથે જોડાયેલું હતું જેના પર ભગવદ ગીતાનો એક શ્લોક ‘કર્મયોગ’ ફ્લોન્ટ કર્યો હતો, જે ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનું પ્રતીક માનવામાં આવે છે. ઓવરસાઈઝ સિલ્વર-બેજ ટેકસચર કેપ પર ભગવદ ગીતાનો એક શ્લોક ‘કર્મયોગ’ લખેલો હતો. આ અંગે ડિઝાઈનર ગૌરવ ગુપ્તાએ ખુલાસો કર્યો કે આ ઓવરસાઈઝ સિલ્વર-બેજ ટેક્સચર કેપની પ્રેરણા વારાણસીના સાડી વણકરોથી મળી હતી. ગૌરવ ગુપ્તા તેમના સ્કલ્પટેડ આઉટફિટ માટે પ્રખ્યાત છે અને વર્ષ ૨૦૨૨ માં પણ તેમણે ઐશ્વર્યાનો ગુલાબી ડ્રેસ તૈયાર કર્યો હતો, જે પણ ખૂબ જ સુંદર હતો. પહેલા લુકથી વિપરીત, ઐશ્વર્યા રાયના બીજા લુકમાં ગ્લેમર અને ચમક હતી. લાલ લિપસ્ટિક, ગ્લોસી ગાલ અને સ્ટેટમેન્ટ વિંગ્ડ આઈલાઈનર સાથે આ ડ્રેસ તેના આખા લુકને ગ્લેમરાઈઝ કરી રહ્યો છે. હેરસ્ટાઈલની વાત કરીએ તો, ઐશ્વર્યાએ સાઈડ પાર્ટિંગ સાથે કર્લ્સ કર્યા હતા. તેમજ આ લુક સાથે એશ્વર્યાએ ખૂબ જ ઓછી જવેલરી પહેરી હતી. જેમાં હાથ એક સુંદર ડાયમંડ રીંગ અને ઈયરીંગ પહેરી હતી.

## ફિલ્મ મેકર શૂજિત હવે રાજકુમાર રાવ સાથે બીજા એક હિરોની શોધમાં છે

# રાજકુમાર રાવ અને શૂજિત સરકાર કોમેડી ફિલ્મ બનાવશે



શૂજિત સરકાર અત્યાર સુધીમાં ‘વિકી ડોનર’, ‘મદ્રાસ કાફે’, ‘પિકુ’ ‘ઓક્ટોબર’ અને ‘સરદાર ઉધમ’ જેવી યાદગાર અને સંવેદનશીલ ફિલ્મો બનાવી છે. તેમનો પોતાનો એક અલગ પ્રસંશકવર્ગ છે, તેઓ સમયાંતરે અલગ અલગ વિષયની ફિલ્મ બનાવતા રહ્યા છે. છેલ્લે તેમણે અભિષેક બચ્ચન સાથે ‘આઈ વોન્ટ ટુ ટોક’ ફિલ્મ બનાવી હતી, જે બોક્સ ઓફિસ પર ચાલી નહોતી, તેથી તેઓ હવે આગળ કેવી ફિલ્મ લઈને આવશે, તે અંગે ઈન્ડસ્ટ્રીમાં ઘણા સમયથી ચર્ચા હતી. હવે શૂજિત સરકાર અને રાજકુમાર રાવ મળીને એક કોમેડી ફિલ્મ લઈને આવતા હોવાના અહેવાલો છે. તેઓ ૨૦૨૫ના આગામી મહિનાઓમાં જ ફિલ્મનું શૂટિંગ શરૂ કરે તેવી શક્યતા છે. સુત્રોના જણાવ્યા અનુસાર, શૂજિત સરકારની આગામી ફિલ્મમાં બે હિરોની સ્ટોરી હશે, સરકારે રાજકુમાર રાવને તો પહેલાં જ પસંદ કરી લીધો છે. સુત્રએ આ અંગે જણાવ્યું, ‘‘રાજકુમાર રાવ અને શૂજિત સરકાર ઘણા સમયથી આ ફિલ્મ અંગે ચર્ચા વિચારણાઓ કરી રહ્યા છે. તેમને એકબીજા સાથે કામ કરવાનું ફાવી પણ ગયું છે, તેઓ આ સટાઈરિકલ કોમેડીની તૈયારીઓ પણ કરવા લાગ્યા છે. રાજકુમાર રાવને સ્ક્રિપ્ટ પસંદ આવી છે અને તેઓ ૨૦૨૫ના અંત સુધીમાં ફિલ્મ પુરી કરવાનું વિચારે છે.’’શૂજિત હવે રાજકુમાર સાથે બીજા એક હિરોની શોધમાં છે. સુત્રએ આ અંગે જણાવ્યું, ‘‘સારા કોમિક ટાઈમિંગ વાળો એક ભરોસાપત્ર કલાકાર જોઈએ છે, શૂજિત સરકારે એવા કલાકાર જોઈએ છે, જેને કોઈ પ્રત્યે અસુરક્ષા ન હોય અને ફિલ્મની પ્રક્રિયામાં વધુ પડતી દખલ પણ ન કરે. કારણ કે બે હિરોની ફિલ્મ ઘણી વખત મુશ્કેલ બની જતી હોય છે તેથી બે એવા કલાકારો જે એકસાથે મળીને કામ કરી શકે તે જરુરી છે. શૂજિતને રાજ મળી ગયો છે, હવે તેના જેટલી જ સમજવાળો અને તેના જેટલો જ સક્ષમ બીજો કલાકાર જોઈએ છે.’’ એક વખત બીજો કલાકાર મળે પછી શૂટની તારીખો નક્કી થશે. રાજકુમાર હાલ તો દિનેશ વિજાનની ‘ભુલચૂક માફ’ના પ્રમોશનમાં વ્યસ્ત છે. તેના પછી તે પોતાના હોમ પ્રોડક્શનની બીજી બે ફિલ્મનું કામ પણ કરી રહ્યો છે. આ બંને ફિલ્મ નેટફિલક્સ પર પ્રીમિયર થશે.

**બૈરવાનાં દ્રશ્યો** | **૨૦૧૭માં આવેલી હીટ ફિલ્મ બૈરવા અને વોર ટૂના એક્શન કોરિયાગ્રાફર એક જ છે**

# હૃતિકની વોર-ટુમાં થલપતિ વિજયની ફિલ્મની કોપી

ફિલ્મ ‘વોર ટુ’ માં હીરા હૃતિક રોશન તેમાં જે એકશન કરતો દર્શાવાયો છે તેમાં ઘણાંને તે ફિલ્મ ‘બૈરવા’માં થલપતિ વિજયે કરેલાં એકશનની કોપી લાગી છે. આગામી ૧૪ ઓગસ્ટે રજૂ થનારી આ ફિલ્મના ટીઝરને લોકોના મિશ્ર પ્રત્યાઘાત મળ્યા છે. દર્શકોને એક સીનમા હૃતિક રોશન થલપતિ વિજયની નકલ કરતો હોય એમ લાગતાં તેમણે તેનો વિડિયો પણ શેર કર્યો છે. જે વાઈરલ બની ગયો છે. તે કબીરના પાત્રમાં પોતાની હથેળીમાં એક શસ્ત્ર ફેરવે છે જે થલપતિ વિજયની ફિલ્મ ‘બૈરવા’ના એક સીનની નકલ લાગે છે. આ સીનમાં થલપતિએ કુહાડી ફેરવી છે. ૨૦૧૭માં આવેલી હીટ તમિલ ફિલ્મ ‘બૈરવા’માં થલપતિ વિજયે બેન્ક કલેકશન એજન્ટની ભૂમિકા ભજવી હતી. જે અન્યાય સામે લડતો હોય છે. રસપ્રદ બાબત એ છે કે આ ફિલ્મના એકશન ડાયરેકટર એએનએલ અરાસુ છે જેમણે ‘વોર ટૂ’ના પણ એકશનની કોરિયોગ્રાફી પણ કરી છે. ઋતિક રોશન અને જુનિયર એનટીઆર અભિનીત ‘‘વોર ૨’’ ના બહુપ્રતિક્ષિત ટીઝરનું મંગળવારે (૨૦ મે) ના રોજ નિર્માતાઓ દ્વારા અનાવરણ કરવામાં આવ્યું હતું, જેણે તરત જ સોશિયલ મીડિયા પર ધ્યાન ખેંચ્યું હતું. ઘણા ચાહકોએ હાઈ-ઓક્ટેન વિઝ્યુઅલ્સ અને ઋતિકના ઉગ્ર અને કબીર તરીકેના પુનરાગમનની પ્રશંસા કરી હતી, પરંતુ ટીઝરે પણ ચર્ચા જગાવી છે અને તે સંપૂર્ણપણે યોગ્ય કારણોસર નથી. રિલીઝ થયાના થોડા સમય પછી, નેટીઝન્સના એક વર્ગે ફિલ્મના VFX ની ટીકા કરવાનું શરૂ કર્યું, તેને આટલા મોટા પ્રોજેક્ટ માટે ‘અવ્યવસ્થિત’ અને ‘અસંગત’ ગણાવ્યું. વિઝ્યુઅલ ઈફેક્ટ્સની ટીકા વચ્ચે, ઓનલાઈન એક નવો વિવાદ ફાટી નીકળ્યો છે.



# શોપોહોલિક્સ માટે પ્રમુખ લાઇફસ્ટાઇલ ફેસ્ટિવલ આ ઉનાળામાં અમદાવાદમાં

**હંગ્રિટો હાઇ સ્ટ્રીટ' ૩૦ મે થી ૧ જૂન સુધી અમદાવાદમાં ત્રણ દિવસીય આયોજિત લાઇફસ્ટાઇલ ફેસ્ટિવલ**



। અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાતના અગ્રણી અનુભવાત્મક પ્લેટફોર્મ હંગ્રિટો એ આજે 'હેપિનેઝ આઇસક્રીમ પ્રસ્તુત હંગ્રિટો હાઇ સ્ટ્રીટ' જે ૩૦ મે થી ૧ જૂન, ૨૦૨૫ સુધી અમદાવાદમાં આયોજિત ત્રણ દિવસીય લાઇફ સ્ટાઇલ ફેસ્ટિવલ છે. સ્ટાર્ટ અપ ફાઉન્ડર, બિઝનેસ ઓનર અને વિવિધ વ્યવસાયો આ ફેસ્ટિવલ માં ભાગ લઈ રહ્યા છે અને જેમાં પ્રખ્યાત કલાકારો તેમની કળાનું પ્રદર્શન કરશે જેમ કે પાર્થ ઓઝા અક્ષત પારીખ અને ગિરીશ ચાવલા.

**ઇવેન્ટની મુખ્ય વિશેષતાઓ**

હેપિનેઝ આઇસક્રીમ પ્રેઝન્ટ્સ હંગ્રિટો હાઇ સ્ટ્રીટમાં આ બધું હશે:

● સ્ટાર્ટઅપ ફાઉન્ડર, બિઝનેસ ઓનર અને અલગ અલગ વ્યવસાયો ના ૧૨૦ થી વધુ ક્યુરેટેડ સ્ટોલ

● શોખીનો માટે ૨૦થી વધુ વિવિધ ફૂડ સ્ટોલ

● ઈન્ટરેક્ટિવ એક્ટિવિટી અને લાઈવ વર્કશોપ

● પ્રખ્યાત કલાકારોના લાઈવ મ્યુઝિક પર્ફોર્મન્સ

● આર્ટિસ્ટિક અનુભૂતિ આપતા સ્પેસિફિક ઝોન

**કલાકારોના શાનદાર પ્રદર્શનો**

ત્રણ દિવસીય ફેસ્ટિવલમાં અસાધારણ સંગીત પ્રતિભાઓ હશે:

● ૩૦ મે: પાર્થ ઓઝા, પ્રસિદ્ધ પ્લેબેક સિંગર, ગાયક અને પ્રદર્શક

● ૩૧ મે: અક્ષત પારીખ, પ્રખ્યાત ગાયક, સંગીતકાર અને બંદિશ બેન્ડિટ્સ, રાજાધિરાજના વોકલ કોચ

● ૧ જૂન: ગિરીશ ચાવલા, લોકપ્રિય કલાકાર અને મનોરંજક

"હંગ્રિટો હાઈ સ્ટ્રીટ-માં પ્રદર્શન કરવા માટે હું ઉત્સુક છું, આ ફેસ્ટિવલ ગુજરાતની જીવંત સંસ્કૃતિ અને સર્જનાત્મક વિશેષતાઓની ઉજવણી કરે છે," પાર્થ ઓઝાએ જણાવ્યું. "આવા ઈવેન્ટ્સ કલા કારોને પ્રેક્ષકો સાથે જોડાવા અને સ્ટાર્ટઅપ ફાઉન્ડર, બિઝનેસ ઓનર ને પ્રેરણા આપવા માટે અદભુત પ્લેટફોર્મ છે, હું આ ફેસ્ટિવલ ની શરૂઆત અવિસ્મરણીય અનુભવથી કરાવવાની આશા રાખું છું"

અક્ષત પારીખે ઉમેર્યું, "હંગ્રિટોએ ગુજરાતમાં અવનવી ઈવેન્ટો કરીને નવા માળખાઓ ઉભા કર્યા છે, અને હું હંગ્રિટો હાઈ સ્ટ્રીટનો ભાગ બનવા માટે ઉત્સાહિત છું. સંગીત, ખોરાક, ખરીદારી અને સમુદાયનો સંયોજન આને એક અનોખી ઉજવણી બનાવે છે. ૩૧ મેના રોજ અમદાવાદના ઉત્સાહી લોકો માટે પ્રદર્શન કરવા માટે હું રાહ જોઈ શકતો નથી."

**વૃદ્ધિ માટેનું પ્લેટફોર્મ**

નેટસેવીઝ મીડિયા કો. હેઠળ ૨૦૧૯માં સાહિલ શાહ દ્વારા સ્થાપિત હંગ્રિટોએ ગુજરાતભરમાં અસાધારણ અનુભવાત્મક ઈવેન્ટ્સનું સતત આયોજન કર્યું છે. આ પ્લેટફોર્મે ઈવેન્ટ્સમાં ૫ લાખ+ કુલ ફૂટફોલ, ૨ લાખ+સોશિયલ મીડિયા ફોલોઅર્સ અને ૫૦+ બ્રાન્ડ્સ સાથે ભાગીદારી સાથે પ્રભાવશાળી ટ્રેક રેકોર્ડ બનાવ્યો છે.

"હંગ્રિટો હાઈ સ્ટ્રીટ સ્થાનિક બ્રાન્ડ્સ અને તેમના પ્રેક્ષકો વચ્ચે અર્થપૂર્ણ જોડાણો બનાવવાના અમારા વિઝનની પરાકાષ્ઠા દર્શાવે છે," હંગ્રિટોના સ્થાપક સાહિલ શાહે જણાવ્યું. "અમે હેપિનેઝ આઇસક્રીમ સાથે અમારા ટાઇટલ સ્પોન્સર તરીકે ભાગીદારી કરવા અને પાર્થ ઓઝા, અક્ષત પારીખ અને ગિરીશ ચાવલા જેવા અવિશ્વસનીય કલાકારોને દર્શાવવા માટે રોમાંચિત છીએ. અમે આ ફેસ્ટિવલને માત્ર એક બજાર તરીકે નહીં, પરંતુ એક પ્લેટફોર્મ તરીકે ડિઝાઇન કર્યું છે જ્યાં વ્યવસાયો તેમના અનોખા ઓફરિંગ્સ દર્શાવી શકે, ગ્રાહકો સાથે સંબંધો બનાવી શકે અને આકર્ષક વાતાવરણમાં તેમની બ્રાન્ડ હાજરી વધારી શકે."

"હાઈ સ્ટ્રીટ સ્થાનિક ઉદ્યોગસાહસિકતા અને સર્જનાત્મકતાની ઉજવણી બનવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. અમે એક એવી જગ્યા બનાવી રહ્યા છીએ જ્યાં મુલાકાતીઓ અનોખા ઉત્પાદનો શોધી શકે, સ્વાદિષ્ટ ખોરાકનો આનંદ માણી શકે અને અમારા સમુદાયની જીવંત સંસ્કૃતિનો અનુભવ કરી શકે," શાહે ઉમેર્યું. "આદિત્ય ગઢવી જેવા કલાકારોને દર્શાવતા અમારા સિટી ટૂર્સની જબરદસ્ત સફળતા પછી, અમે અમદાવાદમાં આ નવો કોન્સેપ્ટ લાવવા માટે ઉત્સાહિત છીએ."

**ઇવેન્ટની વિગતો:**

● તારીખો: ૩૦, ૩૧ મે અને ૧ જૂન, ૨૦૨૫

● સ્થાન: લેવીશ ગ્રીન્સ, સિંધુ ભવન રોડ, અમદાવાદ

● વિશેષતાઓ: ૧૨૦+ ફલી સ્ટોલ્સ, ૨૦+ ફૂડ સ્ટોલ્સ, કિડ્સ ઝોન, એક્સપીરિયન્સ ઝોન, લાઈવ મ્યુઝિક

● લાઈવ પ્રદર્શનો: પાર્થ ઓઝા (૩૦ મે), અક્ષત પારીખ (૩૧ મે), ગિરીશ ચાવલા (૧ જૂન)

● ફોલો કરો: અપડેટ્સ અને માહિતી માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર @ hungrito

**હંગ્રિટો વિશે:**

IIM અમદાવાદમાં ઈન્ક્યુબેટ થયેલું અને અગાઉ 'ભુક્કડ્સ' તરીકે ઓળખાતું, હંગ્રિટો ૨૦૧૯માં નેટસેવીઝ મીડિયા કો. હેઠળ સ્થાપિત થયું. આજે હંગ્રિટો ગુજરાતનું પ્રમુખ અનુભવાત્મક પ્લેટફોર્મ બની ગયું છે જે ઈમર્સિવ સાંસ્કૃતિક ઈવેન્ટ્સ દ્વારા બ્રાન્ડ્સ અને પ્રેક્ષકોને જોડે છે. ગુજરાતભરમાં સફળ ફેસ્ટિવલ્સ અને કલાકાર ટૂર્સનું આયોજન કરવા માટે જાણીતું, હંગ્રિટો તેના એકેડેમિક મૂળથી વિકસિત થઈને ઘરેલું અને આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રાદેશિક સંસ્કૃતિ અને પ્રતિભાને પ્રોત્સાહન આપતી વખતે ૨ લાખ+ ફોલોઅર્સનો સમુદાય બનાવ્યો છે.

# દેવગઢ બારીઆ મા વાવાઝોડા ના કારણે ભારે નુકશાન



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધિ) દેવગઢ બારીઆ, તા.૨૪ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ નગર ના સ્ટેટ વખત ના પ્રવેશ દ્વાર ભેં દરવાજા વિસ્તાર મા અતિભારે પવન અને વાવાઝોડા ના કારણે નગર ઝાડ લાઈટ ના થાંભલા દુકાનો ના શેડ તથા સોલાર પેનલો પણ ઉડી ગયા હતા જેના કારણે લોકો ની ગાડી ઓ અને જાન માલ ને મોટુ નુકશાન થવા પામેલ છે હાલ દેવગઢ બારીઆ નગર પાલિકા ફાયર વિભાગ ની ટીમ તથા જી ઈ બી વિભાગ ના કર્મચારીઓ તથા પોલીસ પણ ટ્રાફિક સમસ્યા અને જે કઈ પણ રોડ બંધ હતા તે સ્થળ પર જઈ તાત્કાલિક યુદ્ધ ધોરણે ઘટના સ્થળો પર જઈ કામગીરી હતી.

# ૧૫ માં નાણાપંચ વર્ષ ૨૦૨૪- ૨૫ ઝાલોદ તાલુકામાં મહુડી ગામે સામૂહિક કુવાનું લોકાર્પણ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

જિલ્લા પંચાયત ૧૫ માં નાણાપંચના આયોજનમાંથી મહુડી ગામે પાંચ લાખ રૂપિયા કુવા માટે ફાળવવામાં આવેલ હતા. જેનું આગેવાન જીલ્લા સભ્ય સુમનબેન ડામોર, પૂર્વ ભાજપા પ્રમુખ મુકેશ ડામોર, મહુડી સરપંચ સુરમલ ગરાસિયા, આગેવાન પારુભાઈ સુવર, માનસિંગ નીનામા તેમજ ગામના ચૂંટાયેલા સભ્યોના વરદ હસ્તે લોકોને પાણીની સુવિધા મળી રહે તે માટે કુવાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

તેમજ ઓપરેશન સિંદૂરની સફળતા બાદ દાહોદની ધન્ય ધરા પર પધારતા આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અભિવાદન માટે લોકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમ સંદર્ભે ૨૦ જેટલી કમિટિની રચના

। વડોદરા, તા.૨૪ ।

આગામી તા. ૨૬ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વડોદરા શહેરની મુલાકાતના અનુસંધાને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૨૦ જેટલી વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનર શ્રી અરુણ મહેશ બાબુ તથા કલેક્ટર ડો. અનિલ ધામેલિયા દ્વારા આ કાર્યક્રમ સંદર્ભે ૧૫૦થી વધુ અધિકારીઓને ફરજ સોંપવામાં આવી છે. પહલગામની ઘટના બાદ આતંકવાદીઓનો ખાત્મો બોલાવવા માટે ભારતીય સેના દ્વારા ચલાવવામાં આવેલા ઓપરેશન સિંદુર માટે દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિ દર્શાવનારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વડોદરામાં વિશાળ નારી શક્તિ દ્વારા અભિવાદન – સન્માન થવાનું છે. આ સંદર્ભમાં જિલ્લા પ્રશાસન દ્વારા સંકલન સમિતિ, સ્ટેજ વ્યવસ્થાપન સમિતિ, પદાધિકારીઓ સાથે સંકલન સમિતિ, એરપોર્ટ સમિતિ, એરફોર્સ ગ્રાઉન્ડ સમિતિ, રૂટ પરના સ્ટેજની વ્યવસ્થાપન સમિતિ, કાયદો અને વ્યવસ્થા સમિતિ, ટ્રાન્સપોર્ટ સમિતિ, પાર્કિંગ સમિતિ, વીજ પુરવઠા સમિતિ, આરોગ્ય સમિતિ, આઈટી સમિતિ, પાણી સમિતિ, ફાયર સેફટી સમિતિ, કન્ટ્રોલ રૂમ સહિતની સમિતિઓની રચના કરવામાં આવી છે.પોલીસ કમિશનર શ્રી નરસિમ્હા કોમારે આ કાર્યક્રમ સુચારુ રીતે યોજાઈ તે માટે મહત્વપૂર્ણ સૂચનો કર્યા હતા.

# પશ્ચિમ રેલવે મુંબઈ સેન્ટ્રલ-રાજકોટ અને મુંબઈ સેન્ટ્રલ -ગાંધીધામ વચ્ચે ચલાવશે સુપરફાસ્ટ તેજસ સ્પેશ્યલ ટ્રેનો

। અમદાવાદ, તા.૨૪ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે અને ખાસ કરીને ઉનાળા દરમિયાન તેમની મુસાફરી ની માંગને પહોંચી વળવા માટે મુંબઈ સેન્ટ્રલ અને રાજકોટ તથા મુંબઈ સેન્ટ્રલ અને ગાંધીધામ વચ્ચે ખાસ ભાડા પર સુપરફાસ્ટ તેજસ સ્પેશ્યલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્પેશ્યલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

૧. ટ્રેન સંખ્યા ૦૯૦૧૭/ ૦૯૦૧૮ મુંબઈ સેન્ટ્રલ-ગાંધીધામ તેજસ સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશ્યલ (૧૦ ફેરા)

ટ્રેન સંખ્યા ૦૯૦૧૭ મુંબઈ સેન્ટ્રલ-ગાંધીધામ સ્પેશ્યલ દર સોમવારે મુંબઈ સેન્ટ્રલથી ૨૩.૨૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૨.૫૫ કલાકે ગાંધીધામ પહોંચશે. આ ટ્રેન ૦૨ જૂનથી ૩૦ જૂન, ૨૦૨૫ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન સંખ્યા ૦૯૦૧૮ ગાંધીધામ-મુંબઈ સેન્ટ્રલ સ્પેશ્યલ દર મંગળવારે ગાંધીધામથી ૧૮.૫૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૭.૩૦ કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન ૦૩ જૂન, ૨૦૨૫ થી ૦૧ જુલાઈ, ૨૦૨૫ સુધી ચાલશે.

૨.ટ્રેન સંખ્યા ૦૯૦૦૫/ ૦૯૦૦૬ મુંબઈ સેન્ટ્રલ-રાજકોટ તેજસ સુપરફાસ્ટ દ્વિ-સાપ્તાહિક સ્પેશ્યલ (૧૮ ફેરા)

ટ્રેન સંખ્યા ૦૯૦૦૫ મુંબઈ સેન્ટ્રલ-રાજકોટ સ્પેશ્યલ દર બુધવારે અને શુક્રવારે મુંબઈ સેન્ટ્રલથી ૨૩.૨૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૧.૪૫ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૩૦ મે થી ૨૭ જૂન, ૨૦૨૫ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન સંખ્યા ૦૯૦૦૬ રાજકોટ-મુંબઈ સેન્ટ્રલ સ્પેશ્યલ દર ગુરુવાર અને શનિવારે રાજકોટથી ૧૮.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૭.૩૦ કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન ૩૧ મે થી ૨૮ જૂન, ૨૦૨૫ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશાઓમાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર અને વાંકાનેર સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી ૨-ટાયર અને એસી ૩-ટાયર કોચ છે.

આ ટ્રેન બંને દિશાઓમાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, વિરમગામ, સામાખ્યાલી અને ભચાઉ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી ૨-ટાયર અને એસી ૩-ટાયર કોચ છે.

ટ્રેન સંખ્યા ૦૯૦૦૫, ૦૯૦૦૬, ૦૯૦૧૭ અને ૦૯૦૧૮ નું બુકિંગ ૨૫.૦૫.૨૦૨૫ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

### સહકાર ભારતી:દૂધ ડેરીના બે દિવસીય

# રાષ્ટ્રીય અધિવેશનમાં ગુજરાતના સહકાર રાજ્ય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માની પ્રેરક ઉપસ્થિતિ

**સહકારીતાના ક્ષેત્રમાં અમૂલ ડેરીએ ક્રાંતી કરી છે તેવી ક્રાંતી વિશ્વની એક પણ ડેરીએ કરી નથી**



। આણંદ, તા.૨૪ ।

સહકાર ભારતી: દૂધ ડેરીના બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશન આણંદ સ્થિત એન.ડી ડી.બી ખાતે યોજાઈ ગયો. આ અધિવશેનમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ વિવિધ રાજ્યોમાં આવેલ કૃષિ તથા પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ લોકોને જણાવ્યું કે, પશુપાલન તથા દૂધ ઉત્પાદન કેવી રીતે વધુ કરી શકાય તે માટેનો સકારાત્મક સૂચનોને યોગ્ય કક્ષાએથી રજૂ કરીને સહકારીતાના ક્ષેત્રને વધૂ મજબૂત કરી શકાશે, તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

વધુમાં તેમણે ગામડા ઓ આર્થીક રીતે સમૃધ્ધ બને તે માટે ભારત સરકાર દ્વારા સહકાર વિભાગ કાર્યરત કરવાનો પ્રધાનમંત્રીશ્રીનો દૂરંદેશી ભર્યો નિર્ણય ગણાવ્યો હતો.

અમૂલ ડેરીની સહકારીતા ક્ષેત્રમાં જે ક્રાંતી કરી છે તે વિશ્વની અન્ય કોઈ ડેરીએ કરી નથી તેમ મંત્રીશ્રીએ જણાવતા કહ્યું કે, રાજ્યમાં ૧૮ જેટલા દૂધ સંઘ, ૧૮૬૦૦ જેટલી દૂધ મંડળીઓ તથા ૩૬ લાખ જેટલા પશુપાલકો, ૭૭ હજાર જેટલી મહિલાઓ અમુલ ડેરી સાથે સંકળાયેલ છે.વધુમાં તેમણે ઉમેરતાં કહ્યું કે અમૂલનું વાર્ષિક ટર્ન ઓવર જે પણ થાય તે ગામડામાં દૂધ ઉત્પાદન સાથે સંકળાયેલ લોકોના જીવનધોરણને ઉંચો લાવવામાં ખૂબ જ અગત્યનું માધ્યમ બની રહ્યું છે. આમ, અમૂલ એ સહકારીતાનો ઉત્તમ દષ્ટાંત પુરૂ પાડ્યું છે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

કો-ઓપરેટીવ બેંક્ગિ વ્યવસ્થા વિશે જણાવતા મંત્રીશ્રી કહ્યું કે, રાજ્યમાં ગામડાના લોકોને તાલુકા કે તાલુકાના લોકોને જિલ્લા સ્તરે પૈસાની લેવડ દેવડ માટે જવું ન પડે તે એક વર્ષમાં ૨૪ લાખ જેટલા ખેડૂતો તથા પશુપાલકોના બેંક એકાઉન્ટ કો-ઓપરેટીવ બેંકોમાં ખોલવામાં આવ્યા છે. આ માટે ગામડાઓમાં જ માઈક્રો એટીએમ તથા બેંક મિત્રની નિમણૂક કરવામાં આવી છે.આ માટે ગામડાના ખેડૂતો તથા પશુપાલકોને કેસીસી કાર્ડ પણ આપવામાં આવ્યું છે. આ વેળાએ મંત્રીશ્રીએ બે દિવસ ચાલનારા અધિવેશનમાં સહકારીતા ક્ષેત્રમાં વધુમાં વધુ યુવાધન જોડાય અને નવીન વિચારો સાથે કેવી રીતે સહકારીતા ક્ષેત્રને દેશને વિકસીત ભારતના સ્વપ્ર સાકાર કરવા મહત્તમ યોગદાન આપે ત દિશામાં મંથન કરવા ઉપસ્થિતોને જણાવ્યું હતું.

આ પ્રસંગે એન.ડી.ડી.બીના ચેરમેન મિનેશભાઈ શાહ,અમૂલ ડેરીની સહકાર ક્ષેત્રે કરાયેલ પ્રગતિનો ઈતિહાસ સાથે હાલની પરિસ્થિતિ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.આ ઉપરાંત ડેરી, મત્સય પાલન, પશુપાલન જેવા સહકારી ક્ષેત્રમાં એન.ડી.ડી. બી દ્વારા કરવામાં આવી રહેલ કામગીરીની જાણકારી આપી હતી. આ વેળાએ રાષ્ટ્ર સહકાર મહામંત્રી દિપકભાઈ ચૌરસીયા તથા અમૂલ ડેરીના ચેરમેન શ્રી વિપુલભાઈ પટેલે પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

# આણંદ જિલ્લામાં વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત ૫ મી જુન સુધી જનજાગૃતિ પખવાડિયાની ઉજવણી

। આણંદ, તા.૨૪ ।

વિશ્વ પર્યાવરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે ભારત સરકાર દ્વારા પર્યાવરણની જાળવણી સાથે સમગ્ર દેશ પ્રદુષણ મુક્ત બને તે માટે લોકોમાં જાગૃતિ આવે તેવા શુભ આશય સાથે પર્યાવરણ દિવસ-૨૦૨૫ નિમિત્તે ENDING PLASTIC POLLUTION ની થીમ પર ખાસ ઝુંબેશ ચલાવી, તા.૨૨ મે થી ૦૫ મી જૂન સુધી સમગ્ર આણંદ જિલ્લાને પ્લાસ્ટિક ફ્રી બનાવવા, આણંદ જીલ્લાના તમામ ગામોમાં પ્લાસ્ટિક મુક્ત ગામ બનાવવાના નિર્ધાર સાથે પ્લાસ્ટીક ની કોથળીઓ ની જગ્યા એ કાપડ તેમજ કાગળ ની થેલી વાપરવા અને બની સકે ત્યાં સુધી ઘરેથી જ કાપડની થેલીનો ઉપયોગ કરે તે માટે સદરહુ અભિયાન દરમિયાન આ વર્ષે રાખવામાં આવેલ થીમ ENDING PLASTIC POLLUTION પર દૈનિક વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવા જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુ શ્રી દેવાહુતી દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને જણાવવામાં આવ્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે ભરપૂર મહેનત કરીને સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રૉમેન્ટિક જીવન પણ અપવાદ નથી.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો. તમારાં જમા પાસાં તથા ભાવિ યોજનાઓનું પુનરાવલોકન કરવાનો સમય.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો.

**કર્ક (ડ,હ) :**

આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? અંગત જીવન ઉપરાંત તમારી જાતને કોઈક સખાવતી કાર્ય સાથે સાંકળો. એ તમને માનસિક શાંતિ આપશે પણ, આવું અંગત જીવનના ભોગે ન કરતા.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે. તમારા પરિવારના સભ્યો સાથે તમે આ સમાચાર વહેંચશો ત્યારે તેઓ પણ ખુશખુશાલ થઈ જશે.

**તુલા (ર,ત) :**

આજે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**મકર (ખ,જ) :**

આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. તમારા પ્રિયપાત્ર સાથે બહાર જતા હો ત્યારે દેખાવ અને વર્તનમાં તમે જેવા છો એવા જ રહો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં કોઈ ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે. પ્રેમ તથા રૉમાન્સ તમને ખુશખુશાલ મૂડમાં રાખશે.

## શ્રીલંકામાં મીઠાંની તીવ્ર અછત ભારતે મીઠાની ગુણો મોકલી

। (એજન્સી) કોલંબો, તા.૨૪ ।

શ્રીલંકાના પુટ્ટલમ્ જિલ્લાના મીઠાના ઉત્પાદકોના જણાવ્યા પ્રમાણે ગત સપ્તાહે થયેલા ભારે વરસાદને લીધે લગભગ ૧૫,૦૦૦ મે.ટન જેટલું મીઠું ધોવાઈ ગયું છે. આથી મીઠાની એક બોરીની કિંમત પાંચ ગણી વધી ગઈ છે.ભારે વરસાદને લીધે એક તરફ મીઠાનું ઉત્પાદન ઠપ થઈ ગયું છે, તો બીજી તરફ ઉત્પાદિત મીઠાના ડુંગરો વરસાદમાં ધોવાઈ ગયા છે. આથી શ્રીલંકામાં મીઠાનું ઉત્પાદન નહીં સમાન બની રહ્યું છે. લોકો મીઠા જેવી અનિવાર્ય જીવન જરૂરિયાતની ચીજના ભાવ આસમાને પહોંચ્યા છે. મીઠાના વેપારીઓ જેમની પાસે મીઠાનો સ્ટોક છે તેઓ મલાઈ ખાઈ રહ્યા છે.મીડીયા રીપોર્ટ પ્રમાણે શ્રીલંકામાં અત્યારે મીઠું ૧ કીલોના ૧૨૫ થી ૧૪૫ રૂપિયા સુધી પહોંચી ગયું છે તેનું કારણ તે છે કે દેશમાં સામાન્યતઃ થતાં કુલ ઉત્પાદનના ૨૩ ટકા જેટલું જ મીઠું પેદા થયું છે.

## LSGના વધુ એક ખેલાડીએ કરી દિગ્વેશ રાઠીની નકલ

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

ગુજરાત ટાઈટન્સ વિરૂદ્ધ રમાયેલી લખનઉ સુપર જાયન્ટસની ટીમમાં દિગ્વેશ રાઠીની ગેરહાજરી આકાશ સિંહે પૂરી કરી. દિગ્વેશ રાઠીને જે ગેરવર્તૂણક બદલ એક મેચમાંથી બૅન કરવામાં આવ્યો હતો. તે જ ગેરવર્તૂણકનું પુનરાવર્તન LSGના આકાશ સિંહે કર્યુ હતું. આકાશ સિંહે જોસ બટલરને ક્લિન બોલ્ડ કર્યા બાદ નોટબુક સેલિબ્રેશન કર્યુ હતું. આ ક્લિન બોલ્ડ સાથે આકાશે લખનઉને ત્રીજી વિકેટ અપાવી હતી. આકાશના આ સેલિબ્રેશન વિરૂદ્ધ બીસીસીઆઈ કાર્યવાહી હાથ ધરી શકે છે. અગાઉ LSGના દિગ્વેશ રાઠીએ પણ આ પ્રકારની ઉજવણી કરતાં એક મેચમાંથી સસ્પેન્ડ કરાયો હતો. આ પહેલાં રમાયેલી મેચમાં દિગ્વેશ રાઠીની આક્રમક બોલિંગથી સનરાઈઝર્સ હૈદરાબાદના બેટરને હંફાવ્યા હતા. જેમાં SRHના અભિષેક શર્માને આઉટ કર્યા બાદ દિગ્વેશ રાઠીએ નોટબુક સેલિબ્રેશન કરી શર્માને પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો. જેનાથી શર્મા ઉશ્કેરાયો હતો. બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. રાઠીના આ વ્યવહારના કારણે બીસીસીઆઈએ ડિમેરિટ પોઈન્ટની સાથે એક મેચ માટે બૅન મૂક્યો હતો.



જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના કાઝીગુંડ ખાતે ભારતીય સશસ્ત્ર દળો સાથે એકતા દર્શાવવા માટે આયોજિત ‘તિરંગા યાત્રા’માં લોકો ભાગ લીધો હતો.

### ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સોદો સંપૂર્ણ દ્વિપક્ષીય હશે

## ભારત ક્યારેય ન્યૂક્લિયર બ્લેકમેઈલને તાબે નહીં થાયઃ જયશંકરનો હુંકાર

### દરેક રાષ્ટ્રને ત્રાસવાદ વિરુદ્ધ પોતાનો બચાવ કરવાનો અધિકાર છે તેવી જર્મનીની સમજને અમે આવકારીએ છીએ

। (એજન્સી) બર્લિન, તા.૨૪ ।

ત્રાસવાદ વિરુદ્ધ ભારતની નીતિ હંમેશા ઝીરો ટોલરન્સની રહી છે અને તે ક્યારેય ન્યૂક્લિયર બ્લેકમેઈલિંગને તાબે નહીં થાય તેમ વિદેશમંત્રી એસ. જયશંકરે જણાવ્યું હતું. બર્લિન ખાતે જર્મનીના વિદેશમંત્રી સાથેની મંત્રણા બાદ જયશંકરે જણાવ્યું હતું કે, આ મામલે કોઈ પણ જગ્યાએ લેશમાત્ર ગૂંચવણ ના હોવી જોઈએ. દરેક રાષ્ટ્રને ત્રાસવાદ વિરુદ્ધ પોતાનો બચાવ કરવાનો અધિકાર છે તેવી જર્મનીની સમજને અમે આવકારીએ છીએ.



તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પહેલગામમાં થયેલાં આતંકી હુમલા બાદ ભારતે આપેલી પ્રતિક્રિયા બાદ હું જર્મની આવ્યો છું. ભારત ક્યારેય ત્રાસવાદને સાંખી નહીં લે કે તે ક્યારેય ન્યૂક્લિયર બ્લેકમેઈલિંગ સામે નમતું નહીં જોખે. ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સોદો સંપૂર્ણ દ્વિપક્ષીય હશે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.જર્મનીના વિદેશમંત્રી જોહાન્ન વેડફુલે જણાવ્યું હતું કે, ત્રાસવાદ વિરુદ્ધની કોઈ પણ લડાઈમાં બર્લિન સહાય કરશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ત્રાસવાદને વિશ્વમાં ક્યાંય પણ આશ્રય ના મળવો જોઈએ અને આથી જ ત્રાસવાદ વિરુદ્ધ લડતાં દરેકને અમે ટેકો આપીશું. બંને દેશો વચ્ચે થયેલાં સીઝફાયરને અમે આવકારીએ છીએ અને આશા રાખીએ છીએ કે ટૂંક સમયમાં તેનો સ્થાયી ઉકેલ આવે.

### RBIએ કેન્દ્ર સરકાર માટે ખોલ્યો ખજાનો

## રૂ.૨.૨૯ લાખ કરોડનું ડિવિડન્ડ આપવા RBIએ કરી જાહેરાત

### કેન્દ્રીય બેંકના ગવર્નરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ, જેમાં સ્થાનિક અને વૈશ્વિક આર્થિક પરિસ્થિતિની સમીક્ષા કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

કેન્દ્રીય રિઝર્વ બેંક એટલે RBIએ સરકારને રેકોર્ડ ડિવિડન્ડ આપવાની જાહેરાત કરી છે. આરબીઆઈએ કહ્યું કે, તેઓ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સરકારને ૨.૬૯ લાખ કરોડ રૂપિયાનું ડિવિડન્ડ આપશે. જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આપવામાં આવેલા ૨.૧ લાખ કરોડ રૂપિયાથી વધુ છે. આ પહેલા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે આપેલું ડિવિડન્ડ ૮૭,૪૧૬ રૂપિયા હતું. કેન્દ્રીય બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાની અધ્યક્ષતામાં શુક્રવારે બેઠક યોજાઈ. જેમાં સ્થાનિક અને વૈશ્વિક આર્થિક પરિસ્થિતિની સમીક્ષા કરવામાં



આવી હતી. આ દરમિયાન, ડિરેક્ટર બોર્ડે એપ્રિલ ૨૦૨૪ - માર્ચ ૨૦૨૫ દરમિયાન રિઝર્વ બેંકની કામગીરીની પણ ચર્ચા કરી અને વર્ષ ૨૦૨૪-૨૫ માટે રિઝર્વ બેંકના વાર્ષિક અહેવાલ અને નાણાકીય નિવેદનોને મંજૂરી આપી. આ સાથે, બોર્ડે કેન્દ્ર સરકારને ૨.૬૯ લાખ કરોડ રૂપિયાના સરપ્લસ ટ્રાન્સફરને મંજૂરી આપી. આ બેઠકમાં એ પણ નિર્ણય લેવાયો કે, સુધારેલ આર્થિક મૂડી માળખું (ECF) હેઠળ આકસ્મિક જોખમ બફર (CRB)ને હવે વધારીને ૭.૫ ટકા કરાશે, જે પહેલા ૬.૫ ટકા હતું. જણાવી દઈએ કે, કોરોના મહામારીના સમયે આરબીઆઈની આર્થિક સ્થિરતાને ધ્યાનમાં રાખતા ૫.૫ ટકાનો CRB જાળવી રાખ્યો હતો, જેને ગત બે વર્ષમાં તબક્કાવાર ૬ ટકા અને ૬.૫ ટકા સુધી વધારાયો હતો. આરબીઆઈ પોતાના આર્થિક મૂડી માળખા (ECF) ના આધારે સરકારને ડિવિડન્ડ આપે છે. આ માળખું RBIના ભૂતપૂર્વ ગવર્નર બિમલ જાલાનની અધ્યક્ષતામાં બનેલી નિષ્ણાત સમિતિના રિપોર્ટના આધારે ઓગસ્ટ, ૨૦૧૯માં લાગુ કરવામાં આવ્યું હતું.

## પત્ની અને બે બાળકો સહિત કર્યો સામૂહિક આપઘાત

। જમશેદપુર, તા.૨૪ ।

જમશેદપુરથી એક દર્દનાક ઘટના સામે આવી છે. અહીં ગમહરિયામાં આવેલી ટાટા સ્ટીલ કંપનીમાં સિનિયર મેનેજર તરીકે તહેનાત કેન્સરથી પીડિત ૪૦ વર્ષીય એન્જિનિયર કૃષ્ણ કુમારે પત્ની અને બે બાળકો સાથે સામૂહિક આત્મહત્યા કરી લીધી. શુક્રવારે રાત્રે ચારેયના મૃતદેહ ઘરમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. આ ઘટનાનો ખુલાસો ત્યારે થયો જ્યારે પાડોશીઓએ બંધ રૂમમાંથી દુર્ગંધ આવતી હોવાની જાણકારી પોલીસને આપી હતી. જેના બાદ મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. કૃષ્ણ કુમાર તાજેતરમાં જ કેન્સરની સારવાર કરાવીને મુંબઈથી પરત ફર્યા હતા.

### મંત્રીને ત્યાગપત્ર આપવું પડયું

## જાપાનમાં ચોખાની ગંભીર કટોકટી ભાવ બમણા થઈ ગયા

### ચોખા સદીઓથી જાપાનમાં મુખ્ય ખાદ્યાન્ન છે ૨૦૨૩માં ફસલ ઓછી થઈ ૨૦૨૪માં ભૂકંપની ભીતિને લીધે ખરીદી એકદમ વધી ગઈ

। (એજન્સી) ટોક્યો, તા.૨૪ ।

જાપાનમાં આજકાલ ચોખાની ગંભીર કટોકટી ઊભી થઈ છે. શુક્રવારે તા. ૨૩ મેના દિવસે પ્રસિદ્ધ કરાયેલા મોંઘવારીના આંકડા ઉપરથી જાણવા મળ્યું છે કે ગત વર્ષના પ્રમાણમાં આ વર્ષે ચોખાની કિંમતમાં ૯૮ ટકા વધારો થયો છે, એટલે કે ભાવ લગભગ બમણાં થઈ ગયા છે. આ કટોકટી હલ ન થઈ શકતાં ખાદ્યાન્ન મંત્રીને ત્યાગપત્ર આપવું પડયું છે સાથે વડાપ્રધાન શિગેરૂ ઈશિબા માટે આ કટોકટી માથાનો દુઃખાવો બની ગઈ છે.આ અચાનક ભાવ વૃદ્ધિનાં ૪ મુખ્ય કારણો છે (૧) પહેલું કારણ તે છે કે, ૨૦૨૩માં રેકોર્ડ ગરમીને લીધે ચોખાનું ઉત્પાદન ઘટી ગયું છે. (૨) બીજું કારણ તે છે કે ૨૦૨૪માં ભૂકંપની ચેતવણીથી લોકોએ ગભરાટમાં મોટા પાયે ચોખાની ખરીદી શરૂ કરી હતી. જાપાનમાં મુખ્ય ખાદ્યાન્ન જ ચોખા છે. તેથી તેનો સંગ્રહ કરવા પડાપડી થઈ હતી. (૩) વધુ કારણ તે છે કે જાપાનમાં પર્યટકોની સંખ્યા ખૂબ વધી છે. તેઓ ચોખા અને સુશીની ડીશ બીજી કોઈ પણ ડીશ કરતાં વધુ પસંદ કરે છે તેથી ચોખાની માંગ વધી જતાં ભાવ વધી જાય તે સહજ છે. વળી સંઘરાખોરી પણ થાય છે. જાપાનમાં સરકારે જ ચોખાને બદલે અન્ય ફસલ ઉગાડવા ઉપર ભાર મુક્યો છે તેથી ચોખાનું ઉત્પાદન ઘટયું છે. ચોખા ઉગાડનાર ખેડૂતો વૃદ્ધ થઈ ગયા છે, તેના પુત્રોને ખેતીમાં રસ નથી તેથી ચોખાનું વાવેતર જ ઘટયું છે. ૬૦ ટકા ખેડૂતો વૃદ્ધ થઈ ગયા છે. ૭૦ ટકાને તો કોઈ તેવો ઉત્તરાધિકારી નથી કે જે ખેતી સંભાળવા તૈયાર થાય. ૯૦ વર્ષના ચોખાના વેપારી જેઓ ત્રણ પેઢીથી જથ્થાબંધ ચોખાની દુકાન ચલાવે છે તેમણે કહ્યું હતું કે જાપાની અધિકારીઓ જ ચોખાનું ઉત્પાદન કરવાને બદલે અન્ય અનાજનું ઉત્પાદન કરવા કહેતા હતા તેથી ચોખાનું ઉત્પાદન ઘટયું છે.

## ઈશાનની તોફાની બેટિંગ, હૈદરાબાદનો આરસીબી સામે ૪૨ રને વિજય થયો

। (એજન્સી) લખનૌ, તા.૨૪ ।

સનરાઈઝર્સ હૈદરાબાદે આઈપીએલ લીગ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને ૪૨ રને હરાવીને આશ્વાસનરૂપ વિજય મેળવ્યો હતો. ઈશાન કિશનના તોફાની ૯૪* રનની મદદથી હૈદરાબાદે છ વિકેટે ૨૩૧ રનનો સ્કોર રજૂ કર્યો હતો. જવાબમાં બેંગ્લોર ૧૯.૫ ઓવરમાં ૧૮૯માં ઓલ આઉટ થયું હતું.આરસીબીને આ મેચમાં જીત સાથે ટોચની બે ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કરવાની તક હતી પરંતુ તેણે ગુમાવી હતી. આરસીબી તરફથી ઓપનર ફિલ સોલ્ટે ૩૨ બોલમાં ચાર ચોગ્ગા અને પાંચ છગ્ગાના સહાર ૬૨ રન કર્યા હતા. વિરાટ કોહલીએ ૪૩ રન ફટકારીને તેનો સાથ આપ્યો હતો. બંને વચ્ચે પ્રથમ વિકેટ માટે ૮૦ રનની પાર્ટનરશિપ થઈ હતી. ત્યારબાદ પાટીદાર (૧૮) અને કેપ્ટન જિતેશ શર્મા (૨૪) પણ મોટી ઈનિંગ્સ રમી શક્યા નહતા.

## રોહિત-કોહલીની ટીમમાં ગેરહાજરી વર્તાશે પણ અન્ય માટે તક રહેશેઃ ગંભીર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે જણાવ્યું કે, ટેસ્ટમાંથી નિવૃત્તિ જાહેર કરનાર રોહિત અને કોહલી જેવા દિગ્ગજ ખેલાડીઓ વગર રમવાનો ટીમ સામે પડકાર રહેશે. પરંતુ બીજીતરફ યુવા ખેલાડીઓને જવાબદારી સ્વીકારવાની તક પણ પ્રાપ્ત થશે. કોહલી અને રોહિતે ચાલુ મહિને ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહી દીધું હતું. ભારતીય ટીમ ઈંગ્લેન્ડના પ્રવાસમાં પાંચ ટેસ્ટની સિરીઝ રમવા જઈ રહી છે તે અગાઉ જ બંને ખેલાડીઓએ નિવૃત્તિ જાહેર કરી હતી. શનિવારે ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતની ટીમ જાહેર થશે.ખેલાડીએ ક્યારે રમવાનું શરૂ કરવું અને ક્યારે નિવૃત્ત થવું તે વ્યક્તિગત નિર્ણય હોય છે. કોચ, પસંદગીકાર કે દેશનો કોઈપણ વ્યક્તિ ખેલાડીને નિવૃત્તિ અંગે જણાવી શકે નહીં, તેમ ગંભીતે ઉમેર્યુ હતું. ભારતીય ટેસ્ટ ટીમમાં નેતૃત્વ તથા અનુભવની દ્રષ્ટિએ મોટી જગ્યા પડશે જેને ભરવી સરળ નહીં હોય. શું રોહિત અને કોહલી ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપમાં રમશે તેવું પૂછતા ગંભીરે જણાવ્યું કે, વન-ડે વર્લ્ડ કપમાં ઘણો લાંબો સમય બાકી છે. તે પૂર્વે ભારતની યજમાનીમાં એક મહત્વની ટુર્નામેન્ટ ટી૨૦ વર્લ્ડ કપ રમાશે. ઈંગ્લેન્ડ પ્રવાસ બાદ અમે સંપૂર્ણ ધ્યાન ટી૨૦ વર્લ્ડ કપ પર કેન્દ્રીત કરીશું.

**વિશેષ**

### ‘ઓપરેશન સિંદૂર’ દ્વારા પાકિસ્તાન અને આતંકવાદ વચ્ચેના સંબંધો આખી દુનિયા સમક્ષ ખુલ્લા પડી ગયા છે

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નવી દિલ્હીમાં સરહદ સુરક્ષા દળ (BSF)ના અલંકરણ સમારોહ માં સામેલ રહ્યા અને રૂસ્તમજી સ્મારક વ્યાખ્યાનમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા

। (પીઆઈબી) નવી દિલ્હી ।

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં સરહદ સુરક્ષા દળ (BSF) ના અલંકરણ સમારોહ અને રૂસ્તમજી સ્મારક વ્યાખ્યાનમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ સચિવ, ગુપ્તચર બ્યૂરોના ડિરેક્ટર અને બોર્ડર સિક્યુરિટી ફોર્સના ડિરેક્ટર જનરલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ૧૯૬૫થી ૨૦૨૫ સુધીની બીએસએફની સફર દર્શાવે છે કે મુશ્કેલ પરિસ્થિતિઓમાં ઓછા સંસાધનો સાથે શરૂ થયેલી આ સંસ્થા આજે વિશ્વની સૌથી મોટી અને સૌથી ભવ્ય સરહદ સુરક્ષા દળ તરીકે આપણી સમક્ષ ઉભી છે. તેમણે કહ્યું કે દેશભક્તિના આધારે બધી મુશ્કેલીઓને કેવી રીતે દૂર કરી શકાય છે અને વિશ્વમાં શ્રેષ્ઠ કેવી રીતે બની શકાય છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ સરહદ સુરક્ષા દળ છે. તેમણે કહ્યું કે પ્રતિકૂળ પરિસ્થિતિઓ, ૪૫ ડિગ્રીથી વધુ તાપમાન અથવા ખૂબ નીચા તાપમાન, ગાઢ જંગલો, દુર્ગમ પર્વતો અને દરિયા કિનારે BSF રક્ષકો દ્વારા દર્શાવવામાં આવેલી દેશભક્તિ અને નિષ્ઠાએ BSF ને સંરક્ષણની પ્રથમ હરોળ બનવાનું સન્માન આપ્યું છે. શ્રી શાહે કહ્યું કે દેશમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે એક જ દળ સરહદ પર સુરક્ષા પૂરી પાડશે અને પછી દળની ક્ષમતા જોઈને, મ્જીહ્લને બે સૌથી મુશ્કેલ સરહદો, બાંગ્લાદેશ અને પાકિસ્તાનની સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી છે. શ્રી કે એફ રુસ્તમજીના યોગદાનને યાદ કરતા, કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે ૧૯૬૫ના યુદ્ધ પછી, એક એવી દળની જરૂરિયાત અનુભવાઈ જે શાંતિના સમયમાં પણ સરહદોનું રક્ષણ કરી શકે અને તેના કારણે BSFનો વિચાર આવ્યો અને રુસ્તમજી આ દળના પ્રથમ મહાનિર્દેશક બન્યા. તેમણે કહ્યું કે ૧૯૬૫માં બીએસએફની સ્થાપના પછી, ૧૯૭૧માં આપણા પર લાદવામાં આવેલા યુદ્ધમાં દળના સૈનિકોએ બતાવેલ બહાદુરી અને યોગદાનને ભારત ક્યારેય ભૂલી શકશે નહીં અને બાંગ્લાદેશે પણ તેને ક્યારેય ભૂલવું જોઈએ નહીં. શ્રી શાહે કહ્યું કે BSF એ બાંગ્લાદેશના નિર્માણમાં મોટી ભૂમિકા ભજવી હતી અને અન્યાય સામે લડવામાં સેના સાથે ખભા મિલાવીને, આ દળે બહાદુરીથી નેતૃત્વ લેવાનું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું હતું. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે સરહદ સુરક્ષા ઉપરાંત, BSF એ દેશની આંતરિક સુરક્ષા, આપત્તિ વ્યવસ્થાપન અને આતંકવાદ વિરોધી કામગીરીમાં પણ સક્રિયપણે ભાગ લીધો છે અને પરિણામો પ્રાપ્ત કર્યા છે. તેમણે કહ્યું કે જ્યાં પણ BSF તૈનાત કરવામાં આવ્યું છે, પછી ભલે તે ચૂંટણી હોય, કોરોના હોય, રમતગમતનું ક્ષેત્ર હોય, આતંકવાદ હોય કે નક્સલવાદ હોય, ફોર્સે દરેક મોરચે પોતાની ફરજ ખૂબ જ સારી રીતે




નિભાવી છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે આજનો અલંકરણ સમારોહ એવા સમયે યોજાયો છે જ્યારે BSF અને સેનાએ સમગ્ર વિશ્વ સમક્ષ પોતાની અજોડ બહાદુરીનું ઉદાહરણ રજૂ કર્યું છે. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર એ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની મજબૂત રાજકીય ઈચ્છાશક્તિ, ગુપ્તચર એજન્સીઓ પાસેથી મળેલી સચોટ માહિતી અને આપણા સશસ્ત્ર દળોની ફાયરપાવરનું અદ્ભુત પ્રદર્શન છે. તેમણે કહ્યું કે આપણો દેશ ઘણા દાયકાઓથી પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો સામનો કરી રહ્યો છે અને પાકિસ્તાને વર્ષોથી ઘણી મોટી આતંકવાદી ઘટનાઓને અંજામ આપ્યો છે પરંતુ તેમને ક્યારેય યોગ્ય જવાબ આપવામાં આવ્યો નથી. શ્રી અમિત શાહે કહ્યું કે ૨૦૧૪માં જ્યારે શ્રી નરેન્દ્ર મોદી દેશના પ્રધાનમંત્રી બન્યા અને તે પછી ઉરીમાં આપણા સૈનિકો પર પહેલો સૌથી મોટો આતંકવાદી હુમલો થયો, ત્યારે અમે સર્જિકલ સ્ટ્રાઈક કરી અને પહેલી વાર આતંકવાદીઓના ઠેકાણાઓમાં ઘૂસીને આતંકવાદીઓને યોગ્ય જવાબ આપ્યો. તેમણે કહ્યું કે અમને વિશ્વાસ હતો કે ભારત તરફથી મળેલા આ જવાબથી કદાચ હવે બધું બંધ થઈ જશે પરંતુ તે અટક્યું નહીં અને પુલવામામાં આપણા સૈનિકો પર બીજો આતંકવાદી હુમલો થયો. આ વખતે ભારતીય દળોએ હવાઈ હુમલાઓ દ્વારા કડક જવાબ આપ્યો અને ફરી એકવાર આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. ગૃહમંત્રીએ કહ્યું કે આ પછી, પહેલગામમાં પરિસ્થિતિ હદ વટાવી ગઈ જ્યારે પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓએ નિર્દોષ મુસાફરોને તેમના ધર્મ વિશે પૂછ્યું અને તેમના પરિવારોની સામે તેમની નિર્દયતાથી હત્યા કરી. તેમણે કહ્યું કે તે સમયે પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે આ આતંકવાદી હુમલાનો યોગ્ય જવાબ આપવામાં આવશે અને ઓપરેશન સિંદૂર તેનો યોગ્ય જવાબ છે. તેમણે કહ્યું કે આજે આખું વિશ્વ આપણાસશસ્ત્રદળોનીબહાદુરીઅને ફાયરપાવરની પ્રશંસા કરી રહ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે વિશ્વભરમાં ઘણી જગ્યાએ આતંકવાદી હુમલાઓનો જવાબ આપવામાં આવ્યો છે પરંતુ ભારત દ્વારા આપવામાં આવેલ પ્રતિભાવ અલગ છે. તેમણે કહ્યું કે પહેલગામ પરના હુમલા પછી, અમે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું અને થોડીવારમાં ૯ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો, જેમાંથી બે આતંકવાદી સંગઠનોના મુખ્ય મથક હતા. તેમણે કહ્યું કે ભારતીય દળોએ ન તો પાકિસ્તાની સૈન્ય સ્થાપનો પર હુમલો કર્યો છે અને ન તો તેમના એરબેઝ પર હુમલો કર્યો ન હતો, પરંતુ ફક્ત તે આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો જેમણે આપણી ધરતી પર ગુનાઓ કર્યા હતા. શ્રી શાહે કહ્યું કે અમને લાગ્યું કે આ પૂરતું થશે અને અમે ફક્ત આતંકવાદીઓ પર જ હુમલો કર્યો. તેમણે કહ્યું કે પાકિસ્તાને સાબિત કરી દીધું છે કે આતંકવાદ તેના દ્વારા પ્રાયોજિત છે અને તેણે આતંકવાદીઓ પરના હુમલાને પોતાના પરનો હુમલો ગણીને આપણા દેશના નાગરિક અને લશ્કરી સંસ્થાઓ પર હુમલો કરવાની હિંમત કરી છે. ગૃહમંત્રીએ કહ્યું કે ભારતની વાયુ સંરક્ષણ પ્રણાલી અદ્ભુત છે અને પાકિસ્તાનના હુમલા આપણને નુકસાન પહોંચાડી શકે નહીં. શ્રી અમિત શાહે કહ્યું કે જ્યારે પાકિસ્તાની સેનાએ આપણી નાગરિક અને લશ્કરી સંસ્થાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ભારતીય સશસ્ત્ર દળોએ તેમના એરબેઝ પર હુમલો કરીને મજબૂત અને કઠોર જવાબ આપીને આપણી પ્રહાર શક્તિનું પ્રદર્શન કર્યું અને તેમની હવાઈ સંરક્ષણ પ્રણાલીની બિનઅસરકારકતા છતી કરી. તેમણે કહ્યું કે તે સમયે પણ અમે પાકિસ્તાનમાં કોઈપણ નાગરિક સ્થળો પર હુમલો કર્યો ન હતો. શ્રી શાહે કહ્યું કે ‘ઓપરેશન સિંદૂર’ દ્વારા પાકિસ્તાન અને આતંકવાદ વચ્ચેનું જોડાણ સમગ્ર વિશ્વ સમક્ષ ખુલ્લું પડી ગયું છે.

# બીબીપુર રમત સંકુલ ખાતે સ્વચ્છતા અભિયાન હેઠળ પ્લાસ્ટિકના કચરાનો નિકાલ કરવામાં આવ્યો





વિશ્વ પર્યાવરણ દિવસ પખવાડિયાની ઉજવણી અંતર્ગત અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા બીબીપુર રમત સંકુલ ખાતે ખેલાડીઓ, એડમીન સ્ટાફ અને ગ્રામજનો દ્વારા સ્વચ્છતા અભિયાન હેઠળ પ્લાસ્ટિકના કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ અભિયાનમાં ખેલાડીઓ, એડમીન સ્ટાફ તેમજ ગ્રામજનો ખૂબ જ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. વધુમાં, ગ્રામજનોને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા. સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા માટે હાજર સૌ લોકો દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

## બગસરા અને ગ્રામ્ય પંથકમાં કમોસમી વરસાદ, ખેડૂતોમાં ચિંતા

। (એજન્સી) અમરેલી, તા.૨૪ ।

ગુજરાતના ઘણા વિસ્તારોમાં હાલ કમોસમી વરસાદ વરસી રહ્યો છે. જેના લીધે ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં જનજીવન ખૂબ જ અસરગ્રસ્ત થયું છે. કમોસમી વરસાદ વરસતા ઘણા ઉંડાણવાળા વિસ્તારોમાં લોકો હેરાન થયા છે. તો ક્યાંક ખેડૂતોનો પાક ધોવાઈ જતા આર્થિક માર વેઠવાનો વારો આવ્યો છે. ગુજરાતમાં કમોસમી વરસાદને પગલે ખેડૂતોના પાકનો પાક સંકટમાં હોય તેમ જણાઈ રહ્યું છે. તો અમરેલી પંથકમાં પણ ૨ દિવસના વિરામ બાદ બગસરા સહિતના ગ્રામ્ય પંથકમાં વરસાદ શરુ થઈ ગયો છે. બગસરા શહેર સહિત તેના આસપાસના વિસ્તારો, જામકા, જેઠીયાવદાર, શીલાણા ગામમાં જોરદાર પવન અને કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. ભારે વરસાદ વરસતા પંથકના લોકોને બફારા વચ્ચે ઠંડકનો અનુભવ થયો હતો.તો વરસાદ પડતા ખેડૂતો ચિંતામાં મૂકાઈ ગયા છે.

## ઓલપાડમાં સૌથી મોટુ ગેસ રિફીલિંગ કૌભાંડ ઝડપાયું

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

સુરતના ઓલપાડના માસમા ગામની સીમમાંથી ગેસ રિફીલિંગ કરવા માટેનું ગોડાઉન ઝડપાયું છે. પોલીસે રાજ્યનું સૌથી મોટુ ગેસ રિફીલિંગ કૌભાંડ ઝડપી પાડ્યું છે. આ ગોડાઉનમાં ઈન્ડેન ગેસની બોટલમાંથી અન્ય બોટલમાં રિફીલિંગ કરવામાં આવતુ હતુ. કૌભાંડીઓ ગેસની બોટલમાંથી બેથી ત્રણ કિલો ગેસ કાઢી લેતા હતાં. પોલીસે ચંદન ગેસ સર્વિસ એજન્સીમાંથી આ કૌભાંડ ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતના ઓલપાડના માસમા ગામની સીમમાંથી ગેસની બોટલોનું રિફીલિંગ કરતુ ગોડાઉન ઝડપાયું છે. ચંદન ગેસ સર્વિસ નામની એજન્સી દ્વારા ઈન્ડેન ગેસની બોટલમાંથી અન્ય બોટલમાં ગેસનું રિફીલિંગ કરવામાં આવતુ હતું. પોલીસની તપાસમાં ૭૦૦થી વધુ ગેસની બોટલો ઝડપાઈ છે. આ ઉપરાંત ગેસની બોટલ ભરેલા આઠ ટેમ્પા પણ મળી આવ્યાં છે.પોલીસે દરોડો પાડતાં કેટલાક ઈસમો ફરાર થઈ ગયા હતાં. જ્યારે એક ઈસમ ઝડપાયો હતો. અગાઉ એક હજાર ગેસની બોટલ રિફીલિંગ કરવાનું કૌભાંડ ઝડપાયું હતું. ઓલપાડ પોલીસે સમગ્ર ગેસ રિફીલિંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. કૌભાંડીઓ ઈન્ડેન ગેસની ૩૦ કિલોની બોટલમાંથી બેથી ત્રણ કિલો ગેસ કાઢી લેવાતો હતો.

### વી.એસ. હોસ્પિટલમાં ક્લિનિકલ

# ટ્રાયલ થયાં હોય તેવા બે દર્દીનાં મોતનો આક્ષેપ

### વી.એસ.ના ક્લિનિકલ ટ્રાયલની તપાસમાં જવાબદારોને છાવરવાનું કામ થઇ રહ્યું હોવાનો મહિલા કોર્પોરેટરનો આક્ષેપ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

મ્યુનિ. સંચાલિત વી.એસ.હોસ્પિટલમાં કહેવાતી એથિકલ કમિટીનાં નેજા હેઠળ ફાર્મા કંપનીઓની દવાનાં દર્દીઓ ઉપર ટ્રાયલ કરવાનાં કૌભાંડમાં તપાસ સમેટવામાં આવી રહી છે ત્યારે જ આ કૌભાંડનો પર્દાફાશ કરનાર કોંગ્રેસનાં મહિલા કોર્પોરેટરે ક્લિનિકલ ટ્રાયલ જેની ઉપર થયાં હતા તેવા બે દર્દીનાં મોત નીપજ્યાં હોવાનો ચોંકાવનારો આક્ષેપ કર્યો છે.મ્યુનિ. સામાન્ય સભામાં ધડાકો કરવા માટે પુરાવા સાથે આવેલાં કોંગી કોર્પોરેટર રાજેશ્રી કેસરીએ તેમને મ્યુનિ. બોર્ડમાં બોલવાની તક નહિ મળતાં મિડિયાને વી.એસ. ક્લિનિકલ ટ્રાયલ કૌભાંડમાં જવાબદારોને છાવરવા માટે તપાસ ચાલી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે તપાસ જે રીતે અને જે દિશામાં ચાલી રહી છે તે સઘળી બાબતો શંકાસ્પદ હોવાનો આક્ષેપ કરતાં કહ્યું કે, ક્લિનિકલ ટ્રાયલનાં આંકડા સહિત અનેક બાબતો છુપાવવામાં આવી છે અને તેમાં શાસક પક્ષની ભૂમિકા હોવાનુ લાગી રહ્યું છે.કોંગી કોર્પોરેટર રાજેશ્રી કેસરીએ એવી માહિતી આપી હતી કે, નવા નરોડા વિસ્તારમાં રહેતા ઉમંગ જૈન નામનાં દર્દીનુ ગત ૩૧મી માર્ચ ૨૦૨૫નાં રોજ મરણ થયુ હતું. આ દર્દીને એક હજાર વ્યક્તિએ એક વ્યક્તિને થાય તેવી દુર્લભ પ્રકારની બિમારી હતી. તે કેટલાય સમયથી વી.એસ.હોસ્પિટલમાં સારવાર લેતો હતો. તેની ઉપર ૨૦૨૩થી ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરાયા હતા અને ૨૦૨૩થી ૨૪મી માર્ચ ૨૦૨૫ સુધીમાં સતત નવ વાર ડ્રગ ટ્રાયલ થયા હતા.

## વેરાવળ ફિશરીઝ વિભાગ દ્વારા બોટોને પરત બોલાવવા કવાયત શરૂ

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૨૪ ।

રાજ્યભરમાં ભર ઉનાળે ભારે પવન સાથે જોરદાર વરસાદ ખાબક્યો હતો ત્યાર બાદ હવે ગુજરાતમાં ચક્રવાતના સંકટની હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગાહી કરી હતી. આ દરમિયાન રાજ્યના દરિયા કાંઠાના વિસ્તારો એલર્ટ કરી દેવાયા છે. આરબી સમુદ્રમાં ચક્રવાતની શકયતાના પગલે ગીર સોમનાથમાં તમામ બોટો પરત બોલાવી લેવામાં આવી છે. વેરાવળ ફિશરીઝ વિભાગ દ્વારા બોટોને પરત બોલાવવા કવાયત શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં ચક્રવાતના સંકટ વચ્ચે ગીર સોમનાથમાં તમામ ફિશિંગ બોટો પરત બોલાવાઇ છે. અરબી સમુદ્રમાં ચક્રવાતની શકયતાના પગલે આ નિર્ણય લેવાયો છે. વેરાવળ ફિશરીઝ વિભાગ દ્વારા બોટોને પરત બોલાવવા કવાયત હાથ ધરી છે. જિલ્લામાં ૭૫૦૦ પૈકી ૫૦૪ જેટલી ફિશિંગ બોટો હજુ દરિયામાં છે. તો બીજી તરફ ઓનલાઈન સિસ્ટમમાં સર્વર ડાઉન હોવાથી બોટોની પરત એન્ટ્રી નથી થતી. જિલ્લામાં ગત ૧૭ મેથી ફરી ફિશિંગ પર પ્રતિબંધ આવેલ છે.

### ખાણીપીણીના ધંધાર્થીને ત્યાં તપાસ

# રાજકોટ મનપાના ફૂડ વિભાગ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું

### ૩૫ કિલો વેજ અને નોનવેજનો અખાદ્ય જથ્થો ઝડપી નાશ કરવામાં આવ્યો છે લચ્છી સરબત સહિતના પીણાનો પણ નમૂના લઈ નાશ કરાયો છે

। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।

રાજકોટ મનપાના ફૂડ વિભાગ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે ફૂડ વિભાગ દ્વારા લેવાયેલા સંખ્યાબંધ નમૂના નાપાસ થતાં હતા. ત્યારે ફૂડ વિભાગે વિક્રેતાઓ પર કાર્યવાહી કરી છે. જેમાં ૩૫ કિલો વેજ અને નોનવેજનો અખાદ્ય જથ્થો ઝડપી નાશ કરવામાં આવ્યો છે. લચ્છી સરબત સહિતના પીણાનો પણ નમૂના લઈ નાશ કરાયો છે. શહેરના અલગ અલગ ત્રણે ઝોનમાં આવેલા બે ડઝનથી વધુ ખાણીપીણીના ધંધાર્થીને ત્યાં ચકાસણી કરવામાં આવી હતી. ફૂડ વિભાગે મવડી, ભોમેશ્વર, ભગવતીપરા સહિતના સ્થળોએ આવેલા ખાદ્યપદાર્થના ધંધાર્થીઓને ત્યાં ચકાસણી કરવામાં આવી છે. અગાઉ રાજકોટ ફૂડ વિભાગે લેવાયેલા સંખ્યાબંધ નમૂના નાપાસ થતાં હતા. જેમાં કેળાની વેફર, ગાયનું ઘી, સહિતના નમૂના ફેલ થયા હોવાનું સામે આવ્યું હતું. સાથે જ ફૂડ વિભાગે ઉત્પાદકો અને વિક્રેતાઓને ૩.૫ લાખનો દંડ ફટકાર્યો હતો. સાથે જ ફૂડ વિભાગે ખાણીપીણીમાં કોઈ મિલાવટવાળી વસ્તું કે બગડેલો સામાન નથી તે અંગે તપાસ હાથધરી હતી. આ દરમિયાન ૨૧ ધંધાર્થીઓને નોટિસ ફટકારવામાં આવી હતી. અખાદ્ય વસ્તુઓ મામલે ચકાસણી હાથ ધરવામાં આવતા અનેક વિક્રેતાઓ પકડાયા હતા અને તેમને ફૂટ વિભાગે આકરો દંડ પણ ફટકાર્યો હતો.તમને જણાવી દઈએ કે, થોડા દિવસો પહેલા રાજકોટમાં આવેલા નેન્સી ગૃહ ઉદ્યોગમાં ફૂડ વિભાગે ચેકિંગ હાથ ધર્યુ હતું.

### મહીસાગરના લુણાવાડાનો વેપારી ઠગાઈનો ભોગ બન્યો

# ચકલાસીના ગઠિયાની ડોલર આપવાનું કહી રૂા. ૫.૧૦ લાખની છેતરપિંડી

### ભગવાનપુરામાં ખોટું મકાન બતાવી મંદિરમાં પૂજારી સાથે ઝઘડો કર્યો : ૪ શખ્સો વિરૂદ્ધ ગુનો

। (એજન્સી) નડિયાદ, તા.૨૪ ।

લુણાવાડાના ઈસમને ફોન કરી ડોલર આપવાના બહાને ચકલાસી ભગવાનપુરામાં બોલાવી ગઠિયાઓએ રૂ.૫.૧૦ લાખની છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે ચકલાસી પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મુલ્યાનપુરા, શહેરા દરવાજા પાસે રહેતા દિવ્યેશકુમાર રાજેન્દ્રભાઈ ડબગર મોબાઈલ રીપેરીંગ તેમજ સીઝનેબલ ધંધો કરે છે. તેમના મોબાઈલ પર અમેરિકન ડાલર ટ્રાન્ફર કરાવવાના છે તેમ કહી વોટએપ ઉપર ડોલરના બે ફોટા મોકલ્યા હતા. તા. ૨૭/૦૩/૨૦૨૫ ના રોજ ફોન કરી અમેરીકન ડોલર ટ્રાન્સફર કરવા સારુ ભાલેજ બોલાવેલા હતા. ત્યાં જતા તેમના મોબાઈલ પર ફોન કરી રાહુલ તરીકે ઓળખાણ આપી એક માણસ મળેલ અને જણાવેલું કે મારી પાસે અમેરીકન ડોલર પડેલા છે. તમે બે દિવસ પછી મારા માસીના ઘરે ભગવાનપુરા ચકલાસી આવજો. ત્યાર બાદ દિવ્યેશભાઈ, તેમના મિત્ર હરેશભાઈ રમેશભાઈ ડબગર સાથે ગાડી લઈ તા-૨૯/૦૩/૨૦૨૫ના રોજ ભગવાનપુરા ચકલાસી ગયા હતા. ત્યારે રાહુલ નામનો વ્યક્તિ માસીના લઈ ગયા બાદ મંદિરે પૂજારી પાસે ૫.૧૦ લાખ પાટ પર મૂકાવી રાહુલના હાથમાં આપ્યા હતા. બાદમાં પૂજારીનો ભાઈ અને રાહુલ ઝઘડતા પૂજારીએ ચાકુ કાઢી અંદરોઅંદર ઝપાઝપી કરી હતી. ટોળું ભેગું થઈ જતા દિવ્યેશ તથા મિત્ર ત્યાંથી જતા રહ્યા હતા.

બાદમાં રાહુલે ફાગવેલ ઉભા રહો તમારા રૂપિયા આપું છું તેમ જણાવ્યું હતું. બે દિવસ બાદ ફોન કરવા છતાં રૂપિયા આપ્યા ન હતા. રાહુલે બતાવેલું મકાન અરવિંદભાઈ રમણભાઈ તળપદાનુ હોવાનું અને રાહુલ તથા પુજારીએ ખોટા નામ ધારણ કરી ડોલર આપવાના બહાને લુણાવાડાના વેપારી સાથે રૂપીયા ૫,૧૦,૦૦૦ લઈ છેતરપીંડી કરી હતી. આ બનાવ અંગે દિવ્યેશ ડબગરની ફરિયાદના આધારે ચકલાસી પોલીસે રાહુલ, પુજારી, અરવિંદ રમણ તળપદા તેમજ અજાણ્યા મોબાઈલ નંબર ધારક સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### ગુજરાત યુનિવર્સિટીમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્સ ચાલુ કરવાની માગણી

# સાત ખાનગી સ્કૂલને FRCએ ૫૦૦૦થી માંડીને ૨૫૦૦૦ સુધીનો દંડ ફટકાર્યો

### રૂબરૂ સુનાવણી દરમિયાન એવી વિગતો પણ જાહેર થઇ હતી કે, આગળના બે-ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષથી ફી ઉઘરાવી છે

।(એજન્સી) અમદાવાદ, તા.૨૪।

અમદાવાદ ઝોનમાં આવેલી ખાનગી સ્કૂલો પૈકી કેટલીક સ્કૂલો મંજૂરી વગર તોતિંગ ફી ઉઘરાવતી હોવાની ફરિયાદ બાદ હાલમાં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા ૭ સ્કૂલને રૂપિયા ૫ હજારથી લઈને ૨૫ હજાર રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવ્યો છે. ખાનગી સ્કૂલોની ફી નક્કી કરવા માટે રચવામાં આવેલી ફી કમિટી દ્વારા નિર્ધારિત કરાયેલી ફીના સ્લેબ કરતા ઓછી ફી વસૂલ કરનારી સ્કૂલોએ કમિટી સમક્ષ એફિડેવિટ કરવાની હોય છે. આજ રીતે વધુ ફી વસૂલ કરનારી સ્કૂલોએ દરખાસ્ત કરવાની હોય છે. ફી કમિટી દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં એવી વિગતો બહાર આવી હતી કે, કેટલીક સ્કૂલોએ ચાલુ વર્ષ માટે એફિડેવિટ કર્યા છે તેમાં



આગળના વર્ષમાં જે વિગતો રજૂ કરવામાં આવી હતી તેજ કરવામાં આવી હતી. રૂબરૂ સુનાવણી દરમિયાન એવી વિગતો પણ જાહેર થઈ હતી કે, આગળના બે-ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષથી ફી ઉઘરાવી છે. આ પ્રકારની ગેરકાયદે વધુ ફી ઉઘરાવનારી સ્કૂલો સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. કેટલીક સ્કૂલો એવી હતી કે, નિર્ધારિત સમયમાં એફિડેવિટ પણ રજૂ કરી નથી. આ પ્રકારની ગેરરીતિ બદલ ૭ સ્કૂલોને દંડ ફટકારાયો છે. જેમાં સૌથી વધુ રામોલની સત્ય એકેડેમિક ઈંગ્લિશ સ્કૂલ અને શ્રી શિવ શિશુ વિહાર સ્કૂલને ૨૫ હજાર રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બોપલની તેજસ વિદ્યાલય અને લિટલ બર્ડ સ્કૂલને ૧૦ હજાર રૂપિયાનો અને નરોડાની સાગર પ્રાથમિક શાળાને ૫ હજાર રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. આજ રીતે દરિયાપુરની જે.પી. પ્રાઈમરી સ્કૂલને ૮ હજાર અને વટવાની વિકાસ પ્રાથમિક શાળાને ૫ હજાર રૂપિયા દંડ કરવામાં આવ્યો છે. આજ રીતે ગાંધીનગરની સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ અને કચ્છની સૂર્યા વારસાની એકેડેમિક, ભૂજને ૧૫ હજાર રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીમાં ચાલતાં સ્પોર્ટસ કોમ્પ્લેક્સનું ખાનગીકરણ બંધ કરીને સ્પોર્ટસ સેલની રચના કરીને યુનિવર્સિટીએ આ સંકુલ ચલાવવું જોઈએ તેવી માગણી એબીવીપી દ્વારા કરવામાં આવી છે. તાજેતરમાં કુલપતિને આવેદન પત્ર આપીને એવી રજૂઆત કરવામાં આવી હતી કે,કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલું સ્પોર્ટસ સંકુલ પ્રાઈવેટ એજન્સીને સોંપી દેવામાં આવતાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેનો લાભ મેળવી શકતા નથી.

